# કોડિયું

વર્ષ : ૭૪ | સપ્ટેમ્બર : ૨૦૨૦ | અંક : ૦૨


## અનુક્રમણિકા


૦૧ જરા જાળવીને, બાળકોએ એમનાં સપનાં પાથર્યાં છે ..૫૦
- સર કેન રોબિન્સન

૦૨ આ ચૂપકીદી ખતરનાક છે. ..૫૩
- હિમાંશુકુમાર - અનુ. મોહન દાંડીકર

૦૩ ડૉ. પંકજ જોષી અને નેકેડ સિંગ્યુલારિટી ..૫૭
- અંકિત ખૂંટ

૦૪ ઉઘાડ તરફ... ..૫૯
- મિત્તલ બક્ષી

૦૫ હવે પાંજળાપોળ નહીં, એનિમલ હોસ્ટેલ ..૬૪
- નાનક ભટ્ટ

૦૬ કાર્તિકસ્વામી ..૬૬
- ભાણદેવજી

૦૭ ગુલઝાર અને ચાંદ : સંબંધ કોપીરાઈટનો ..૭૦
- ડો. જય મહેતા

૦૮ હોમવર્કમાં ડુંગર-વર્ક કરીને 'વાઈલ્ડ' કામ કરતાં કૃતાર્થને ઓળખો છો ? ..૭૩
- ભૌતિક લીંબાણી

૦૯ અજવાળીબા : પાતિવ્રત્ય ચડે કે માતૃત્વ ? ..૭૫
- ભરત ના. ભટ્ટ

૧૦ હસ્તીનો સળવળાટ ..૭૯
- શીલા વ્યાસ

૧૧ ભાવિમાં ટકી રહેવા માટે ..૮૦
- આર્નોલ્ડ ટૉયન્બી - અનુ. તખ્તસિંહ પરમાર

૧૨ ઉપર બેસો કે નીચે બેસો શું ફેર પડે ? ..૮૨
- મુકેશ પંડિત

૧૩ સંસ્થા સમાચાર ..૮૩
- પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**

ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
પ્રવીણ કુકડિયા
(મો. ૯૪૨૮૪૯૨૫૯૪)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

◆ **સૂચના** ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Acc No. 56016001739, IFSC Code : SBIN0060016
Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૧૫૦/- |
| ડિપોઝિટ યોજના | રૂ.૧૮૦૦/- |

## તંત્રી સ્થાનેથી...

૧૫ માર્ચ-૨૦૨૦ પહેલાં દુનિયાના ૩% લોકો ઓનલાઇન શિક્ષણનો લાભ લઈ રહ્યા હતા અને ૧૫ મે-૨૦૨૦ સુધીમાં તેમાં ૧૦૦૦%નો વધારો થયો ! આમ તો જગતની બધી જ ક્રાંતિઓ શિક્ષક અને શિક્ષણ જગતને જ આભારી છે. પણ આજે ઇતિહાસમાં પહેલી વખત એવું બન્યું છે કે શિક્ષણ-જગતમાં જ બહુ મોટી ક્રાંતિ આવી છે. આપણે સૌ સૈદ્ધાંતિક રીતે તો એમ માનતા જ હતા કે શિક્ષણના કેન્દ્રમાં વિદ્યાર્થી છે અને એટલે આપણી શૈક્ષણિક પદ્ધતિઓ વિદ્યાર્થી-કેન્દ્રી(Learner Centric) હોવી જોઈએ. પણ, આ કોરોના-મહામારીમાં જે લોકડાઉન થયું, તેમાં આખું શિક્ષણ જગત રૂપાંતરિત થયું અને બધી જ પ્રક્રિયાઓ વિદ્યાર્થીઓને ધ્યાનમાં લઈને રચવામાં આવી. અત્યાર સુધી ક્યારેય ન બન્યું હોય એવું બન્યું કે વિદ્યાર્થીને શિક્ષકને 'મ્યુટ' કરવાની સ્વતંત્રતા મળી !

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે Google Classroom, Coursera, Edx, Udemy, વગેરે શૈક્ષણિક મંચનો સારો એવો પ્રયોગ થયો અને એ દિશામાં હજુ વધુ ખેડાણ કરવાની જરૂર છે. ઓનલાઇન શિક્ષણે ભૌગોલિક સીમાઓ ભૂંસી નાંખી, એટલું જ નહીં; પણ શીખનારની ઉંમર, લાયકાત, જાતિ, કે અન્ય કોઈપણ પ્રકારની ઓળખને પણ એક ઝાટકે ખતમ કરી નાંખી. જેને શીખવું છે તેને માટે વિશ્વની ૧૨૦૦ કરતાં પણ વધુ યુનિવર્સિટીઓએ પોતાનાં દ્વાર ખોલી નાંખ્યાં છે, ત્યારે 'વિશ્વભારતી' બનવાના મનોરથ સાથે કામ કરતી લોકભારતી તેમાંથી કેમ બાકાત રહે ! લોકભારતીના 'ગાંધીભારતી'(આંતરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર) દ્વારા ઘણા બધા ઓનલાઇન કોર્સ વિશ્વ ફલક ઉપર મૂકવામાં આવી રહ્યા છે. આ પૈકીનો પ્રથમ ઓનલાઇન કોર્સ 'ગાંધિયન મેથડ્સ ટુ સસ્ટેનેબલ લીવિંગ એન્ડ હેપ્પીનેસ' ત્રણ મહિનાની અથાક જહેમત બાદ Udemy દ્વારા સ્વીકૃતિ પામ્યો છે. Udemy એ પાંચ કરોડ વિદ્યાર્થીઓ ધરાવતું, ૬૫ ભાષાઓમાં ૫૭,૦૦૦ શિક્ષકો દ્વારા ૧૯૦ દેશોમાં કાર્યરત એવું વિશ્વ વિખ્યાત ઓનલાઇન લર્નિંગ પ્લેટફોર્મ છે, જેના પર વિવિધ વિદ્યાશાખાઓના હજારો કોર્સ ઉપલબ્ધ છે. તેમાં હવે ગાંધીવિચાર આધારિત જીવનશૈલી પાયામાં હોય તેવો એક નવો કોર્સ શરૂ થયો છે. તારીખ ૨૧/૦૮/૨૦૨૦ના રોજ વિધિવત માન્યતા મેળવનાર આ કોર્સમાં માત્ર ૧૦ દિવસમાં જ ૭૦ દેશના ૪૫૦ વિદ્યાર્થીઓ જોડાયા છે અને આજે ગાંધી જીવનશૈલીના પાઠ ભણતા થયા છે.

આપણે આખરે લોક-શિક્ષણ દ્વારા સમાજ-ઉત્થાનનું કામ કરી રહ્યા છીએ ત્યારે આપણે સૌએ ઓનલાઇન શિક્ષણ ક્ષેત્રે વધારે ગંભીરતાથી વિચારવું પડશે. આમાં 'લોક' એટલે દુનિયાના કોઈપણ ખૂણામાં બેઠેલા એવા મનુજો, જેમને છેવાડાના માણસની ચિંતા છે અને તેને માટે યથાશક્તિ મથી રહ્યા છે. આવા 'લોક' સુધી આપણા વર્ષોના અનુભવો એમને સમજાય એવી ભાષા અને શૈલીમાં પહોંચવા જોઈએ. આપણે આપણી વિવેકબુદ્ધિ દ્વારા પ્રત્યક્ષ શિક્ષણ અને ઓનલાઇન શિક્ષણ બંનેનાં ઉત્તમ પાસાંઓનો સમન્વય કરીને જગતનું શ્રેષ્ઠ અને સત્ત્વશીલ જ્ઞાન સમાજને આપવાનું છે.

"શું ટેક્નૉલૉજી શિક્ષકનું સ્થાન લઈ લેશે ?" આ પ્રશ્નનો "હા" કે "ના" જવાબ આવે તેમ છે જ નહીં. પરંતુ, આપણે જો પેટા પ્રશ્ન પૂછીએ કે : "અહીંયા કેવા પ્રકારના શિક્ષકોની વાત થઈ રહી છે ?" તો જવાબ આપવો સાવ સરળ છે. જે શિક્ષકો માત્ર માહિતી પીરસનારા છે તેમનું સ્થાન જલ્દીમાં જલ્દી જો ટેક્નૉલૉજી લઈ લે તો જગતનું તો કલ્યાણ જ છે ! પણ, જે શિક્ષકો સર્જનશીલ છે, વિદ્યાર્થીઓમાં કૌતુક જગાડનારા છે અને જેઓ પોતે જ આજીવન વિદ્યાર્થીઓ છે તેમની પાસેથી ટેક્નૉલૉજીએ હજુ ઘણું શીખવાનું બાકી છે. આવા સર્જનશીલ શિક્ષકોની જેમણે આજીવન હિમાયત કરી એવા વિશ્વવિખ્યાત કેળવણીકાર સર કેન રોબિન્સન આપણી વચ્ચે હવે રહ્યા નથી પણ એમનાં પુસ્તકો અને વ્યાખ્યાનો આપણને સતત વલોવતાં રહે એ જ અભ્યર્થના.

— [signature]

## જરા જાળવીને, બાળકોએ એમનાં સપનાં પાથર્યાં છે

### સર કેન રોબિન્સન

kodiyusanosara@gmail.com

---

એલ્ગોરે ક્લાઈમેટ ક્રાઈસીસની વાત કરી છે; મારે પણ એક એટલી જ ગંભીર ક્રાઇસીસની વાત કરવી છે જે આપણા સૌ પર અત્યારે તોળાઈ રહી છે. જેમ ક્લાઈમેટ ક્રાઇસીસ કુદરતી સંસાધનોની છે એમ જ હું જે વિકરાળ સમસ્યાની વાત કરી રહ્યો છું, એ માનવ સંસાધનોની છે. હું એવા ઘણાં બધાં લોકોને મળું છું, જેમને પોતે જે કંઈ કરી રહ્યાં છે એમાં બિલકુલ આનંદ આવતો નથી ને બસ દિવસો કાપ્યે જાય છે. મોટા ભાગનાં લોકો આ પ્રકારનાં છે. સાથોસાથ હું એવા મનુજોને પણ મળું છું જેમને પોતે જે કામ કરી રહ્યાં છે, એમાં એવાં તો ઓતપ્રોત છે કે તેઓ એના સિવાયના કોઈપણ કામની કલ્પના જ કરી શકતા નથી. જો તમે એમને કહો કે "આ કામ કરવાનું બંધ કરી દો." તો એ લોકો કહેશે, "આ મારું કામ નથી, આ હું છું. મારી સૌથી પ્રમાણભૂત આત્મઓળખ આ જ છે." આવા લોકો લઘુમતીમાં છે. આવું શું કામ થાય છે? આપણે એનાં કારણો તપાસીએ ત્યારે ખ્યાલ આવે છે લોકોના રસ-રુચિ ઘડવામાં કેળવણીનો સિંહ ફાળો છે. કારણ કે શિક્ષણને લીધે જ ઘણાં લોકો તેમની કુદરતી પ્રતિભાથી વિખૂટા પડી જતાં હોય છે. કુદરતી સંસાધનોની જેમ ખરા માનવ સંસાધનો પણ 'ઊંડાં' હોય છે. એ કંઈ સપાટી પર ન મળે, તમારે ઊંડે જઈને એમને શોધી કાઢવા પડે. તમારે એવું ભાવાવરણ બનાવવું પડે કે જેમાં એમની કુદરતી પ્રતિભા ચમકી ઊઠે. શિક્ષણ દ્વારા આવું ભાવાવરણ સર્જી શકાય. પણ મોટા ભાગે એવું થતું નથી. દુનિયાની દરેક શિક્ષણ વ્યવસ્થા અત્યારે બદલાઈ રહી છે; પણ એ પૂરતું નથી. કારણ કે એ જૂનું ઘર રીપેર કરવા જેવું છે. એટલે અત્યારે સમગ્ર દુનિયામાં શિક્ષણમાં બદલાવ નહીં પણ ક્રાંતિની જરૂર છે.

શિક્ષણમાં સૌથી મોટી સમસ્યા પાયાનું સંશોધન-સર્જન માગે છે, જે ખૂબ જ અઘરું છે; કેમ કે એમાં એવું કરવું પડે જે લોકોને લગભગ સરળ ન લાગે. આવું કરવા માટે ઘણી બધી પરંપરાગત માન્યતાઓ અને 'આ વસ્તુ તો આમ જ હોય' એવા ખ્યાલોને ત્યાગવા પડે. આપણા કેટલા બધા ખ્યાલો આપણને એટલા બધા વ્હાલા લાગે છે કે આપણને એ નૈસર્ગિક લાગે છે. એટલે આપણા આવા વિચારો આ સદીની જરૂરિયાતોને પૂરક નથી પણ ગઈ સદીની જરૂરિયાતો માટે રચાયેલો જૂનો માલ છે. આપણા મન ઉપર આ જૂના માલનો એવો સુખદ કચરો છે કે આપણે એનાથી ઉબાતા નથી, પણ હવે સફાઈનો સમય પાકી ગયો છે.

આપણા શિક્ષણને લગતા જૂના ખ્યાલોમાં સૌથી મોખરે છે શિક્ષણમાં રહેલી ક્રમિક વ્યવસ્થા(Linearity); એટલે કે તમે અહીંથી ભણવાનું શરૂ કરો અને એક પછી એક ધોરણ પાસ કરતાં જાઓ એટલે બીજા છેડે નીકળી જશો, એટલે સૌ સારાંવાનાં થશે. પણ તમે જોયું હશે, સફળ-સાર્થક થયેલાં બધાં જ લોકો આના કરતાં જુદી વાત કરે છે. એ લોકો સમજાવે છે. જીવન આવું સીધી લીટીવાળું નથી પણ અનેક તાણાવાણાથી ગૂંથાયેલું એક અખંડ પોત છે. આપણે જેમજેમ જીવન-ઘટનાઓ સાથે પનારો પાડતા જઈએ છીએ તેમતેમ આપણી કુદરતી પ્રતિભા ઓપ પામતી જાય છે. પણ આપણને સીધી લીટીનું જાણે કે વળગણ જ છે. એમાં પણ આ સીધી લીટીનું સર્વોચ્ચ શિખર કોલેજ-શિક્ષણને માનવામાં આવે છે અને આપણી પીન ત્યાં ચોંટી ગઈ છે.

માનવ સમુદાય વૈવિધ્યસભર પ્રતિભાઓ પર નિર્ભર છે, નહીં કે સીધી લીટીના વિચાર પર. શિક્ષણમાં બીજી સમસ્યા છે કે આપણે 'યોગ્યતા'(Ability) અને 'બુદ્ધિ'(Intelligence)ને બરાબર સમજ્યા નથી. લોકો બાલમંદિરમાં પ્રવેશ અપાવા માટે પણ ૩ વર્ષના બાળકનું ઈન્ટરવ્યૂ લે છે ! કલ્પના કરો કે તમારી સામે ત્રણ વર્ષનું

બાળક બેઠું છે ને એના હાથમાં એનું રેઝ્યુમ હોય તો તમે શું કહો, "હમ.....તમે ૩૬ મહિનાથી આ પૃથ્વી પર આંટા મારો છો પણ તમારી કોઈ ઉપલબ્ધિ તો છે નહીં....અને આ શું છે ? તમે ૬ મહિના માત્ર દૂધ પીવામાં વેડફી નાખ્યા !!!" કેવો વાહિયાત વિચાર છે આ !

શિક્ષણની ત્રીજી સમસ્યા છે જડતાં(Conformity). આપણે આ શિક્ષણ વ્યવસ્થાને ફાસ્ટફૂડના મોડેલ જેવી બનાવી દીધી છે. ખાણીપીણીમાં બે પ્રકાર પડે છે : ૧) ફાસ્ટફૂડ કે જેમાં બધી જ વસ્તુઓ એક સમાન હોય, બધાની માત્રા એક અને સ્વાદપણ એક સરખો આવે અને ૨) વૈવિધ્યસભર ખાણું, જેમાં ખૂબ વૈવિધ્ય હોય અને ગ્રાહકને ગમે તેવું બનાવી આપવામાં આવે. આપણે આપણા શિક્ષણને ફાસ્ટફૂડ મોડેલને વેચી દીધું છે એટલે જેમ ફાસ્ટફૂડ આપણા શરીરને "ખાઈ" જાય છે એમ આપણું શિક્ષણ આપણા સામર્થ્ય અને આત્મા(Spirit)ને ખાઈ રહ્યું છે. આપણે એ સમજવું પડશે કે માણસની પ્રતિભામાં જબરદસ્ત વૈવિધ્ય હોય છે. એટલું જ નહીં પોતાની કુદરતી પ્રતિભાની ઓળખ માણસના ચિત્તને આનંદ અને સામર્થ્યથી ભરી દેતી હોય છે. અને તમને જે કામ ગમતું હોય એ જ તમે કરો તો તમે એમાં કુશળ બનશો અને એ કામ કરતી વખતે સમય ક્યાં જતો રહે, એનું ભાન પણ ન રહે; પાંચ કલાક, પાંચ મિનિટ જેવી લાગે અને જો તમને ન ગમતું કામ કરતા હો તો એ પાંચ મિનિટ પાંચ કલાક જેવી માથામાં વાગે. જે લોકો ભણવાનું છોડી દે છે એનું કારણ એ કે આપણું શિક્ષણ એમના મન અને ચિત્તને સંતૃપ્ત કરનારું નથી.

બાળક શાળા છોડી દે એ તો આપણને દેખાય છે પણ શાળામાં જે બાળકો નિયમિત કંટાળે છે અને શાળાનો એમને કોઈ જ ફાયદો થતો નથી એ આપણે જોઈ શકતા નથી. શિક્ષણમાં જેટલા વધારે વિકલ્પો એટલાં બાળકો વધુ ખીલી શકે; ગમે તેટલા અગત્યનાં હોય તો પણ માત્ર ગણિત-વિજ્ઞાન ભણાવવાથી તો તેઓ એકાંગી વિચારતા થવાના. મનુષ્ય જીવનને જે બાબત દોરે છે એ છે કુતૂહલતા. શું બાળકોની નૈસર્ગિક કુતૂહલતા જળવાઈ રહે તે માટે આપણે કંઈ કરીએ છીએ ? કૌતુક જ સિદ્ધિનું એન્જિન છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થાના પ્રાણ તેના શિક્ષકો હોય છે. એટલે એવું ક્યારેય ન બને કે શાળા સરસ હોય અને ત્યાંના શિક્ષકો સારા ન હોય ! એટલે શિક્ષકનો વ્યવસાય ખૂબ જ સર્જનાત્મક છે. એમાં એક હાથે ઉપાડીને બીજા હાથમાં મૂકવા જેવી "Delivery System" હોતી નથી. મહાન શિક્ષકો માહિતી આપ્યા બાદ ચિત્તને ઝંકારવાનું કામ પણ કરતા હોય છે. અંતે શિક્ષણમાં શીખવાની વાત મોખરે છે. આપણે જોયું છે કે કલાકો સુધી શિક્ષણ પર ચર્ચા કરનારાઓ શીખવાની વાત જ કરતાં હોતા નથી. એટલે લોકોને ભણતા કેમ કરવા એ જ શિક્ષણનો કેન્દ્રવર્તી વિચાર છે.

ઘણી વખત એવું બને કે તમે કોઈ પ્રવૃત્તિ સતત કરતા હો છતાં તેનું પરિણામ ન મળે, જેમ કે ડાયટીંગ !!! શિક્ષણનું પણ એવું જ છે. આપણે ઘણાંને બોલતા સાંભળીએ છીએ કે, "મેં ૩૦ વર્ષ સુધી ભણાવ્યું." પણ પ્રશ્ન એ છે કોઈને આવડ્યું ? અત્યારે આપણે ભણવા-ભણાવવા કરતાં પણ પરીક્ષાને કેન્દ્રમાં લાવી દીધી છે. પરીક્ષાઓ હોવી જોઈએ પણ આખી વ્યવવસ્થા માત્ર પરીક્ષા-પોષક બની જાય એ સમસ્યા છે. પરીક્ષાનું કામ નિદાન કરવાનું છે ! આપણે આપણા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કૌતુક અને કલ્પનાને બદલે પરીક્ષાની ઘરેડમાં ઢાળી રહ્યા છીએ. ફિનલેન્ડમાં જે જાદુ થયો તેનું કારણ એ છે કે એ લોકો પરીક્ષાના વળગણમાંથી નીકળીને સર્જનાત્મકતા, કુતૂહલતા અને પ્રતિભાના વૈવિધ્યને પોષક એવા ભાવાવરણને રચવામાં લાગી પડ્યા. હમણાં જ કોઈએ ફિનલેન્ડના એક માણસને પૂછ્યું કે તમારે ત્યાં "ડ્રોપ આઉટ" બાળકોનું તમે શું કરો છો ? તો એ માણસે કહ્યું કે "અમારે એકપણ બાળક ડ્રોપ આઉટ થતું જ નથી. કોઈને પણ કંઈપણ પ્રોબ્લેમ હોય તો અમે એની પાસે જઈને એની મદદ કરીને એના એ પ્રોબ્લેમનું નિવારણ લાવી દઈએ. એ શાળા છોડે જ શું કામ ?" આપણામાંથી ઘણાંને એવું થાય કે આપણે ફિનલેન્ડ જેવું ના કરી શકીએ કારણકે ત્યાંની વસ્તી ઓછી છે અને એ દેશ ખૂબ નાનો છે. પ્રશ્ન એ છે કે શું એક જિલ્લામાં કે એક તાલુકામાં એવા પ્રયોગો ન થાય ? આપણે ત્યાં કેન્દ્ર અને રાજ્ય સરકાર જ શિક્ષણના બધા નિર્ણયો લે છે. પણ આપણે એ ભૂલવું ન જોઈએ ભણવા-ભણાવવાનું કામ પાર્લામેન્ટ કે મીટિંગરૂમોમાં થતું હોતું નથી, પણ શાળાના વર્ગખંડોમાં શિક્ષકો અને

વિદ્યાર્થીઓ દ્વારા થાય છે. એટલે શિક્ષણને લગતા નિર્ણયોમાં એમની ભાગીદારી ન થાય તો આ આખી વ્યવસ્થા આંતરિક રીતે થંભી જાય.

શિક્ષણમાં સરકાર અને આગેવાનું કામ સૂચના આપવાનું નથી પણ શૈક્ષણિક પ્રક્રિયાઓ તેના સંપૂર્ણ સ્વરૂપે ખીલી ઊઠે તેવું ભાવાવરણ બને તે જોવાનું છે. તમે જો એવું કરી શકો તો લોકો તમારી ધારણા બહારનું પરિણામ લાવી દેખાડે.

મને લાગે છે કે હવે આપણે શિક્ષણ માટે એક નવા મોડેલની જરૂર છે. અત્યાર સુધીનું આપણું શિક્ષણ ઔદ્યોગિક મોડેલ જેવું રહ્યું છે જેમાં સીધી લીટીમાં મશીનો ઉત્પાદન કરે. પણ હવે આપણે જે શિક્ષણના જે મોડેલની જરૂર છે તે ખરેખર કૃષિના સિદ્ધાંતો પર રચાયેલું હોય. કારણ કે માણસને કારખાનામાં ઘડવાનો નથી પણ યોગ્ય ભાવાવારણમાં કેળવવાનો છે. પરિણામ કેવું મળશે એની આપણને ખબર નથી; આપણે તો બસ એક ખેડૂતની જેમ પ્રામાણિક પ્રયત્ન દ્વારા મનુષ્યરૂપી બીજ અંકુરિત થાય એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનું છે. લોકો પોતાની સમસ્યાઓ જાતે ઉકેલતા થાય એવું શિક્ષણ એમને આપવાનું છે. અનેક ક્ષેત્રોમાંથી ધડો લઈને શિક્ષણને નવેસરથી રચવું પડશે. બીઝનેસ, મલ્ટીમીડિયા, ઇન્ટરનેટ વગેરેનો ઉપયોગ કરીને શિક્ષકોની કુદરતી પ્રતિભાને વધારે બળવત્તર બનાવવાની છે. તો અને તો જ શિક્ષણમાં ક્રાંતિ આવશે. મારી આપ સૌને આ ક્રાંતિમાં જોડાવા માટેની અરજ છે; ચાલો આપણે સૌ ઔદ્યોગિક મોડેલ કરતાં કૃષિના નૈસર્ગિક મોડેલને અપનાવીએ, જેથી બાળકોમાં રહેલી કદરતી પ્રતિભાઓનું વૈવિધ્ય કોળી ઊઠે. કવિ શ્રી ડબલ્યુ. બી. યેટ્સની એક કવિતા છે જેમાં પ્રેમી તેની પ્રેમિકાને કહે છે, ‘‘I have spread my dreams under your feet; Tread softly because you tread on my dreams.’’ આપણે પણ જરા જાળવીને પગ મૂકવાનો છે કેમ કે આપણાં બાળકોએ એમનાં સપનાં આપણી સામે પાથર્યાં છે.

(સર કેન રોબિન્સને આપેલાં બે TED વ્યાખ્યાનોમાંથી)

★

**શ્રી યશવંતભાઈ ત્રિવેદી સ્મૃતિગ્રંથ**

સ્નેહી ભાઈશ્રી, બહેનશ્રી,

લોકભારતીના ભૂતપૂર્વ અધ્યાપક, મુખ્ય ગૃહપતિ, ઉપનિયામક અને નિયામકશ્રી યશવંતભાઈ ત્રિવેદીનો સ્મૃતિગ્રંથ તૈયાર કરવાનું આયોજન કરેલ છે.

તેમના પરિચયમાં અને નિકટ આવેલાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો, કાર્યકરો, મિત્રો, શુભેચ્છકો અને સ્વજનોના સ્મૃતિ-સંવેદનો સ્મૃતિગ્રંથમાં સમાવવાની અપેક્ષા છે.

આપનાં સ્મૃતિ-સંવેદનો લેખ સ્વરૂપે ૨૫, સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધીમાં લખી મોકલશો એવી નમ્ર વિનંતી છે.

શ્રી યશવંતભાઈ સાથેના ફોટા, પત્રો વગેરે હોય તો પણ મોકલશોજી. ઉપયોગ કરીને પરત કરીશું.

| **પરામર્શકો** | **સંપાદકો** |
|---|---|
| ૧. શ્રી મનસુખભાઈ સલ્લા | ૧. શ્રી પ્રવીણભાઈ ઠક્કર |
| ૨. શ્રી રમેશભાઈ સંઘવી | ૨. શ્રી હર્ષદભાઈ ઉપાધ્યાય |
| ૩. શ્રી પ્રતાપભાઈ ત્રિવેદી | ૩. શ્રી મોહનભાઈ મઢીકર |
| ૪. શ્રી ચૈતન્યભાઈ અ. ભટ્ટ | ૪. શ્રી નિખિલ ત્રિવેદી |

**સંદેશા વ્યવહાર**

ઉષા ત્રિવેદી, મો. ૯૪૦૮૮૨૬૧૫૨, ઈલા ત્રિવેદી, મો. ૯૯૧૩૨૧૮૩૮૩

ઈ-મેલ : simplyabhai21@gmail.com

## આ ચૂપકીદી ખતરનાક છે.

**હિમાંશુકુમાર - અનુ. મોહન દાંડીકર**

---

છત્તીસગઢમાં એક છોકરી મારી પાસે આવી, સોનિયા ભાસ્કર. મેં એને પૂછ્યું - શું થયું ? ત્યારે એણે કહ્યું કે મારા ગામમાં સી.આર.પી.એફ.એ મારો ચોટલો રસ્સીથી પોતાના પગ સાથે બાંધ્યો અને પછી મારા ગામની ગલીઓમાં મને ઘસડી. પછી મને મારતાં મારતાં પોલીસ ચોકીએ લઈ ગયાં. ત્યાં ૧૫ પુરુષોની સાથે ૨૪ કલાક સુધી મને કાચી જેલમાં રાખી. મેં સોનિયાની વાતનું વીડિયો રેકોર્ડિંગ કર્યું અને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષને એ બતાવ્યું. હું એ છોકરીને ન્યાય તો ન અપાવી શક્યો પણ આદિવાસીઓને ખબર તો પછી પડી કે પોલીસની ફરિયાદ ક્યાં કરી શકાય. જો તમારી ઉપર કોઈ હુમલો કરે તો તમે પોલીસને ફરિયાદ કરો છો પણ પોલીસ જ હુમલો કરે તો ? બે વિકલ્પો હતા, એમની પાસે - કાં તો અમારી સંસ્થા પાસે આવે, કાં તો નકસલવાદીઓ પાસે જાય. નકસલવાદી લોકઆંદોલન હંમેશાં ન્યાય કરતું હતું. અમે લોકો સરકારી સ્તરે રસ્તો કાઢતા હતા, અમારી સંસ્થા જે સરકારી આંખોના તારા સમાન હતી, ત્યાં આદિવાસીઓ પોલીસો અને સરકારી ફરિયાદો લઈને આવવા લાગ્યા. મેં મારાં પત્નીને કહ્યું કે જુઓ, અત્યાર સુધી તો આપણી સંસ્થા ખૂબ સારી રીતે ચાલે છે, ખૂબ પ્રતિષ્ઠા છે આપણી, પૈસો છે, ખ્યાતિ છે; પણ જો આપણે આ સોનિયા ભાસ્કરનો પ્રશ્ન હાથમાં લઈશું તો બધું જ ખતમ થઈ જશે. મારાં પત્નીએ કહ્યું કે તમે તમારી જાતને ગાંધીવાદી સમાજસેવક કહો છો અને આ છોકરી તમારી મદદ માગી રહી છે, ત્યારે તમે વિચારમાં પડી ગયા ! બસ, પછી તો અમે સોનિયાનો પ્રશ્ન હાથમાં લીધો. અમે એ અધિકારીઓને મળ્યા અને કહ્યું કે જુઓ, આવું બધું થઈ રહ્યું છે, તેઓ ભલા ક્યાં કંઈ સાંભળે એવા હતા. કહ્યું કે સરકારનો આદેશ હતો, અમે મીડિયામાં વાત ચલાવી એનાથી સરકાર થોડી પરેશાન તો થઈ, પણ કશો ફરક ન પડ્યો. પછી અમે અદાલતમાં પ્રશ્ન લઈ ગયા, ત્યાં સરકારે પલ્લું બદલી નાખ્યું - તમારો આશ્રમ ગેરકાયદેસર છે !

આ હજુ ચાલતું જ હતું ત્યાં એક બીજો બનાવ બન્યો. એક ગામની ૧૯ છોકરીઓને પોલીસોએ પકડી અને અલગ અલગ જગ્યાએ લઈ જઈને બળાત્કાર કરીને ચાકૂ મારી દીધું. છોકરાઓને લાઈનમાં ઊભા રાખીને ગોળી મારીને ઊડાવી દીધા. જ્યારે પૂછવામાં આવ્યું કે કેમ માર્યા આ લોકોને ? પોલીસોએ કહ્યું કે એ બધાં 'એનકાઉન્ટર' હતા. મેં પૂછ્યું - એ બધા આદિવાસીઓએ કેટલા ગાળીબારો કર્યા ? પોલીસોએ કહ્યું કે અંધાધૂંધ ! તમે કેટલા કર્યા ? એમણે કહ્યું કે અમે ૨૫ ગોળીબાર કર્યા. મેં કહ્યું કે એમણે અંધાધૂંધ ગોળબાર કર્યા અને એક પણ પોલીસને ગોળી ન વાગી. અને તમે ૨૫ ગોળબાર કર્યા, તેમાં ૧૯ લોકો માર્યા ગયા ? પોલીસોએ સાબિતીમાં ૫ બંદૂકો બતાવી. એનાં બેટલમાં એવાં કાણાં હતાં કે તેનાથી ગોળીબાર થઈ જ ન શકે. પછીથી અમને ખબર પડી, એમની પાસે આવી ૫-૭ બંદૂકો છે, જે તેઓ વારંવાર બતાવ્યા કરે છે. અમે કહ્યું : ૨૦૦૦માં છત્તીસગઢ બન્યું. ત્યારથી દિવસના અજવાળામાં આવા કેટલા ગોળીબાર થયા છે, જેમાં એક પણ પોલીસને ગોળી નથી વાગી ? તેમાં જે પકડાયા છે તેની યાદી અદાલતમાં રાખવામાં આવે, પોલીસો ગભરાઈ ગયા. પછી તો વાર્તા એટલી બધી બદલાઈ ગઈ કે જેને ન અમે સમજી શક્યા, ન ઉકેલી શક્યા ! બુલડોઝરો, એન્ટીલેન્ડ માઈન્સ, મશીનગન સાથેની જીપો લઈને અમારા આશ્રમને ઘેરી લીધો. આશ્રમમાં હૉસ્પિટલ હતી, ઑફિસ અને ટ્રેનિંગ સેન્ટર હતું. આદિવાસીઓ માટે ધરમશાળા હતી. સેંકડો યુવાનો સાથેનું પોલીસનું ધાડિયું અને હથિયારોએ બે કલાકમાં અમારા ૧૭ વરસ જૂના આશ્રમને ખેદાનમેદાન કરી નાખ્યો. અમે કહ્યું : ભલે, આ તો લડાઈ છે ! અમે તમારી ઉપર ઘા કર્યો હતો, તમે અમારી ઉપર વળતો ઘા કર્યો ! અમે ભાડાનું એક ઘર લીધું અને અમારું કામ ફરી ચાલુ કર્યું.

આ બધું ચાલી રહ્યું હતું, ત્યાં તત્કાલીન ગૃહપ્રધાન ચિદંબરમ સાહેબે એક નિવેદન આપ્યું કે જો નકસલવાદીઓ

હિંસા છોડી દે અને મને ૭૨ કલાકનો સમય આપે તો હું શાંતિ સ્થાપી શકું છું. એમણે એક ઈન્ટરવ્યૂમાં એમ પણ કહ્યું કે હિમાંશુકુમાર જો મને બોલાવે તો હું જાહેર સુનાવણીમાં આવીને આદિવાસીઓ સાથે વાત કરવા ઈચ્છું છું. મને દિલ્હી બોલાવ્યો. તમે ચિદંબરમ સાહેબને અને રાહુલ ગાંધીને મળો, જ્યારે હું રાહુલ ગાંધીને મળ્યો ત્યારે એમણે મને પૂછ્યું કે આદિવાસીઓ અમારાથી દૂર કેમ જઈ રહ્યા છે ? મેં એમને મજાકમાં કહ્યું કે તમારે બ્રાહ્મણોની જેમ કરવું જોઈએ. એમણે બુદ્ધની સાથે જે વ્યવહાર કર્યો હતો તેવો વ્યવહાર કરવો જોઈએ. એમણે કહ્યું કે એનો મતલબ ? મેં કહ્યું કે બુદ્ધ જ્યારે બ્રાહ્મણવાદની વિરુદ્ધ ઊભા રહ્યા હતા ત્યારે બ્રાહ્મણોએ મોટી ચાલાકી કરી હતી. એમણે ઘોષણા કરી દીધી કે બુદ્ધ તો વિષ્ણુના દશમા અવતાર છે. એમણે બુદ્ધનું અપહરણ કર્યું છે, પોતાના ધર્મમાં. પછી બૌદ્ધધર્મ આખી દુનિયામાં ફેલાયો. એટલે તમે પણ કહો કે આ નકસલવાદીઓ અમારા મિત્રો છે. એમણે અમને લોકતંત્રની ખામીઓ બતાવી છે. હવે લોકોએ અમને ચૂંટ્યા છે. તમે લોકતંત્રની જે ખામીઓ છે તે દૂર કરો. જ્યારે હું ચિદંબરમ સાહેબને મળ્યો ત્યારે એમને મેં કહ્યું કે જુઓ, પ્રત્યેક નકસલવાદી પાસે બે હથિયાર હોય છે. એમના એક ખભા પર ઝોલિયો હોય છે. જેમાં પુસ્તકો હોય છે; માર્ક્સનાં, લેનિનનાં, માઓનાં. બીજા ખભા પર બંદૂકો હોય છે. જ્યારે શાંતિકાળ હોય છે ત્યારે તેઓ ઝોલિયામાંથી પુસ્તકો કાઢીને વાંચે છે અને લોકોને વાંચવા-વંચાવવા આપે છે. અને જેવા સામે દુશ્મનો દેખાય એટલે તરત જ બંદૂક કાઢીને લડવા માંડે છે. સરકારની પાસે માત્ર બંદૂક છે. વિચાર નથી. એટલે હું તમને આમંત્રણ આપું છું. તમે આવો, અને આદિવાસીઓની સાથે વાત કરો. ચિદંબરમ સાહેબે જવાબ આપ્યો કે હું ૭ મી ફેબ્રુઆરીએ આવીશ. મેં કહ્યું કે તમને છત્તીસગઢના મુખ્યપ્રધાન રોકે તો નહિં ને ? એમણે કહ્યું - અરે ભારતના ગૃહપ્રધાનને કોણ રોકે ? હું પાછો આવતો રહ્યો અને મેં મારા કાર્યકર્તાઓને કહ્યું કે ભાઈઓ, ગામેગામ જઈને કહી દો કે ભારતના ગૃહપ્રધાન આવી રહ્યા છે.

મેં ચિદંબરમ સાહેબને એક સી.ડી. આપી. એ સીડીમાં બે બનાવોની ચર્ચા હતી. એક ગામ હતું ગોપાંડ. જેમાં ૧૯ આદિવાસીઓને સી.આર.પી.એફ.ની કોબરા બટાલિયને તલવારોથી કાપી નાખ્યા હતા. ૮૦ વરસના એક વૃદ્ધનું પેટ ચીરી નાખ્યું હતું. અને ૭૦ વરસની એક મહિલાનાં બન્ને સ્તનો કાપી નાખ્યાં હતાં. દોઢ વરસના એક છોકરાના બન્ને હાથો કાપી નાખ્યા હતા. માના ખોળામાં સૂતેલા એક બાળકના માથામાં ચાકૂ મારી દીધું હતું. ૮ વરસની એક બાલિકા અને એનાં દાદા-દાદીને મારી નાખ્યાં હતાં. એ સી.ડી. લઈને અમે સુપ્રીમ કોર્ટ ગયા હતા.

ગૃહપ્રધાનને મેં કહ્યું કે જાહેર સુનાવણી વખતે હું આ લોકોને હાજર કરીશ. પોલીસોએ સુપ્રીમ કોર્ટમાં ગોપાંડ કાંડના અરજદારની ધરપકડ કરી. હવે એ કેસમાં હું એકલો જ અરજદાર હતો. બીજો કેસ હતો એક ગામની ચાર છોકરીઓ. જેમની સાથે પોલીસોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. એ છોકરીઓ જ્યારે પોલીસચોકીએ ગઈ ત્યારે પેલા નરાધમો ત્યાં જ બેઠા હતા. એ છોકરીઓ અમારી પાસે આવી. અમે એસ.પી.ને આખો પ્રશ્ન લખીને મોકલ્યો. કોઈ જવાબ નહિ. પછી અમે ખાનગી ફરિયાદ દાખલ કરી. પોલીસોએ કહ્યું કે આ પ્રશ્નના આરોપી પોલીસો અમને મળતા નથી. ત્યારે એ બધા એ જ પોલીસચોકીમાં રહેતા હતા. હવે તેઓ નવા નવા જુલમો કરી રહ્યા છે, ગામે ગામ આગ લગાડી રહ્યા હતા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ આના ફોટા છાપ્યા હતા, મૃખ્યપૃષ્ઠ પર. અને લખ્યું હતું કે આ લોકો ફરજ પર પણ છે અને ફરાર પણ છે. ગૃહપ્રધાનને આ ખબર છે. તેઓ મુખ્ય પ્રધાનને કહે છે, ત્યારે આખું રાજતંત્ર બળાત્કારીઓને બચાવવાના કામમાં લાગી જાય છે. અમને ખબર હતી, એ છોકરીઓ સામે આવશે. એટલે ૪૦૦ પોલીસો બળાત્કારી પોલીસોની સાથે એ ગામમાં જાય છે અને એ છોકરીઓને ઉપાડી લાવે છે, પાંચ દિવસ સુધી એમની સાથે ફરીથી બળાત્કાર થાય છે. પછી એમને બાજુના ગામના ચોરા પાસે ફેંકી દેવામાં આવે છે. પોલીસોએ એમને એમ પણ કહ્યું છે જો ફરી પાછી હિમાંશુકુમારની પાસે ગઈ છો તો તમારા આખા ગામને ફૂંકી મારશું.

આ અતિ શરમજનક બનાવ પછી હું એ ગામમાં ગયો, મુંબઈની પત્રકાર પ્રિયંકા અને જાવેદ પણ સાથે હતાં. એ છોકરીઓએ મને કહ્યું કે તમે અમને કહ્યું હતું : સામે આવો, કાનૂન-સંવિધાન છે, હિંમત કરો. અવાજ ઊઠાવો, ડરો નહિ. અમે એ બધું જ કર્યું, પણ થયું શું ? તમે અમને બચાવી પણ ન શક્યા. મને એમ થયું કે હું એમને વધુ જોખમમાં મૂકી રહ્યો છું. મારો જે વિશ્વાસ હતો કાયદા પર

અને સંવિધાન પર તે હવે ડગી ગયો હતો. આદિવાસીઓ પોતાનું સ્વમાન, પોતાનું જીવન અને પોતાની જીવિકા નહિ બચાવી શકે. રાજસત્તા, મીડિયા અને અદાલત બધાં જ એમની વિરુદ્ધ છે. કશું જ રહેવા નથી દીધું આપણે. આદિવાસીઓ પોતાની દીકરીઓને કઈ રીતે બચાવે? લડવું અને લડતાં લડતાં મરી જવું! તે સિવાય નથી કોઈ રસ્તો કે નથી તો અમે કંઈ સૂચવી શકીએ તેમ છીએ. આ બનાવના ત્રણ દિવસ પછી ચિદંબરમ સાહેબ આવવાના હતા. તે વખતે મારા આશ્રમમાં એક બહેન રહેતી હતી. તે ગોપાંડ ગામની હતી. એના હાથમાં ગોળી મારવામાં આવી હતી. એનાં હાડકાં તૂટી ગયાં હતાં. અમે એને હૉસ્પિટલ લઈ ગયા. એના હાથમાં સળિયો નાખીને ડૉક્ટરે કહ્યું કે એને ફરી લાવજો. એને લઈને હું ૪ જાન્યુઆરીએ દિલ્હી ઊપડ્યો. ચિદમ્બરમ સાહેબ ૭મીએ આવવાના હતા. રસ્તામાં પોલીસોએ અમારી ગાડી રોકી અને પેલી બહેનનું અપહરણ કરવામાં આવ્યું. સાંજનાં છાપામાં એવા સમાચાર છપાયા કે હિમાંશુકુમારે એ છોકરીનું અપહરણ કર્યું છે. અને ફરાર થઈ ગયો છે. પણ પોલીસો એને શોધી કાઢશે.

બીજે દિવસે સવારે મારી પાસે મારા એક સાથીદાર આવ્યા. એમણે કહ્યું કે કલાકેક પછી પોલીસો તમારા ઘર પર હુમલો કરવાના છે અને આજે રાત્રે તમને મારી નાખવાના છે. હું તો મારી દીકરી અને પત્નીને લઈને ભાગું છું. તમે પણ ભાગી જાવ. કલાકેક પછી પોલીસોએ એમના ઘર પર હુમલો કર્યો. એમની મોટર સાયકલ ઉપાડી ગયા. ટી.વી. તોડી નાખ્યું તે દિવસે રાત્રે મને મારી જ નાખવાના હતા. મને થયું કે મારા સાથીદારો જેલોમાં છે. એમના ઘરોમાં પોલીસો પહોંચી ગયા છે. મારા સૌથી નિકટના આદિવાસી નેતાને ચિદંબરમ્ સાહેબ મને મળી ગયા તે પછી માનવાધિકારને દિવસે જ પોલીસો પકડી લઈ ગયા. હાઈકોર્ટના વકીલ એમની પાછળ પાછળ ગયા. થાણેદારે કહ્યું કે વકીલ સાહેબ, આજ સુધી કોઈ વકીલે હિંમત નથી કરી કે થાણેદારની સાથે વાત કરે. અને તમે છેક થાણાની અંદર આવી ગયા. એમણે પોલીસોને કહ્યું કે એમને પણ પકડી લો, અને બન્નેને નગ્ન કરીને ઊંધે માથે લટકાવી દો. આખી રાત એમને મારવામાં આવ્યા પછી હત્યા અને અપહરણના જૂઠા કેસમાં અઢી વરસની જેલની સજા કરવામાં આવી. સવારે વકીલ સાહેબ પાસે લખાવી લીધું કે મારી સલામતી માટે હું રાત્રે થાણામાં રોકાઈ ગયો હતો. સવારે સહીસલામત પાછો જાઉં છું. તેઓ મારી પાસે આવ્યા. ત્યારે એમનું શરીર સૂજી ગયું હતું. એ ફોટો આજે પણ મારી પાસે છે. આજ સુધી એમની એફ.આર.આઈ. પણ દાખલ નથી થઈ. તેમ ન તો એ થાણેદાર વિરુદ્ધ કોઈ કાર્યવાહી થઈ. આદિવાસીઓના સેંકડો કેસો અદાલતોમાં પડ્યા છે. મેં વિચાર્યું અને પછી મને એવું લાગ્યું કે આજે મરવું ઠીક નહિ. અહીંથી ભાગવું જોઈએ અને લડાઈ ચાલુ રાખવી જોઈએ. એટલે મેં મારું વલણ બદલી નાખ્યું અને અડધી રાતે પાછળની દીવાલ કૂદીને ટેક્સી લઈને ભાગી છૂટ્યો. પછીથી મને ખબર પડી કે મારી વિરુદ્ધ લગભગ ૧૦૦થી વધુ વોરંટ છે.

મારી વિદ્યાર્થિની અને સાથીદાર સોની સોરી અને એમના ભત્રીજા લિંગા કોડોપીએ મારી ગેરહાજરીમાં ત્યાં અવાજ ઊઠાવવાનું શરૂ કરી દીધું હતું. પહેલાં લિંગા કોડોપીને બનાવટી પ્રશ્નમાં પકડીને લઈ ગયા. અને નગ્ન કરીને અકલ્પનીય રીતોથી ત્રાસ આપવામાં આવ્યો. એમનાં આંતરડાં સુદ્ધાં ફાટી ગયાં. આજ સુધી એમને રક્તસ્ત્રાવ થયા કરે છે. કેટલાંય ઓપરેશનો કર્યા પણ કંઈ ફેર પડતો નથી. પછી સોની સોરીને પોલીસચોકીએ લઈ ગયા. અને એને કહ્યું કે તમે લખીને આપો કે અરુંધતી રૉય, પ્રશાંત ભૂષણ અને હિમાંશુકુમાર આ બધા જ નકસલવાદીઓના શહેરી નેતા છે. સોની સોરીએ એમ કરવાની ના પાડી દીધી. બસ, પછી તો પોલીસોને આદેશ આપવામાં આવ્યો કે સોનુ સોરીને નિર્વસ્ત્ર કરો. પોલીસોએ એને નિર્વસ્ત્ર કરી દીધી. એસ.પી.ના આદેશથી એને વીજળીના ઝાટકા આપવામાં આવ્યા. એનાં ગુપ્તાંગોમાં પથરા ભરવામાં આવ્યા. એ બેભાનાવસ્થામાં જીપમાં પડી રહી. મેજિસ્ટ્રેટે એને જોવાની પણ દરકાર ન લીધી. જ્યુડિસિયલ રિમાન્ડ આપીને એને જેલમાં મોકલી દીધી. અમે લોકોએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી. અમે કહ્યું કે છત્તીસગઢની બહાર એની તપાસ કરાવવામાં આવે. એટલે કલકત્તા એન.આર.એસ. હૉસ્પિટલમાં એની મેડિકલ તપાસ કરવામાં આવી. એના શરીરમાંથી પથ્થરના ટુકડા કાઢ્યા અને એ સુપ્રીમકોર્ટના ટેબલ પર મૂકવામાં આવ્યા. આ વાતને આજે સાત વરસ થયાં પણ સુપ્રીમ કોર્ટની હિંમત નથી કે એક એસ.પી.ની વિરુદ્ધ એફ.આર.આઈ. દાખલ કરે. કેમ? કેમ કે ભારતના વિકાસનું એ મૉડેલ છે. જે બંદૂકના જોરે જ ચાલી શકે છે.

આઝાદી પછીથી આજ સુધી વિકાસનો એકેય પ્રોજેક્ટ પોલીસ અને બંદૂકની ગોળી વિના નથી થયો. જો આપણે અદાલતોને અને પોલીસોને જેલોમાં પૂરી દેશું તો શહેરી લોકોનો વિકાસ કેવી રીતે થશે ? વિકાસનો આ મૉડેલ ગરીબોની સાથે વાતચીત કરીને ચાલી જ ન શકે. એને પોલીસ અને બંદૂકના જોરે જ સ્થાપી શકાય. પણ સુપ્રીમકોર્ટ એક અપરાધી પોલીસ અધિકારીને જેલમાં પૂરી દેવાની હિંમત કેવી રીતે કરે ?

છેલ્લાં સાત વરસથી સોની સોરીનો કેસ લબડ્યા કરે છે, સુપ્રીમ કોર્ટમાં. એ પોતાને માટે લડી રહી છે અને બીજાઓને માટે પણ લડી રહી છે. સરકારને માટે એક પડકારરૂપ બની ગઈ છે. મારે એમની સાથે વાત થઈ ત્યારે એણે મને કહ્યું કે સલવા જુડુમ ફરીથી આવી રહ્યું છે. હમણાં થોડા મહિના પહેલાં નવાં ગામો બાળી નાખવામાં આવ્યાં છે. સ્ત્રીઓને મારવામાં આવી છે. સુરક્ષાબળવાળા આદિવાસીઓના મહુડાને અને અનાજ ભરવા માટેનાં ટોપલાંને કુહાડીથી ફાડી નાખે છે. એમનું અનાજ આમતેમ ફેંકી દે છે. ગોળીઓ ચલાવીને એમની ગાયોને અને બકરીઓને જંગલમાં ભગાડી દે છે. તેઓ લોકોને ધમકી આપે છે. ગામ છોડીને ભાગી જાવ. નહિતર તમારી ગરદન ઉડાવી દેશું. આદિવાસીઓને સાંભળનાર હવે કોઈ બચ્યું નથી. હવે ન તો વિનાયક સેન છત્તીસગઢ જઈને કામ કરી શકે છે કે ન તો વકીલ ઈશા ખંડેલવાલ ત્યાં મફત કાનૂની સહાય આપવા જઈ શકે છે. ડી.જી.પી. પૂરી નિર્લજ્જતાથી કહે છે કે અમે વકીલોને બસ્તરમાંથી એટલા માટે કાઢી મૂક્યા કે તેઓ માઓવાદીઓને કાનૂની મદદ કરે છે. કોણ છે માઓવાદીઓ ? પોલીસો જેને કહી દે કે આ માઓવાદી છે એ ? મને પણ માઓવાદી કહેવામાં આવ્યો ! તો હવે પોલીસ અદાલત ફેંસલો કરશે કે હું માઓવાદી છું કે નહિં ? મારે આ આરોપ ફગાવી દેવા માટે વકીલની જરૂર પડશે. અને તમે મારા વકીલને ભગાડી દો છો, મારો છો, તો હું કેસ કેવી રીતે લડીશ ? હું ન્યાય કેવી રીતે મેળવીશ ? શું પોલીસોએ કે અદાલતે એ ન કહેવું જોઈએ કે તેઓ ન્યાયિક પ્રક્રિયામાં વિઘ્ન ઊભું રહ્યા છે ? આ જુલમ છે, કોર્ટે એની નોંધ લેવી જોઈએ. પણ નથી લેતી. પાંચ પત્રકારોને જેલમાં પૂરી દીધા છે. સોની સોરીની ઉપર બીજીવાર તેજાબ નાખવામાં આવ્યો છે. હૈદરાબાદ હાઈકોર્ટમાં સત્યશોધક આખેઆખી ટીમને જેલમાં પૂરી દીધી છે. નગ્ન કરીને એમને જેલમાં ફેરવવામાં આવ્યા જેથી લોકો ડરી જાય અને સત્ય શોધવા કોઈ ન આવે. આદિવાસીઓને મદદ કરવા માટેના તમામ રસ્તા બંધ કરી દેવામાં આવે છે. કાનૂન, મીડિયા વ્યવસ્થા તમામને બંધ કરીને આદિવાસીઓનો જનસંહાર કરવામાં આવે છે. એવું લાગે છે કે આ જાણે સો વર્ષ જૂના કોઈ દૂર દૂરના દેશની વાત છે. કોઈ સુદાન કે કોઈ પાકિસ્તાનની. પણ આ તો આપણી જ વાત છે. આપણી સરકાર અને આપણા દેશમાં આ થઈ રહ્યું છે. આપણે આપણને ઘણા વિકસિત, લોકતાંત્રિક, મહાન સંસ્કૃતિના વાહક કહીએ છીએ. અને આપણી જ સેનાઓના માધ્યમથી આપણા જ દેશના કરોડો લોકોની હત્યા કરી રહ્યા છીએ ! આ ઘણી બેચેન કરનારી, સહન ન થાય તેવી સ્થિતિ છે. પણ દેશમાં જેટલી બેચેની દેખાવી જોઈએ તેટલી દેખાય છે ક્યાંય ? હું પ્રયત્ન કરું છું, આ બેચેની ફેલાય. જે આગ બસ્તરમાં લાગી છે તે દેશના લોકોને, આપણા વિવેકને સ્પર્શે, ઢંઢોળે. તમે કહેશો કે આ તો હિમાંશુજીનો સંઘર્ષ છે. ના, મારો સંઘર્ષ નથી. આ સંઘર્ષ તો બસ્તરના લોકો કરી રહ્યા છે. આપણે એમને વિશે વધુમાં વધુ વાતો કરવી જોઈએ. લખવું જોઈએ. સમાજ જેટલો વધુ જાગૃત હશે, અવાજ જેટલો બુલંદ કરશે, સરકાર એટલી વધુ ડરશે. સમાજ જેટલો ચૂપ રહેશે, સરકારની હિંમત એટલી વધશે. આપણે સૌ આ ખતરનાક વાત બરાબર યાદ રાખીએ. જો આપણે સરકારને છત્તીસગઢમાં આ બધું કરવાની છૂટ આપી દીધી તો કાલે આ જ સરકાર તમારી સાથે પણ એ જ કરશે.

હમણાં યુ.પી.માં એન્ટીરોમિયો સ્ક્વૉર્ડ બનાવવામાં આવી છે. ઉત્તરપ્રદેશનું એ સલવા જુડુમ જ છે. ગુંડાઓને છૂટ આપવામાં આવી છે. તેઓ કોઈપણને, ક્યાંય પણ, પકડી શકે અને મારી શકે. હરિયાણામાં ગૌરક્ષકોને જે પરિચય પત્રો આપવામાં આવ્યા છે, એ પણ સલવા જુડુમ જ છે. એટલે જ્યાં ક્યાંય પ્રશાસન, પોલીસો, સરકાર, સંવિધાન, કાનૂન, માનવાધિકારોને કચડે, તરત એને પડકાર આપવો જોઈએ. એને ત્યાં જ અટકાવી દો, ત્યાં જ અવાજ ઊઠાવો. એક વ્યક્તિના માનવાધિકારનું હનન કરવું, ભારતના પ્રત્યેક નાગરિકના માનવાધિકારનું હનન છે.

(૨, ઑક્ટોબર-૧૯ને દિવસે ગાંધીશાંતિ પ્રતિષ્ઠાન, દિલ્હીની વાર્ષિક વ્યાખ્યાનમાળામાં અપાયેલું વ્યાખ્યાન)

## ૦૩. વિજ્ઞાન અને ટેકનોલોજી

### ડૉ. પંકજ જોષી અને નેકેડ સિંગ્યુલારિટી

અંકિત ખૂંટ
ankitkhunt@spuvvn.edu

---

વિજ્ઞાનમાં દરેક સામાન્ય માણસને ઓછા-વત્તો રસ પડતો હોય જ છે. સદીઓથી માણસ પોતાની આસપાસ બનતી ઘટનાઓને નિહાળવામાં અને તેની પાછળનાં કારણો જાણવામાં ભારે કુતૂહલ અનુભવતો આવ્યો છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન કરતા વૈજ્ઞાનિકોની જ્યારે વાત આવે ત્યારે આપણી સામાન્ય માનસિકતા એવી હોય છે કે મોટી-મોટી શોધો તો વિદેશોમાં જ થતી હોય છે, એવું આપણને ભણવામાં આવ્યું છે અને તેઓ આખો દિવસ પોતાની લેબમાં સંશોધન કરતા રહેતા હોય છે. તેમની જિંદગી આપણી સરખામણીમાં ખૂબ નિરસ અને કંટાળાજનક હોય છે. તેઓ મોટાં શહેરોમાં રહેતા હોય છે અને તેમનો અભ્યાસ પણ ખૂબ મોટી યુનિવર્સિટીઓમાં થયેલો હોય છે. ભારતમાં પણ વધુ કેળવાયેલાં મગજ દક્ષિણ ભારતમાં જ જોવા મળે છે. જાણતાં અજાણતાં જ આપણું આવું વલણ બંધાઈ જતું હોય છે. પરંતુ શું આ સંપૂર્ણ સાચું છે કે કેમ ? ચાલો તેની ચકાસણી, એક ટૂંકો પ્રવાસ ખેડીને કરીએ.

શરૂઆત આપણે વૈનુ બપ્પુ મેમોરિયલ ઍવોર્ડથી કરીએ. પ્રથમ વારમાં આમ નામ જરાક નવું લાગે તેવું છે, પરંતુ આ ઍવોર્ડ INSA- ઇન્ડિયન નેશનલ સાયન્સ ઍકેડેમી દ્વારા દર ત્રણ વર્ષે એસ્ટ્રોનોમી અથવા એસ્ટ્રોફિઝિક્સ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વિશેષ યોગદાન આપનાર એવા ભારતના વૈજ્ઞાનિકોને આપવામાં આવે છે. તેની શરૂઆત ૧૯૮૫માં થઈ હતી અને સૌ પ્રથમ પ્રો. એસ. ચંદ્રશેખરે આ ઍવોર્ડ મેળવ્યો હતો. તાજેતરમાં ગુજરાતના ડો. પંકજ જોશીને આ ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. એક ગુજરાતી તરીકે તેઓ આ મેળવનારા પ્રથમ વ્યક્તિ છે જે આપણા માટે ગૌરવની વાત કહેવાય. આ સિવાય પણ તેમને બીજા દેશ-વિદેશના મળીને કુલ ૧૧ ઍવોર્ડ્ઝથી સન્માનિત કરાયા છે.

ડૉ. જોષીનો જન્મ ભાવનગરમાં થયો હતો. તેમના અભ્યાસની વાત કરીએ તો માસ્ટર ઑફ સાયન્સ તેમણે પ્યોર એન્ડ એપ્લાઇડ મેથેમેટિક્સમાં ૧૯૭૫ની સાલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પૂર્ણ કરેલું. જ્યારે પીએચ.ડી. ૧૯૭૯માં ભાવનગર યુનિવર્સિટીમાંથી ગ્રેવિટેશન એન્ડ કોસ્મૉલૉજી વિષય પર કરી ડૉક્ટરેટની પદવી હાંસલ કરેલી.

તેમનું યોગદાન અવકાશ વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રમાં ખૂબ જ મહત્ત્વનું ગણવામાં આવે છે. મુંબઈ સ્થિત TIFR– ટાટા ઇંન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ જેવી ભારતની અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિખ્યાત એવી સંસ્થામાં તેઓ પ્રોફેસર રહી ચૂક્યા છે. હાલમાં તેઓ આણંદ જિલ્લાના ચાંગા મુકામે સ્થિત ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ એન્ડ ટેક્નૉલૉજીના પ્રોવોસ્ટ અને ICC- International Center for Cosmologyના ફાઉન્ડિંગ ડાયરેક્ટર તરીકે કામ કરી રહ્યા છે.

જનરલ થિયરી ઓફ રિલેટિવિસ્ટિક ગ્રેવિટેશનલ કોલેપ્સ, બ્રહ્માંડમાં તારાઓની અથડામણ, સ્પેસ ટાઇમ સિંગ્યુલારિટી, Cosmic Censorship (કોસ્મિક સેન્સરશીપ) વગેરે જેવા વિષયોમાં તેમણે નોંધનીય કામ કરેલું છે. શું બ્રહ્માંડના કેન્દ્રમાં ખરેખર બ્લેક હોલ જ છે, જેવું વૈજ્ઞાનિકો અત્યાર સુધી માનતા આવ્યા છે, કે પછી સિંગ્યુલારિટી છે ? આ વિષય પર તેઓ પોતાની ટીમ સાથે ૧૯૮૯થી કામ કરી રહ્યા છે અને હવે આવનારા ચાર જ વર્ષોમાં આનો જવાબ મળી જશે એવું એમનું માનવું છે. તાજેતરમાં જ વૈજ્ઞાનિકોએ હોરાઇઝન ટેલિસ્કોપ દ્વારા બ્લેકહોલની માહિતી એકત્રિત કરીને સૌ પ્રથમ વાર તેની

ઇમેજ બનાવમાં સફળ થયા છે.

હવે આ Naked Singularity સમજવા આપણે તેને ક્વૉન્ટમ સ્ટાર સાથે સરખાવી શકીએ જે પ્રચંડ ઊર્જા ધરાવે છે. ટેક્નૉલૉજીમાં સતત થતાં આધુનિકીકરણને કારણે આજે એવાં ટેલિસ્કોપ વિકસિત થઈ ચૂક્યાં છે જેના વડે દૂર અવકાશમાંથી ગુરુત્વ તરંગો(Gravitational Waves) એકત્રિત કરી, તેના ઉપયોગથી બ્રહ્માંડમાં બનેલી ઘટનાને સમજી શકાય છે. આકાશગંગા, બ્રહ્માંડ, પૃથ્વી, સૂર્ય, ગ્રહો, જીવસૃષ્ટિ વગેરેની શરૂઆત કઈ રીતે થઈ તેને વિજ્ઞાનમાં આવેલા આધુનિકીકરણ દ્વારા સમજી શકાય. આપણું ઘર પૃથ્વી એ સૌર્યમંડળનો એક સામાન્ય ગ્રહ છે, પરંતુ સૂર્ય પોતે જ અન્ય કરોડો-અબજો તારાઓમાંનો એક સામાન્ય તારક છે ! આવા અબજો તારાઓ ભેગા મળી એક તારાવિશ્વ(ગૅલેક્સી) રચે છે. હવે સવાલ અહીંયા એ ઊભો થાય કે આ તારાવિશ્વના કેન્દ્રમાં શું હશે ? તે શેનો બનેલો હશે ? ત્યાંની ભૌતિકીય પરિસ્થિતિ કેવી હશે ? આ કોયડાને સમજવા આપણે આલ્બર્ટ આઇન્સ્ટાઇનની થિયરી ઓફ રિલેટિવિટી પરથી આંકન કરવું પડે. તે માટે તારકોના જીવનચક્ર પર નજર નાંખીએ તો જ્યારે તારકોની અંદરનું બળતણ ખાલી થઈ તેનું જીવનચક્ર સમાપ્ત થાય ત્યારે આ તારકનું ગુરુત્વીય ભંગાણ (Gravitational Collapse) થાય છે. ગુરુત્વબળ દ્વારા આખોય તારો સંકોચન પામવા લાગે છે, તેમાંથી જ બ્લેકહૉલ તથા નૅકેડ સિંગ્યુલારિટી જેવી ભવ્ય અવકાશીય ઘટનાઓ બને છે. જો બ્રહ્માંડના કેન્દ્રમાં સિંગ્યુલારિટી હોય તો કેન્દ્રની ઘનતા અને ઉષ્ણતામાન ખૂબ જ મોટું હશે અને બીજા પણ ઘણા સવાલો ઊભા થશે, જે ખૂબ રસપ્રદ અને ઉત્તેજનાનો વિષય બની રહેશે.

નૅકેડ સિંગ્યુલારિટી પર તેમનું પ્રથમ રિસર્ચ પેપર યુરોપના ફિઝિક્સ લેટરમાં, જ્યારે બીજું વિસ્તૃત સંશોધનપત્ર ફિઝિક્સ રિવ્યૂમાં પ્રકાશિત થયું હતું; જેની નોંધ વિશ્વકક્ષાએ લેવાઈ હતી. આ ઉપરાંત તેમના નામ સાથે ૨૦૦ જેટલા રિસર્ચ પેપર, ઇન્ટરનેશનલ જર્નલ અને બુક્સ જોડાયેલાં છે. તેમને 'સાયંટીફિક અમેરિકન' નામના અમેરિકાના ખૂબ ઉચ્ચ કોટિના ૧૫૦ વર્ષ જૂના મૅગેઝિનમાં લેખ લખવા માટે આમંત્રણ અપાયું હતું, જેનો તેમણે સ્વીકાર કર્યો હતો. આમ ૨૦૦૯માં તેમાં તેમનો લેખ પ્રકાશિત થયો હતો, જેનો અનુવાદ વિશ્વની ૨૦ મુખ્ય ભાષાઓમાં થયો હતો. આ મૅગેઝિનની ગુણવત્તા એ વાત પરથી જાણી શકાય કે એક સમયે સર આલબર્ટ આઇન્સ્ટાઇને પણ આ મૅગેઝિનમાં લેખ લખવામાં પોતાનું યોગદાન આપેલું હતું.

વાસ્તવમાં પંકજ જોષીનું ખગોળ વિજ્ઞાનના ક્ષેત્રે પણ ઘણું નોંધપાત્ર પ્રદાન છે. મહાકાય તારાઓની અંતિમ અવસ્થાના સંશોધનમાં તેમણે ભારે મોટી છલાંગ મારી છે. હમણાં ૨૦-૩૦ વર્ષથી એમનું આના પર જ સંશોધન ચાલી રહ્યું છે, જે એમ કહી જાય છે કે આવા તારાની અંતિમ અવસ્થાએ એક અતિ તેજસ્વી અને ઊર્જાથી ભરપૂર અગ્નિગોલક(ફાયર બોલ) પણ રચાઈ શકે જેના દ્વારા તારાનું દ્રવ્ય એક મોટી વિસ્ફોટક ઘટનામાં બ્રહ્માંડમાં ફેલાય જાય. તારાના મૃત્યુ બાદ શ્યામગર્ત(બ્લેક હોલ) રચાશે કે અગ્નિગોળો તેનો આધાર તારાના કુલ વજન, દ્રવ્યની ગતિના ગુણધર્મો વગેરે પર રહેશે. સ્ટિફન હોકિંગ્સે પણ આવા વિકલ્પની શક્યતાનો સ્વીકાર કર્યો છે.

એક વિદ્યાર્થીથી લઈને સામાન્ય માણસ સમજી શકે તેવાં પુસ્તકો ઉપરાંત એક્સપર્ટ લેવલના ગુજરાતી અને ઇંગ્લિશ ભાષામાં કુલ મળીને ૨૫ જેટલાં પુસ્તકો તેમણે સાયન્સ અને કોસ્મૉલૉજી વિષય પર લખ્યાં છે, જેના પ્રકાશકો ભારતનાં ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસથી લઈને બીજાં ઘણાં પબ્લિકેશન છે. સામયિકો, ટેલિવિઝન અને સમાચાર પત્રોમાં તેમણે અનેક આર્ટિકલ્સ લખ્યા છે અને તેના માટે ઇન્ટરવ્યૂ પણ આપ્યા છે. ગૂર્જર પ્રકાશન અમદાવાદ દ્વારા ૨૦૧૩માં પ્રકાશિત થયેલું પુસ્તક ''બ્રહ્મ ગોષ્ઠી'' અને ઓક્સફર્ડ પ્રકાશન દ્વારા પ્રકાશિત 'The story of collapsing stars' તેમનાં બહુચર્ચિત પુસ્તકો છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય માણસ સુધી તેમનો વિષય સરળ ભાષામાં પહોંચાડવાનો રહ્યો છે. આ ઉપરાંત તેમણે ગુજરાત, ભારત અને વિદેશોમાં અસંખ્ય વ્યાખ્યાનો આપ્યાં છે. વર્ષ ૨૦૧૭માં તેમણ ICT - ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ

**(અનુસંધાન પાના નં. ૬૯ ઉપર)**

## ૦૪. કેળવણીના નવા આયામો...

### ઉઘાડ તરફ...

**મિત્તલ બક્ષી**
baxi.justlikethat@gmail.com

---

બાળકો કક્કોબારાખડી ન શીખે, ને તોય વાંચતા શીખી જાય, એકડે એક ન શીખે ને તોય ગણિત કરતાં શીખી જાય એવું બને ? કોઈ મોટા શહેરની ખાનગી શાળામાં, તે પણ નિષ્ણાત ગણાતા શિક્ષકો વગર ?

કેમ નહીં ? છેલ્લા એક વરસના અમારા અનુભવમાં તો આ બધું અને એથી પણ વધુ થયું. સુરત જેવા કમર્શિયલ ગણાતા શહેરમાં મોટી ગણાતી શાળામાં આ પ્રયોગ થયો, સફળ રહ્યો અને આગળ વધવા જઈ રહ્યો છે. હા, પરંપરાગત ગણાતી શાળા સિસ્ટમમાં પણ વૈકલ્પિક શિક્ષણ જરૂર શક્ય છે. બસ, એટલું સંવેદી લઈએ કે બાળકની જિજ્ઞાસાને ઉત્તેજો; આપણી મહત્ત્વાકાંક્ષાને નહીં !

ધ રેડિયંટ ઇન્ટરનેશનલ સ્કૂલ, જહાંગીરપુરા, સુરતના ગુજરાતી માધ્યમમાં અમારી પાસે બે વર્ગ હતા. સિનિયર કે.જી. - ઈ, જેમાં બાકીના ચાર ડિવીઝનમાંથી ધીમા, નબળા ગણાતા બાળકોને લેવાયાં હતાં. અને ધોરણ ૧-અ, જેમાં બાકીના ડિવીઝન કરતાં ઝડપી, હોંશિયાર ગણાતાં બાળકો હતાં.

આ તમામ પ્રયત્નોમાં અમારા મુખ્ય સલાહકાર ડૉ. મહેન્દ્ર ચોટલિયાનું માર્ગદર્શન અવિરત મળતું રહ્યું. એમના માર્ગદર્શનમાં અમારો પ્રયોગ હતો કે એવી રીતે શિક્ષણકાર્ય કરવું કે :

- બાળકોને શિક્ષકો મિત્રો જેવા લાગે, સહપાઠીઓ અને શાળા એ કુટુંબના જ ભાગ લાગે અને શાળા, કુટુંબ તેમજ સમાજ માટે સકારાત્મક વિચારો ઊભા થાય.
- બાળકોની પંચેન્દ્રિય, જિજ્ઞાસાવૃત્તિ, આત્માભિવ્યક્તિ, સંવેદનશીલતા, સર્જનશીલતાની ખીલવણી વધુમાં વધુ થાય એવી તકો પૂરી પાડવી.
- મોટાભાગની કેળવણી રમત, પ્રયોગ, વાર્તા, પ્રવૃત્તિ, મુલાકાતો એવા અનુભવો દ્વારા આપવી, જેમાં બાળકો જાતે અનુભવો લે, જૂથચર્ચા દ્વારા એની ઉપર વધુ ધ્યાન આપે અને જાતે જ જ્ઞાન નિપજાવે.
- બાળકોના આવા સર્વાંગી વિકાસમાં વાલીઓને સભાન સાક્ષી અને સમજદાર સાથી બનાવવા.
- મૂળાક્ષર શીખવ્યા વગર વાચન શીખવા દેવું.
- પાઠ્યપુસ્તકને મુખ્ય આધાર ન બનાવવાં.

પ્રયોગ શરૂ કરતાં પહેલાં અચાર્યશ્રી જિજ્ઞેશ પરમારે ખાસ વાલીમિટિંગ ગોઠવીને આ પ્રયોગની માંડીને વાત કરી અને સૌને આમાં જોડાવા આમંત્ર્યા. એમની શૈક્ષણિક સમજ અને સંવેદનશીલ અપીલભરી વાતો વાલીઓના હૃદયમાં ઊતરી અને સૌ સ્વેચ્છાએ પોતાનાં બાળકોને આ પ્રયોગમાં જોડવા રાજી થયા. અમે વાલીઓને પૂછ્યું : ‘તમે બાળકોને શાળાએ શા માટે મોકલો છો ?’ જવાબ હતો : ‘જેથી જીવનમાં એ લોકો આગળ વધે.’ પણ ‘આગળ વધવું એટલે શું’ એ પ્રશ્નના જવાબમાં બધા ગૂંચવાયા. અમે વાત ફરી માંડતા કહ્યું કે જ્યાં સુધી વ્યક્તિ સ્વતંત્ર રીતે વિચારીને પોતાના જીવનને પોતાની જવાબદારીપૂર્વક જીવી ના શકે, મુક્ત રીતે અભિવ્યક્ત ન થઈ શકે, નવાં સર્જન ન કરી શકે, જીવનનો ખરો આનંદ ન લઈ શકે ત્યાં સુધી એ ખરું શિક્ષણ પામ્યો છે એમ કહી શકાય ?

દરેક બાળકમાં અમર્યાદ ક્ષમતાઓ અને વિકાસની સંખ્યાતીત સંભાવનાઓ હોય જ છે; કુદરતી રીતે તેની આસપાસના જીવન વિષે શોધખોળ કરીને શીખવાની અને મૌલિક સર્જન કરવાની વૃત્તિ હોય જ છે. છતાં, મોટાભાગે આપણે આપણી ઈચ્છાઓ, સગવડો અને મહત્ત્વાકાંક્ષાઓ બાળકો ઉપર લાદી બેસીએ છીએ અને બાળકને પણ આપણી ઘરેડમાં બને તેટલી ઝડપથી નાંખી દેવાય એવી

વ્યવસ્થાઓ ગોઠવીએ છીએ, જેથી કરીને આપણે બહુ માથાકૂટ ન કરવી પડે અને આપણો જીવનવ્યવહાર સરળતાથી ચાલ્યા કરે !

આજે ફિનલેન્ડ, સિંગાપોર કે ઓસ્ટ્રેલિયા જેવા દેશો પરંપરાઓમાંથી નીકળીને સંવેદનશીલતા અને વિચારશીલતાને પોષે એવી કેળવણી અપનાવીને વિશ્વમાં નોંધપાત્ર બની રહ્યા છે, પરંતુ આપણે હજી પણ મહદઅંશે આપણી અત્યાર સુધીની ગોઠવણમાંથી બહાર આવી શકતા નથી. વિચિત્ર વાત તો એ કે આ વ્યવસ્થા અંગ્રેજ શાસન દરમ્યાન અમલમાં હતી અને આપણને ખ્યાલ છે જ કે તે ભારતીયોમાંથી કારકુનો ગોતવા સુધી જ મર્યાદિત હતી. કેવળ કેટલાંક વ્યવહારુ કૌશલ્યોની કેળવણી સુધી પહોંચાડતી એ સિસ્ટમમાં અજાણપણે આપણે એવા અટવાયા કે આપણે આપણી એ સંસ્કૃતિને પણ ભૂલી ગયા જે હમેશાં વ્યક્તિમાં રહેલી જિજ્ઞાસા, સ્વજાગૃતિ, સંવેદનશીલતા, પંચેન્દ્રિયોની કેળવણીને અને સ્વઅનુભવે મેળવેલા જ્ઞાનને કેન્દ્રસ્થાને રાખતી આવી છે. ભારતમાં સંશોધકો, વૈજ્ઞાનિકો, કેળવણીકારોને જો ફરી ઝળહળતા જોવા હોય તો ફરી આપણે વ્યક્તિના મૌલિક પ્રફુલ્લન ઉપર ધ્યાન આપવું જ રહ્યું.

અમે સ્પષ્ટતા કરી કે આ વર્ગમાં શરૂઆતના બે મહિના સુધી તમારું બાળક કશું જ ના લખે એવંય બની શકે. શરૂઆતની પરીક્ષામાં તમારી ધારણા મુજબનો દેખાવ ન પણ કરે, પણ જો ધીરજ રાખશો તો તમારા બાળકનું આખું વ્યક્તિત્વ ખીલી ઊઠશે, ને એની સાક્ષરતા પણ ઠીકઠીક આગળ વધશે. પોતાની અપેક્ષાઓને નવી રીતે સમજવા વાલીઓ તૈયાર થયા અને થોડા ઊંચા શ્વાસે આ પ્રયોગમાં જોડાઈ ગયા.

શાળાના મેનેજમેંટ તરફથી આ પ્રયોગ કરવા માટે અમને કેટલીક ખાસ છૂટ આપવામાં આવી. જરૂરી શૈક્ષણિક સામગ્રીની ખરીદીની છૂટ, પિકનિક, સ્થળ મુલાકાતો, રોજ-બ-રોજના સમયપત્રકમાં ફેરફાર, પરીક્ષાના સમયપત્રક તેમજ માળખામાં ફેરફાર, વાલી મિટિંગની અલાયદી ગોઠવણ, પ્રયોગમાં સામેલ થયેલા શિક્ષકોના કાર્યભારમાં ફેરફાર, વિશેષ શૈક્ષણિક પ્રવાસોની ગોઠવણ(ખાસ કરીને શ્રી દક્ષિણામૂર્તિ બાળમંદિર-ભાવનગરની મુલાકાતો અમારે માટે ખૂબ પ્રેરક રહી. ચેતન બાલવાડી-વડોદરા અને શિશુવિહાર-સુરતની અમારી મુલાકાતો પણ જ્ઞાનવર્ધક રહી.)

શરૂઆતનો મહિનો બાળકો અને શિક્ષકો માટે વિશેષ ધીરજ માંગી લેનારો હતો. અમે પ્રિ-ટેસ્ટ લીધો ત્યારે કેટલાંક બાળકો મૂંઝાઈને રડતાં હતાં તો કેટલાંક ચૂપ થઈ ગયાં હતાં. ધોરણ-૧-અના હોંશિયાર ગણાતાં બાળકોને શાળામાં આવીને લખવાંનુ નહીં - એ બાબતમાં સેટ થતા ફાવતું ન હતું. શરૂઆતનું અઠવાડિયું તો એ જાણે આઘાતમાં હતાં. પરંતુ પછીના સમયમાં એ શાંત ગણાતાં બાળકોએ એટલી મુક્તિનો અનુભવ લીધો કે આખી શાળામાં સૌથી ધમાલિયા છતાં સૌથી લાડકા વર્ગ તરીકે આ વર્ગ પ્રચલિત થયો !

સિનિયર કે.જી. – ઈ ની વાત પણ કંઈક આવી જ હતી. આ બાળકોને ઘણે ભાગે વાલીઓ, શિક્ષકો અને સમાજ તરફથી મંદ બાળકોનું લેબલ લગાડેલું હતું. તેમને હૃદયથી કોઈ સ્વીકારે અને વળી હોંશિયાર કહે એ વાત એમને એટલી નવી લાગતી હતી કે એ લોકો માની શકતા નહીં અને તેથી ચૂપ બેસી જતાં. એક મહિના પછી આ વર્ગ પણ સૌથી સક્રિય અને તોફાની વર્ગ તરીકે ખ્યાતનામ બન્યો.

મારું મુખ્ય કામ વાલીઓ અને શિક્ષકોને સતત ધીરજ બંધાવવાનું, નવી પ્રવૃત્તિઓનું આયોજન અને ડેમો કરવાનું, અભ્યાસક્રમની રૂપરેખા નક્કી કરવાનું અને બાળકો-શિક્ષકો-વાલીઓ અને આચાર્યશ્રી સાથે વ્યક્તિગત સંવાદો કરવાનું હતું. સતત પ્રયાસોથી સહુની ધીરજ બંધાતી ગઈ. કો-ઓર્ડીનેટર કિન્નરીબેન અને હેમાલીબેને પણ આ કામમાં રસ લઈને સહકાર આપવા માંડ્યો. શિક્ષકો અને વાલીઓને પણ બાળકોના અવનવા ચમત્કારો દેખાવા લાગ્યા ! જે બાળકો બે મિનિટથી વધારે એક જગ્યાએ ટકી શકતાં નહિ એ અર્ધા કલાક સુધી બેસીને વાર્તા સંભાળતાં કે જીગ્ઝો પઝલને ગોઠવતાં દેખાવા લાગ્યાં. કોઈની સામે આંખ ન માંડી શકતાં બાળકો દોડીને શિક્ષકોને ભેટી પાડવા માંડ્યાં. હમેશાં લેસનથી કંટાળી જનારા બાળકોને વાંચવામાં એવો

રસ પડ્યો કે વાર્તાની ચોપડીઓ પ્રત્યે પઝેસીવ બનવા માંડ્યાં ને ઘેર લઈ જઈને વાલીઓને વંચાવવા માંડ્યાં !

આ પ્રયોગમાં અમે સૌથી વધારે મહત્ત્વ આપ્યું બાળક-શિક્ષકના સંબંધને, પંચેન્દ્રિયોની કેળવણી, સામાજિકતા, સંવેદનશીલતા, સર્જનશીલતા, જિજ્ઞાસાવૃત્તિ, મુક્ત અભિવ્યક્તિને પોષક વાતાવરણને. તે માટે અમે આટલું કરતા...

★ વર્ગની ઔપચારિક શરૂઆત કદી ન થાય. શિક્ષક કોઈ ગીત, જાદૂ કે પોતાના અનુભવની વાત માંડે, બાળકોને તેમની વાતો કહેવા આમંત્રે, રમત રમે અને અડધો કલાક આમ જ ચાલે. પછી રમતરમતમાં શૈક્ષણિક કાર્ય શરૂ થાય.

★ ગુસ્સાવાળા, શરમાળ, અંતરમુખી, ઓછા આત્મગૌરવવાળા વિદ્યાર્થીઓ ઉપર વધુ ધ્યાન આપીને સંવાદો થાય.

★ વધુ જિજ્ઞાસુ, ઝડપી અને સક્રિય બાળકોને એમનો રસ પોષાય એવી પ્રવૃત્તિઓની છૂટ આપવામાં આવે.

★ ભાષાના વિકાસ માટે જાતજાતનાં ગીત, વાર્તા, ચિત્રોના ચાર્ટ, કાર્ડ અને પુસ્તકોનો વર્ગમાં ડિસપ્લે હોય અને તેમાં શબ્દો નીચે આંગળી મૂકાવતા જઈને, વારંવાર શબ્દો/વાક્યો બતાવતાં જઈને વાંચન શીખવા દઈએ.

★ ગણિતમાં ગણતરી માટે નક્કર વસ્તુઓ, નાનાં નાટકો, વાર્તામાં ગણિત વણીને પીરસાય. બાળકોએ મોજથી પચાવવા માંડ્યુ.

★ સ્થળમુલાકાતોમાં ખેતર, વાડી કે બગીચે જઈને પર્યાવરણ સાથે એકાત્મતાનો અનુભવ લઈએ, શાળાની આસપાસ વસતાં લોકો તેમજ પ્રાણીઓને મળીએ અને સામાન્ય લોકજીવનની સંવેદનાઓ ઝીલીએ.

★ નાનાં નાનાં નાટકો, સાદા પ્રયોગો ,પીયાજેએ સૂચવેલી તર્કવિકાસની રમતો, મોન્ટેસરી પ્રેરિત સાધનો, મહેન્દ્ર ચોટલિયાની ભાષાપ્રવૃત્તિઓ , જૂથપ્રવૃત્તિઓ અને સર્વસામાન્ય સંવેદનશીલતાની કેળવણીના વિવિધ ટાસ્ક કરતા જઈએ.

બાળકોના પ્રતિભાવો, તેમના વર્તનમાં આવતા ફેરફાર અમે સતત જોતાં અને નોંધતાં. તે માટે અમે નિરીક્ષણ પત્રકો બનાવ્યાં હતાં અને શરૂમાં દર પંદર દિવસે અને પછી દર મહીને એમાં નોંધ કરતાં જઈને સરખાવતાં જતાં હતાં. ખાસ કરીને પહેલા ત્રણ માસ દરમ્યાન દરરોજ અમે શાળા કલાકો દરમ્યાન તેમજ શાળા પછી બેસીને આ પ્રવૃત્તિઓ અને બાળકોની શીખવાની પ્રક્રિયા અંગે ચિંતન કરતા. આ ચર્ચાઓ દરમ્યાન શિક્ષકો ઘણું કેળવાતા ગયા. બાળ મનોવિજ્ઞાન, મેથડોલૉજી, શિસ્ત, વયજૂથ અનુરૂપ શિક્ષણ, જ્ઞાનઉપાર્જનની પ્રક્રિયા અને તેને અસર કરતાં પરિબળો અને તેમાં શિક્ષક-શિષ્યના સંબંધની અગ્રીમતા- આ બાબતોની થિયરીનો ફિલ્ડમાં સીધો ઉપયોગ કરતા થયા. બાળકો અને શિક્ષણ વિશેના તેમના પૂર્વગ્રહો દૂર થવા માંડ્યા. તેમનું વર્તન અને માન્યતાઓ રચનાત્મક રીતે બદલાવા માંડ્યાં. બાળકોમાં રહેલા જાતજાતના ભય અને સંકોચ ઉપર કામ કરતાં કરતાં તેમના પોતાનામાં રહેલી એવી બાબતો પણ ઘટતી ગઈ. તેઓ જાતે પણ નવી પ્રવૃત્તિઓ ઘડતાં અને બાળમાનસ અંગે નવાં નિરીક્ષણો કરતાં થયાં, નવી પ્રવૃત્તિઓ રચતા થયાં. એક બાળકની સહેજ ત્રાંસી આંખ વિશે વાલીનું વારંવાર ધ્યાન દોરીને હર્ષાબેન બાળકના જીવનભરની અત્યંત અગત્યની બાબતની કાળજી માટે નિમિત્ત બન્યાં અને બાળકની યોગ્ય સારવાર યોગ્ય સમયસર થઈ. પોતાના આવા અવનવા અનુભવોને શિક્ષકો આમ વ્યક્ત કરતા રહ્યા.

। "આ જીતને જોઈએ તો લાગે કે વર્ગમાં તેનું ધ્યાન જ નથી, પણ જેવો પ્રશ્ન પૂછીએ તો સૌથી પહેલો જવાબ એનો હોય !" (કૃશાન્ગીબેન)

।"પહેલાં સૌને મારનારી જેનાલી હવે બધાંનુ કેવું ધ્યાન રાખે છે, નહીં?" (પ્રાર્થનાબેન)

।"આશય આખી વાર્તા બોલ્યો ? એ તો એક શબ્દનો પણ જવાબ આપતો નહોતો છેલ્લા બે વર્ષથી!" (અન્ય વર્ગના શિક્ષકો)

।"એક મિનિટથી વધુ એક જગ્યાએ ટકી ન શક્તી ધરાએ ઝીણા મોતી પરોવીને રાખડી બનાવી છે !" (કિન્નરીબેન)

। "મેં જોયલને કહ્યું કે બહુ મહેનત કરવી પડશે, તને

શીખવવા. તો બોલ્યો, 'ટીચર, મારી સામે એવું નહી બોલવાનું.' અને હું તો હસી જ પડી!" (હર્ષાબેન)

।"કાયમ પહેલી જ બેંચ પર બેસવા ટેવાયેલી જીદ્દી ફઝ્ઝા હવે કોઈપણ બેંચ પર આસાનીથી જતી રહે છે !" (નિકીતાબેન)

।''અમે તો આ મૂળાક્ષર શીખવાડ્યા જ નહોતા, બાળકોએ સીધા શબ્દો કેવી રીતે વાંચ્યા ?''' (રેશ્માબેન)

દોઢ મહિના પછી થયેલી વાલીમિટિંગમાં અમે મૌખિક ઉપરાંત લેખિત પ્રતિભાવો લીધા, તો બે-ત્રણ સાક્ષરતાપ્રેમી વાલીઓ સિવાય બધાએ પોતાના બાળકોની ખરી પ્રગતિ હોંશભેર બિરદાવી. અત્યાર સુધી મંદ ગણાતાં બાળકને હર્ષાબેને વાલી મિટિંગમાં બધાની સામે વાર્તા કહેતો કર્યો એ જોઈને વાલીની આંખમાં આંસુ આવી ગયાં. બાળકોમાં રહેલા ભય અને સંકોચની જગ્યાએ વધેલા આત્મવિશ્વાસ અને સાથોસાથ ભણવામાં જાગેલા રસને વાલીઓએ હરખભેર વધાવ્યા.

આ આખા પ્રયોગનું તારણ એક નજરે કહેવું હોય તો એ જોવા મળ્યું કે ૯૦% બાળકો ૯૦% પરિણામ લાવી શકે, જો તેમને પૂરતાં સમય અને ધ્યાન આપવામાં આવે. કોઈ દંતકથા સાંભળતાં હોઈએ એટલી આશ્ચર્યકારક રીતે સિનિયર-ઈના મંદ ગણાતાં બાળકો 'સૌથી સક્રિય અને હોંશિયાર'માં ગણાવા માંડ્યાં અને આ વર્ગની મુલાકાત લેનારા મહેમાનો, સાથી શિક્ષકો તેમજ અન્ય વર્ગના વાલીઓ પણ આવું માનતા થયા. યુનિસેફના શ્રી રાજેન્દ્રભાઈ જાની પણ વર્ગ ની મુલાકાત લઈ ગયા અને એમણે પણ ઇચ્છા દર્શાવી કે આવું શિક્ષણકાર્ય બધે ફેલાવું જોઈએ, ભલે વર્ષાંતે તેમની નોટબુક્સ અરધી પણ ભરાઈ ન હોય.

ધોરણ ૧-અના બાળકોની અમર્યાદ ચંચળતા ધીમેધીમે સ્થિરતા તરફ આગળ વધી અને તેમનું વાચન ઉપરાંત અર્થગ્રહણ લગભગ ત્રીજા ધોરણની કક્ષાએ પહોંચ્યું.

અમે પરીક્ષામાં પણ પ્રયોગો કર્યા. અમે બાળકોને કહ્યું કે પરીક્ષા નહીં લઈએ. આ વર્કશીટ જાતે પૂરી કરવાની મજા લો. એ વખતે જીતને જાતે લખવું ન હતું તો આરવે મદદ કરી. અમે કહ્યું કે ના પાડી હતીને મદદ કરવાની ? તો કહે કે તમે તો કહ્યું હતું કે જેને ન આવડે તેને શીખવામાં મદદ કરવાની ? અમે ચૂપ... જીત તો આમેય અલગ માટીનો અસાધારણ પ્રતિભાશાળી બાળક, એને અમે લખવાની ફરજ ઓછી જ પાડતા અને આરવ જેવા ભોળા બાળકનું ભોળપણ અને નિસ્વાર્થ મૈત્રીની સંવેદના છીનવવા કરતાં અમે આ મદદ ચલાવી લીધી.

પહેલા ધોરણની પરીક્ષામાં બાકીનાં બાળકોને અમે સૂચનાઓ જાતે સમજીને જાતે જ લખવા પ્રેર્યા. વર્ગશિક્ષક પ્રાર્થનાબેનનો આ મહત્વાકાંક્ષી પ્રયોગ પણ બીજા પ્રયત્ને સફળ નીવડ્યો. તેમાંય પરીક્ષાનું પેપર અમે જાતે કાઢ્યું હતું, ને તે કોઈપણ રીતે કોઈ સ્વાધ્યાયપોથી કે ગાઇડને મળતું આવતું ન હતું. પેપરનું માળખું જોઈને વાલીઓ ગભરાયા પણ હતા, પરંતુ બાળકોને એ પણ એટલું સરસ આવડ્યું કે ગભરામણનું સ્થાન હરખે લીધું.

મુક્ત ચિત્રકામ, મુક્ત ભાષાપ્રયોગો, રસપ્રદ ગણિત-ગમ્મત અને અવારનવાર થતી જૂથ પ્રવૃત્તિઓ અને જૂથચર્ચા તેમજ વારંવાર મુલાકાતે આવતા મહેમાનો સાથેના સંવાદો થકી આ બાળકો એટલું ખીલી ગયાં કે, એમના કુટુંબમાં કે જાહેરજીવનમાં પણ સૌએ તેમની અભિવ્યક્તિ અને સંવેદનશીલતાની નોંધ લેવી પડી.

બીજી તરફ, આ પ્રયોગોમાં જોડાનારાં બાળકોના વાલીઓનાં વલણો ખૂબ સકારાત્મક બન્યાં. કેટલાકે તો એમ પણ કહ્યું કે એમના પોતાના વ્યક્તિત્વનો વિકાસ એવો થયો કે, હવે જાહેરમાં તેઓ નિઃસંકોચ વાત કરી શકે છે. ત્રીજી તરફ, જે શિક્ષકોએ આ પ્રયોગમાં કામ કર્યું તેમના શિક્ષક તરીકેના દૃષ્ટિકોણમાં અને અંગત જીવનમાં વાલી તરીકેના વલણમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. બાળકોને ધમકાવ્યા વગર સક્રિય રાખીને, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ, ઊંડા માનવતાભર્યા વલણથી વ્યવહાર કરતાં શીખ્યા અને વાતેવાતે આ પ્રયોગને ઊજવતા થયા. આ વાત એટલી દેખાઈ આવે એવી થઈ કે આખી શાળાએ તેની નોંધ લીધી અને મોટાભાગના શિક્ષકો આવું કરવા તત્પર બન્યા. આખરે મેનેજમેન્ટે નક્કી કર્યું કે હવે પછીનાં વર્ષોમાં આ જ રીતે

કેળવણી થવા દેવી અને બાળકોનો સાચા અર્થમાં સર્વાંગી વિકાસ કરવો.

સંજોગોવશાત વર્ષના અંતે આવી લોકડાઉનની ચેલેન્જ. તેમાં પણ અમે નક્કી કર્યું કે જે વીડિયો મોકલીશું એ બને તેટલા રસપ્રદ અને બાળકોની શીખવાની ઝડપને અનુકૂળ હોય તેવા હશે. અમે રમત, ક્રાફ્ટ, વાર્તા, સાદા પ્રયોગોને પણ વીડિયોમાં વણ્યાં અને હજી પણ રોજીંદા સમયપત્રકમાં આ બધું મોકલીએ છીએ. અમારા શિક્ષકો કપરા સંજોગોમાં પણ અનેરા ઉત્સાહભેર વાલીઓ સાથે વાતો કરી રહ્યા છે, ઉત્તમ વીડિયો બનાવવા મચી રહ્યા છે, વિદ્યાર્થીઓ સાથે પણ સંવાદ સાધી રહ્યા છે.

બસ, કોરોનાકાળ કટ થાય એટલે પાછા જંપીશું નવા ઉત્સાહભેર અમારી આ આનંદયાત્રાને આગળ ધપાવવા !

( જંપીશું ને અંગ્રેજી ક્રિયાપદ તરીકે વાંચજો હો ?! )

## ‘કોડિયું’ના ક્લેવરને પોંખતો પ્રતિભાવ

પ્રિય અરુણભાઈ,

સ્નેહ વંદન.

‘કોડિયું’નો ૧૫ ઑગસ્ટનો અંક મળ્યો. મઝા પડી. તંત્રીસ્થાનેથી તમે લખ્યું છે તે મુજબ તે ‘નવા’ને નિરાળા ક્લેવરથી શોભિત છે. વળી, ૪૨ પાનાંમાં જે વૈચારિક અને અભિવ્યક્તિજન્ય વૈવિધ્ય સંયોજાયું છે તે તમારી સંપાદકીય કલા-કુનેહ તથા લેખકોની લેખનકલાનું રળિયામણું દૃષ્ટાંત નીવડ્યું છે.

તમે ‘કોડિયું’માં માનવહૃદયની કેળવણી અને પ્રસન્નતા માટે સ્વીકારેલા તેના ૧૩ વિભાગો પણ આકૃષ્ટ કરે છે -તેની વિશિષ્ટતાથી તેમજ વર્તમાન સમયમાંની તેની અનિવાર્યતાથી ! વાતને વિશ્વ-ક્ષિતિજથી આરંભીને રાષ્ટ્ર, વિજ્ઞાન અને યંત્રશાસ્ત્ર-વિદ્યા, ડિજીટલ-વર્લ્ડ, કેળવણી અને ગ્રામોત્થાન, કૃષિ વિદ્યા, સર્જનકલા, કલાજગત, યુવાસૃષ્ટિ, જીવનશૈલી, સંસ્કૃતિના વારસો અને વૈભવ તથા હાસ્યતરંગો-જેવા વિષયોમાં તરબોળ કરીને આ અંક આપણાં બેય હાથ અને હૈયું ભરી દે છે !

સૂચિત સઘળા વિષય-લેખો વિશે માંડીને વાત કરું તો પાનાંના પાનાં ભરાય પણ મારી કેટલીક મોજ તો કહ્યાં વિના રહેવાશે નહીં. (અહીં સ્થળ સંકોચે ચાર પાના સમાવી શકાયા નથી.)

આ પત્ર-પ્રતિભાવપત્ર ધારણા કરતાં વધારે લાંબો થઈ ગયો છે પણ નવા રૂપરંગવાળા ‘કોડિયું’ને આવકારવા બેસું ત્યારે કંઈ કૃપણ રહી શકાય ? અરુણભાઈ તમે, પરંપરિત સામગ્રી અને સ્વરૂપથી મુક્ત કરીને ‘કોડિયું’ને નવોન્મેષી રૂપાકાર માટે તેમ જ તેના પ્રથમ પગલારૂપ આ ઑગસ્ટ-અંકને આવા ભાવ-ભાષા સમૃદ્ધ લેખો પસંદ કરીને તેને સમુચિત ક્રમે યોજીને પ્રગટ કરવા બદલ અરુણભાઈ, ‘કોડિયું’ના નિયમિત વાચક-ભાવક તરીકે સપ્રેમ અભિનંદન આપું છું !

હા, એક નાની-નમ્ર વિનંતી પણ કરું ? હવે પછીના અંકોમાં, જો જાહેર-નિમંત્રણ આપીને, લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો, એમના વિવિધ કાર્યક્ષેત્રોમાં કામ કરતાં-કરતાં એમને સાંપડેલા વિરલ સંવેદન-પ્રસંગોને અત્યંત લાઘવપૂર્વક લખી મોકલે અને તેમાંથી ઉચિત પસંદગી કરીને પ્રગટ કરી શકાય ?

બીજી વાત - લોકભારતી તેમ જ આંબલા-મણારની લોકશાળામાં થતાં વિવિધ રચનાત્મક કાર્યો-કાર્યક્રમોનો રસાળ અહેવાલ, એ પણ બહુ લાંબા નહીં -પ્રગટ થઈ શકે ?

એમ થશે તો પેલા કાર્યાનુભવ પ્રાપ્ત આનંદ-અનુભવો અને ઉજવાયેલા વિવિધ ઉત્સવો-કાર્યક્રમોમાં સામેલ ન થઈ શકવા છતાં એનો આનંદ અમે વાચકો ઘેર-બેઠાં પામી શકીશું. પુનઃધન્યવાદ અને આભાર.

-- **રમેશ ર. દવે**

# ૦૫. કૃષિ-ગોપાલન અને ગ્રામોત્થાન...

## હવે પાંજળાપોળ નહીં, એનિમલ હોસ્ટેલ

**નાનક ભટ્ટ**

---

મનુસ્મૃતિથી મહાભારતકાળ સુધીના સાહિત્યમાં ગાય એક પવિત્ર એકમ હતું. સુવર્ણ માફક દાન-દક્ષિણા કે યજ્ઞદેવના બલીને લાયક હતું. દાતારની ઉદારતા ગાયોની દાનસંખ્યાથી મપાતી. પરંતુ યોગેશ્વર કૃષ્ણે પ્રાણી તરીકે ગાયનું પુનઃપ્રતિષ્ઠાન કર્યું. ગોવાળિયા તરીકે, માખણચોર તરીકે, ગોચર-ગોવર્ધનના ધારક તરીકે ગાયોમાં માતૃસ્વરૂપનું દર્શન, એક નવા આયામથી પ્રેર્યું અને પછી તો ભક્તો, સંતોએ પોતાનાં પદ-ગાન-કથન દ્વારા ગાયોમાં ૩૩ કોટિ દેવતાઓને સ્થાપ્યા.

સામાજિક મૂલ્ય ફેરબદલનો ત્રીજો તબક્કો આજથી ૨૭૦૦ વર્ષ પહેલાં જૈન ધર્મ દ્વારા પ્રેરિત થયો. ભગવાન મહાવીરે 'અહિંસા પરમોધર્મ' વિચારસત્ત્વના તાર્કિક અમલ માટે જીવદયાને પ્રચલિત કરી, ગાય સ્વરૂપને કરુણામય જાણી. તીર્થંકરોએ ગોપાલનને નૈતિક, સદવ્યવહાર, પુણ્ય ઉપાર્જન અને ધર્મ તરીકે બીરદાવ્યું અને આથી જ ગુજરાતની ભૂમિ ઉપર મહાજન અને ગૌસેવા એકમેકના પર્યાય શબ્દ બની ગયાં. દીન-દુઃખિયારી ગાયો પણ કતલખાને ન જાય તે માટે પાંજરાપોળ શરૂ કરવામાં આવી. જીવદયાના રસ્તે જ ધર્મનું કાર્ય જાણી રાજવીઓએ રાજ્યની વણિક પ્રજાની ખુશહાલી માટે પાંજરાપોળને વિશાળ ગૌચર ફાળવ્યાં. જૈનધર્મીઓએ તો પાંજરાપોળ માટે ગાય દીઠ સવા રૂપિયા લેખે અઢળક દાન વહેવડાવ્યું. પરિણામે આજે એકલા ગુજરાતમાં ૧૭૦૦ પાંજરાપોળોમાં ૧૩,૬૦,૦૦ પશુઓ છે, જે રાજ્યની કુલ વસ્તીના ૯% છે. વર્તમાન સ્થિતિમાં ગાયો હિન્દુધર્મનું પ્રતીક બની જતાં આજે ભેંસ, ઘેટાં, બકરાં, ઊંટ પ્રકારનાં તમામ દૂધાળાં પ્રાણીઓને બાકાત રાખી માત્ર ગૌમાતાને ૨૧મી સદીમાં હત્યા પ્રતિબંધિત ધારા નીચે અભય વરદાન આપવામાં આવ્યું છે.

ગુજરાતના જાણીતા અર્થશાસ્ત્રી પ્રા. ડૉ. લાકડાવાલાએ અર્થશાસ્ત્રમાં શિફ્ટિંગ એજન્ડાની થિયરી આપી છે. તે અનુસાર ગુજરાતના એક બીજા ટૅકનોક્રેટ ડૉ.વર્ગીસ કુરિયને શ્વેત ક્રાંતિના ખ્યાલ થકી દૂધ અને દૂધની આડપેદાશો અંગે ભારતને તમામ દૂધાળાં પ્રાણીઓની ઉપયોગિતાથી વાકેફ કર્યા. ૧૯૭૨થી ૨૦૦૧ના સમયગાળામાં ખેડૂતોના ૧૮થી ૨૦ સંઘો રચી ગુજરાતનાં તમામ ગામડાંઓના પશુપાલકોના દૂધને અમૂલ બ્રાન્ડ નીચે સંકલિત કર્યું છે. એટલું જ નહિ પણ, એકલા અમૂલ ઉદ્યોગના માધ્યમથી વર્ષે ૨૮૦૦૦ કરોડની દૂધ અને દૂધની બાયપ્રોડક્ટનું વેચાણ વિસ્તાર્યું છે. આથી ગુજરાતમાં ૧૮ લાખથી વધુ પશુપાલકોની વાર્ષિક આવક રૂ. ૭૬૪.૭ કરોડ સુધી પહોંચી છે.

જમીન ઉપરની બીજી હકીકત એ જોવા મળે છે કે ૨૧મી સદીમાં વિજ્ઞાન અને તકનીક વિકસતા મધ્યમ કદની ઇજનેરી વિદ્યા હાથવગી બનતી ચાલી છે. પરિણામે ગુજરાતમાં છાણ આધારિત ગેસની તકનીક વર્ષાથી પ્રચલિત બની રહી છે. ઢોરનું છાણ હવનકાર્યમાં, મૃત્યુ સમયે કુલડીમાં કે સુવાવડીના શેક માટેના બળતણનાં છાણાંથી વિશેષ ઔદ્યોગિક એકમ તરીકે જોવાતું થયું છે. છાણ એટલે ગંદવાડ નહીં પણ ૬.૫% મિથેન, ૪% રૂઈબર, ૦.૭% પ્રોટિન, ૦.૪% ફેટ, ૨૦% કાર્બોહાઈડ્રેટ તરીકે રાસાયણિક ઉપયોગિતા ધરાવે છે. રસોડા માટેના ઉત્તમ બળતણથી વિશેષ પશુઓનું

છાણ પાવર જનરેટર માટે ઉત્તમ ઇંધણ બન્યું છે. બાયોગૅસ ઉપયોગમાં લેવાયા પછી ઉત્તમ સેન્દ્રીય ખાતર બને છે. ૨૪ કલાકમાં ૬૦થી ૮૦ કિલો ઘાસચારો ખાતી પાંજરાપોળની એક ગાય રોજના ૬થી ૮ કિલો પોદળા(છાણ) આપે છે, જેની કિંમત રૂ. ૪૫ થાય છે.

જીવમાત્રના દેહમાં તેના કુલ વજનનો ૭૦% ભાગ પાણી અને ભેજ હોય છે. આથી પશુઓને જીવિત રહેવા રોજ ૨૪ કલાકમાં ૪૦થી ૫૦ લિટર પાણી પીવું પડે છે. આથી પશુશરીરમાં બનતું મૂત્ર પેશાબ વાટે ૨૪ કલાકમાં ૮ લિટર ઉત્સર્ગ પામે છે. આ ગૌમૂત્ર ઉત્તમ ખાતર છે. તેમાં રહેલ પેસ્ટીસાઇડથી ખેતીમાં દેખાતા ૧૯ પ્રકારના જીવાણુઓ કાબૂમાં રહી શકે છે. અને આથી જ પ્રત્યેક ગાયના દિવસભરના મૂત્રમાંથી પ્રતિદિન રૂ. ૫૮૦/-ની કિંમતના ખાતર અને દવારૂપે આવક મળે છે.

એક જાણીતી ઉક્તિમાં કહેવાયું છે તેમ ‘જેનું નામ તેનો નાશ’. ગૌશાળા હોય કે પાંજરાપોળ, પાલતું કે નોંધારું જાનવર સહજ રીતે મૃત્યુ તો પામે જ છે. આ સંદર્ભમાં ખાલી ગુજરાતમાં રોજનાં ૨૭૦૦ પશુઓ નૈસર્ગિક રીતે મૃત્યુ પામે છે. ત્યારે એક પુખ્ત વયના પશુમાંથી મળતા સરેરાશ ૬થી ૮ સ્કેવરફીટ લેધરની બજાર કિંમત રૂ. ૧૪૦૦થી ૧૬૦૦/- થવા જાય છે.

પ્રાણીઓના અસ્તિત્વનો આધાર તેનું હાડપીંજર છે. એક તંદુરસ્ત ગાય-ભેંસના ૨.૫ ટન વજનમાં હાડકાંનો હિસ્સો ૨૭% હોય છે. પ્રાણીજન્ય હાડકાંમાં ફોસ્ફરસ, મિનરલ, પૉટેશિયમ, કેલ્શિયમ પ્રકારે પ્રાણીજન્ય તત્ત્વો રહેલાં હોય છે. જમીનને ફળદ્રુપ કરવા માટે મૂળભૂત રીતે જોઈતાં તત્વ પૈકી પોટાસ અને ફોસ્ફરસના વાહક પશુઓનાં હાડકાં જ બને છે. એટલું જ નહિ પણ પ્રાણીઓનાં પોલાં હાડકાંમાં રહેલ બોર્નમેરોમાંથી જિલેટીન મળે છે. જે લગભગ-લગભગ તમામ તૈયાર ખોરાકોમાં ઉમેરાયેલ હોય છે. કહેવાય છે તો હાથી માટે, પણ ગાય-ભેંસ પણ મરે ત્યારે પૈસાથી ન માપી શકાય તેવું મૂલ્ય મૂકીને માનવજાતને અલવીદા કહે છે.

આમ, એક દૂધાળ ગાય રોજના સરેરાશ ૩.૨ લિટર દૂધ, ૮થી ૧૨ કિલો છાણ તથા ૬થી ૮ લિટર મૂત્ર દ્વારા તેની યુવાનીના દિવસોમાં સરેરાશ રૂ. ૩૩૦/-નું ઉત્પાદન આપે છે. અને પોતાના ૯ વર્ષના આયુષ્યમાં માલિકને રૂ. ૮ લાખ રળાવી આપે છે. ગાયો પાછળના ઘાસ-ચારા ને પાણીના ખર્ચને બાદ કરીએ તો પણ માલિકને રૂ. ૩.૫ લાખનો ચોખ્ખો નફો આપે છે. પાંજરાપોળમાં દાન-ભીખથી મરવાના વાંકે જીવતાં પશુ પણ જીવતાં જીવ રોજના રૂ. ૪૨ તથા મૃત્યુ પછી તેના હાડ-ચામડાંના રૂ.૧૬૦૦/- ચૂકવીને પૃથ્વી ઉપરથી વિદાય થાય છે.

એક ગણતરી અનુસાર પેટ્રોલિયમ ઉદ્યોગમાં રોકેલા રૂ. ૩૦૦/- દસ રૂપિયા તરીકે વળતર આપે છે. જ્યારે પશુઉછેર પાછળ રોકેલ ૧૦ રૂપિયા ૩૦૦/- રૂપિયા બનીને સમાજમાં વૅલ્થ જનરેટ કરે છે. એક કહેવતમાં તો કહેવાયું છે, જ્યાં કાળી(ભેંસ) ત્યાં રોજ દિવાળી, જ્યાં લાલ-ધોળી (ગાય) ત્યાં રોજ ઉજાણી. મનુષ્યને પ્રકૃતિ સાથે જોડીને તેને ગૌરવપૂર્ણ સ્વરોજગાર આપનાર એકમ પશુ છે. પોતાના મળમૂત્રના ઉત્સર્ગથી ધરતીને ફળદ્રુપ કરી બાયોમાસને વિસ્તારનાર પશુઓ છે. પર્યાવરણનાં મિત્ર પશુઓ જ છે. માનવજાતના ટકાઉપણાને મદદરૂપ થનાર પશુઓ જ છે. આ વાતને સમજીએ.

બદલાતા પરિવેશમાં શહેરોમાં ઉકરડા ઉપર નભતાં પશુઓના સ્થાને હવે પશુઉછેરને ઉદ્યોગ તરીકે અપનાવવાનો સમય પાકી ગયો છે. ઘટતા ગૌચરના સ્થાને એગ્રોવેસ્ટમાંથી પશુઆહાર તૈયાર કરીએ. જીવદયાના ક્ષેત્રમાંથી પાંજરાપોળોને બહાર કાઢી પ્રાકૃતિક સાયકલને જાળવીને કેટલફાર્મ તૈયાર કરવાનો સમય ગુમાવીશું તો સરવાળે માનવજાત પોતાના કર્મે જ પોતાનો વિનાશ વહોરી લેશે. મહાવીરસ્વામીના જીવદયાના સૂત્ર પાછળ મૂળ વિચાર માનવજાતનો વૈજ્ઞાનિક વિકાસ છે જે સમજીએ.

## ૦૬. અભિવ્યક્તિ...

**કાર્તિકસ્વામી**
**ભાણદેવજી**

---

હરિદ્વાર ! હા, હરિનું દ્વાર ! સંસારતાપહારિણી, વિશ્વપાપવિદારિણી ભગવતી ભાગીરથી ગંગા અહીંથી - હા ! અહીંથી જ નગાધિરાજમાંથી બહાર નીકળીને જલધિરાજ તરફ પ્રયાણ કરે છે !

હરિદ્વારમાં મહાકુંભપર્વ છે. ભારતભરના સર્વ પરંપરાના સાધુઓ અહીં

એકત્રિત થશે. સત્સંગ અને દર્શનની ધૂમ મચશે. ચાલો-ચાલો, આપણે પણ હરિદ્વાર પહોંચી જઈએ !

પહોંચી ગયા હરિદ્વારના મહાકુંભપર્વમાં. અપરંપાર સાધુસંગ, અપરંપાર સત્સંગ અને અપરંપાર સંતદર્શન !

એક મિત્રે વાત મૂકી :

''સ્વામીજી ! આપણે અહીં સુધી - આ હિમાલયના દ્વાર સુધી આવ્યા છીએ તો આપ અમને હિમાલયના એકાદ તીર્થની યાત્રા કરાવો !''

બીજા મિત્રે હઠ આગળ ચલાવી :

''હા-હા, સ્વામીજી ! અહીં સુધી આવ્યા છીએ અને હિમાલયના એક પણ તીર્થની યાત્રા વિના પાછા જઈએ એ તો કંઈ ગળે ઊતરે તેવી વાત નથી.''

પછી તો બધા જ કૂદી પડ્યા :

''હા-હા, હિમાલયના એકાદ તીર્થની યાત્રા તો થવી જ જોઈએ.''

નિર્ણય થઈ ગયો, પસંદગી પણ થઈ ગઈ અને આયોજન પણ થઈ ગયું. તીર્થ છે કાર્તિકસ્વામીમંદિર !

ઉત્તરાખંડમાં 'કૌંચ' નામનો એક ઉત્તુંગ પર્વત છે. આ કૌંચપર્વતની ટોચ પર કાર્તિકસ્વામીનું સ્થાન છે - મંદિર છે.

અમારી વાહિની ઉત્તરાભિમુખ બનીને ચાલી. હરિદ્વારના ગંગાકિનારે અપરંપાર આશ્રમો, અપરંપાર સાધુ-સંતો, અપરંપાર તંબુઓ ! આ બધાને પેખતા, વદંતા અમે આગળ ચાલ્યા. રાયવાલામાં ગંગાકિનારે એક સરસ, સુંદર આશ્રમ બન્યો છે. મહાયોગી શ્રી અરવિંદનાં દર્શનને આત્મસાત્ કરીને થોડા નિષ્ઠાવાન સાધકો અહીં એકત્રિત થયા છે. તેમનાં દર્શન છોડીને તો આગળ જવાય જ કેમ ? અનુમતિપૂર્વક તેમનાં દર્શન પામીને અમે આગળ વધ્યા.

હૃષીકેશ - ઋષિઓના કુલનું આ ધામ ! ત્રિવેણીઘાટ, ભરતમંદિર અને પછી મુનિ કી રેતી. મુનિ કી રેતી એટલે હૃષીકેશનો આશ્રમવિસ્તાર. કૈલાસ આશ્રમ, યોગનિકેતન, શિવાનંદ આશ્રમ અને સામા કિનારે સ્વર્ગાશ્રમ, પરમાર્થનિકેતન, ગીતાભવન અને અહીં તો બીજા ગણ્યા ગણાય નહીં તેટલા આશ્રમો છે.

સામે જ પર્વતની ટોચે ભગવાન નીલકંઠ બિરાજે છે. એક વાર પગપાળા અને પછી એક વાર મોટર દ્વારા ત્યાં ગયા હતા તેનું સ્મરણ કરતાં-કરતાં અમે આગળ ચાલ્યા. અને હા, લક્ષ્મણઝૂલા અને લક્ષ્મણમંદિર તો ભુલાય જ કેમ ?

આ ચારેય ભાઈઓ અહીં તપશ્ચર્યા-રત છે, તેથી તેમનાં સ્થાન-મંદિર અલગઅલગ છે. તપશ્ચર્યામાં તો એકાંત જ જોઈએ ને ! હૃષીકેશમાં ત્રિવેણીઘાટ પાસે ભરતજીનું મંદિર છે. શિવાનંદ આશ્રમ પાસે ગંગાકિનારે શત્રુઘ્નજીનું મંદિર છે. અહીં લક્ષ્મણઝૂલા પાસે લક્ષ્મણમંદિર છે અને દેવપ્રયાગમાં રઘુનાથમંદિર છે.

હૃષીકેશ છોડીને અમે આગળ ચાલ્યા.

અહીં ગંગાનદી વળાંક લે છે અને તદનુસાર રસ્તો પણ વળાંક લે છે. આ વળાંક ઓળંગીને આગળ ચાલીએ એટલે તરત આપણે હિમાલયમાં પ્રવેશ પામ્યા તેમ અનુભવાય છે. જાણે એક દુનિયા છોડીને એક બીજી સાવ

જુદી જ દુનિયામાં પહોંચી ગયા.

સામા કિનારે પણ એક રસ્તો દેખાય છે. આ રસ્તો નીલકંઠ જાય છે. આ રસ્તા પર બે ચટ્ટીઓ આવે છે - ગરુડચટ્ટી અને ફૂલચટ્ટી.

ચટ્ટી એટલે યાત્રીઓ માટે ભોજનનિવાસનું સ્થાન. હૃષીકેશથી બદરીનાથ જતી પગવાટ પર આ બંને ચટ્ટી હતી. તે અર્થમાં હવે આ ચટ્ટીઓ નથી. આમ છતાં બંને સ્થાન જળવાયાં છે. ગરુડચટ્ટી હૃષીકેશથી ત્રણ કિ.મી. દૂર છે. અહીં ગરુડજીનું નાનું મંદિર છે. સ્વર્ગાશ્રમ દ્વારા સેવા-પૂજાની વ્યવસ્થા થાય છે.

ગરુડચટ્ટીમાં એક ઝરણું વહે છે. આ ઝરણાના પાણીમાં એવાં તત્ત્વો છે કે તેના પ્રવાહમાં વૃક્ષનાં પાન, ડાળખીઓ કે ફળ લાંબા સમય સુધી મૂકવામાં આવે તો તે પદાર્થો પથ્થર જેવા બની જાય છે. ઝરણાના પાણીમાં વહેતા અમુક પ્રકારના કણો તે પદાર્થની આજુબાજુ ગોઠવાઈ જાય છે. મૂળ પદાર્થના જૂના કણો સડીને ઝરણાના વેગમાં વહી જાય છે. તેમના સ્થાને ઝરણાના પાણીમાં વહેતા પથ્થર-માટીના કણો ગોઠવાઈ જાય છે. આમ બનવાથી લાંબા ગાળે મૂળ પદાર્થની આકૃતિ બરાબર જળવાઈ રહે છે, પરંતુ દ્રવ્ય બદલાઈ જાય છે. આ રીતે પથ્થર-માટીના બનેલાં પાન, નાની ડાળખીઓ, ફળો વગેરે અમે જોયાં છે, હાથમાં લઈને તપાસ્યાં પણ છે. કુદરતી કરામતનું એક દૃષ્ટાંત !

ગરુડચટ્ટીથી આગળ જતાં ફૂલચટ્ટીનું સ્થાન છે. યાત્રામાર્ગની ચટ્ટી જેવી ચટ્ટી હવે અહીં નથી, કારણ કે અહીં હવે યાત્રામાર્ગ નથી. ફૂલચટ્ટી એક રમણીય સ્થાન છે. અહીં એક નાનો, સુંદર આશ્રમ છે. ભોજન અને રાત્રિનિવાસની વ્યવસ્થા અહીં થઈ શકે તેમ છે. હૃષીકેશથી આટલું નજીક, આટલું શાંત, રમણીય સ્થાન છે તેની ભાગ્યે જ કોઈને જાણ હશે !

જેમણે હિમાલયનું સૌંદર્ય માણવું છે અને જેમને પગપાળા યાત્રાનો શોખ છે તેમણે આ બંને ચટ્ટીઓ સુધી પગપાળા ફરી આવવા જેવું છે. આ બંને ચટ્ટીઓ સુધી વાહન દ્વારા પણ જઈ શકાય છે, કારણ કે આ બંને ચટ્ટીઓ હવે નીલકંઠ સુધી જતા રસ્તા પર જ છે. આ વિસ્તારમાં આગળ જતાં નાનાં પહાડી ગામડાંઓ પણ છે.

હરિદ્વાર-હૃષીકેશથી વાહન દ્વારા એક જ દિવસમાં ગરુડચટ્ટી, ફૂલચટ્ટી અને નીલકંઠ મહાદેવનાં દર્શન કરીને સાંજે પાછા આવી શકાય છે.

અમારી મોટર આગળ ચાલે છે. બ્રહ્મપુરી અને શિવપુરી નામનાં બે સ્થાનો વચ્ચે આવે છે. આ વિસ્તારમાં ગંગાકિનારાનાં ગાઢ જંગલો વચ્ચે નાનાંનાનાં આશ્રમો અને નિવાસસ્થાનો છે. આ બંને પુરીઓ પછી આવે છે વ્યાસી અર્થાત્ વ્યાસઘાટ. ભગવાન વ્યાસની આ તપશ્ચર્યાસ્થલી ગણાય છે. અહીં વાહનમાર્ગની બાજુમાં જ એક મોટો પાર્ક બનાવ્યો છે. અરણ્યમાં પાર્ક ! એક સારી નર્સરી પણ છે. એક નાની પગદંડી દ્વારા અરણ્યમાંથી પસાર થઈને ગંગા સુધી પહોંચી શકાય છે. ગંગાનો અહીં વિશાળ પટ છે. પુલિનમાં અનેક તંબુઓની એક હાર ઊભી કરી દીધી છે. રાફ્ટીંગ એક સાહસપૂર્ણ રમત છે. રાફ્ટ અર્થાત્ તરાપામાં બેસીને ગંગાના પ્રવાહમાં વહેતાં-વહેતાં અહીંથી હૃષીકેશ સુધી પહોંચી શકાય છે. આ રસ્તે આવતાં-જતાં આવા અનેક તરાપાઓ જોવા મળે છે.

વ્યાસીથી દેવપ્રયાગ જતાં એક ઊંચી પર્વતમાળા પાર કરવી પડે છે. દહેરાદૂનથી યમુનોત્રી તરફ જતાં મસૂરીના પહાડો પસાર કરવા પડે છે. આ હિમાલયની એક પર્વતમાળા છે. હિમાલયની ચાર પર્વતમાળા છે - શિવાલિક પર્વતમાળા, નાની પર્વતમાળા, મોટી પર્વતમાળા અને પારની પર્વતમાળા. હરિદ્વાર-હૃષીકેશના પર્વતો શિવાલિક પર્વતમાળા છે. મસૂરીના પર્વતો, વ્યાસીથી દેવપ્રયાગ જતાં વચ્ચે આવતી પર્વતમાળા - આ નાની પર્વતમાળા છે. ભારત અને તિબેટની વચ્ચે જે ઉત્તુંગ પર્વતો છે તે મોટી પર્વતમાળા છે. નર-પર્વત, નારાયણ-પર્વત, એવરેસ્ટ, ગૌરીશંકર આદિ ઊંચાં શિખરો આ મોટી પર્વતમાળામાં છે. તિબેટસ્થ હિમશિખરો પારની પર્વતમાળા છે. કૈલાસશિખર આ પારની પર્વતમાળામાં છે.

આ નાની પર્વતમાળા ઓળંગીને અમે દેવપ્રયાગ પહોંચ્યા.

હિમાલયની બે મોટી નદીઓ ભાગીરથી અને અલકનંદાનું સંગમસ્થાન તે જ આ દેવપ્રયાગ. ભાગીરથી ગંગોત્રીથી નીકળે છે. કેદારનાથમાંથી મંદાકિની અને

બદરીનાથમાંથી અલકનંદા નીકળે છે. આ બંને દેવનદીઓ રુદ્રપ્રયાગમાં મળે છે. મળીને અલકનંદા નામ ધારણ કરે છે. આ અલકનંદા અને ભાગીરથીનો અહીં સંગમ થાય છે. અહીંથી આ મહાનદી - દેવનદી 'ગંગા' નામ ધારણ કરે છે.

સંગમની પાસે જ થોડી ઊંચાઈ પર ભગવાન રઘુનાથજીનું મંદિર છે. અહીં ભગવાન શ્રીરામ તપશ્ચર્યા-રત છે. હિમાલયમાં તો તપશ્ચર્યા જ હોય છે. બદરીનાથમાં પણ ભગવાન નર-નારાયણ તપશ્ચર્યા-રત છે.

સંગમસ્થાન અને ભગવાન રઘુનાથજીનાં દર્શન કરીને અમે આગળ ચાલ્યા. કીર્તનગર-શ્રીનગર થઈને સાંજે રુદ્રપ્રયાગ પહોંચ્યા.

અહીંથી પાંચેક કિ.મી. દૂર અલકનંદાના કિનારે એક સુંદર સ્થાન છે - કોટેશ્વર મહાદેવ. સાંજે સંગમ(અલકનંદા અને મંદાકિની)સ્થાન પર આરતી થાય છે. સંગમસ્થાન પર થોડી ઊંચાઈ પર ભગવાન રુદ્રનાથનું મંદિર છે. સ્થાન દર્શનીય છે.

બીજા દિવસે સવારે કાર્તિકસ્વામી મંદિર જવા માટે અમારી યાત્રાનો પ્રારંભ થયો. રુદ્રપ્રયાગથી કનકચૌરી સુધી મોટરમાર્ગ છે. પહાડોને કાપીને બનાવેલો સુંદર માર્ગ છે. બંને બાજુ પહાડો, વૃક્ષો, નદીઓ જોવા મળે છે. નાનાંનાનાં અનેક સુંદર ગામડાંઓ જોવા મળે છે. ક્યાંક બાળકો ગાયો ચરાવી રહ્યા છે. બંને બાજુ ચીડ, દેવદાર, બાંજ, બુરાંસ, કૈલ, નૈર, થુનૈર આદિ વૃક્ષોની ઘનઘોર ઘટાઓ જોવા મળે છે. ક્યાંક-ક્યાંક પીઠ પર સ્કૂલબૅગ ગોઠવીને શાળાએ જતાં બાળકો જોવા મળે છે. હિમાલયમાં શિક્ષણનો ખૂબ સારો માહોલ છે. પહાડો ચડી-ઊતરીને નાનાંનાનાં બાળકોને શાળાએ જતાં કે શાળાએથી ઘેર જતાં જોઈને મારા શિક્ષક હૃદયને અપાર સુખ અનુભવાય છે.

મયકોટી, ચોપતા, ઘિમતોલી, જગતોલી આદિ ગામડાંઓને પાર કરીને આખરે અમે કનકચૌરી પહોંચ્યા.

હવે અહીં કનકચૌરીથી અમારે પગપાળા યાત્રા કરવાની છે.

કનકચૌરીથી કાર્તિકેયમંદિર ત્રણ કિ.મી. દૂર છે. ચડાઈનો રસ્તો છે, પગવાટ છે. રસ્તો કઠિન છે કે સરળ? સરળ અને કઠિન તો સાપેક્ષ છે. કોઈને સાવ સરળ લાગે અને તે જ રસ્તો અન્ય કોઈને ખૂબ કઠિન !... અને આમ છતાં લાગે છે કે રસ્તો સરળ છે.

અમે આગળ ચાલ્યા. અમને કહેવામાં આવ્યું કે આ ઋતુમાં રસ્તામાં અને ઉપર પણ પાણી નથી, તેથી પાણી સાથે લેવું. હિમાલયમાં પાણી ન હોય તેવું કોઈ સ્થાન હોઈ શકે? હા, હિમાલયમાં પણ ક્વચિત્ - ખાસ કરીને પહાડની ટોચ પર એવો માર્ગ કે એવું સ્થાન હોઈ શકે છે, જ્યાં પાણી ન હોય. અહીં આ કાર્તિકસ્વામી મંદિર પર વર્ષના અમુક મહિના પાણીની ખેંચ રહે છે. તદનુસાર અમે પાણી

સાથે લીધું.

હળવેહળવે ઢાળ ચડતી આ પગવાટની બંને બાજુ સુંદર વૃક્ષો, વેલીઓ અને નાના છોડવાઓની ભરમાર છે. અમારી પાછળપાછળ કેટલાંક પહાડી બહેનો પણ ચાલી રહી છે. તેમની ઝડપ અમારા કરતાં વધુ છે. થોડી જ વારમાં તેઓ અમારી સાથે થઈ ગયાં.

આ અરણ્યમાં વૃક્ષો તો અનેક છે અને અનેકવિધ છે, પરંતુ એક વૃક્ષે અમારું ધ્યાન વિશેષ રૂપે ખેંચ્યું છે. આ વૃક્ષ લાલચટાક રંગનાં પુષ્પોથી લચી પડ્યું છે અને આ અરણ્ય આ વૃક્ષોથી લચી પડ્યું છે.

અમે આ પહાડી બહેનોને પૂછ્યું : ''યહ લાલ ફૂલોંવાલે પેડ કા નામ ક્યા હૈ?''

એકસાથે લગભગ બધાં જ બહેનો બોલી ઊઠ્યા : ''બુરાંસ!''

અને પછી તેમાંનાં એક બહેને આગળ ચલાવ્યું :

''યે ફૂલ આપ ખા સકતે હૈં. બડે અચ્છે લગતે હૈં. દેખિયે, ઈસ તરહ!'' આટલું કહીને તેમણે બુરાંસની એક ડાળી પરથી ફૂલનો એક ઝૂમખો ચૂંટી લીધો અને પુષ્પ-ભોજન શરૂ કર્યું. અમે પણ બુરાંસનાં ફૂલો તોડીતોડીને મુખમાં મૂકવા માંડ્યાં. આ ફૂલો ખટમીઠાં, સ્વાદિષ્ટ લાગે છે! બુરાંસનાં વૃક્ષો કેટલાં છે? અપરંપાર! અને ફૂલો કેટલાં છે? અપરંપાર! સૂંડલા ભરાય તેટલાં નહીં, ગાડાં ભરી શકાય તેટલાં!

અમારું બુરાંસપુષ્પભોજન ચાલુ રહ્યું અને એક પહાડી બહેને કહ્યું : ''યહી ફૂલોં સે કાર્તિકસ્વામીકી પૂજા હોતી

હૈ.''

અમારું પુષ્પભોજન બંધ થયું અને અમે પૂજા માટે પુષ્પો એકઠાં કરવા લાગ્યા.

અરણ્યમાં દૂરદૂર એક પક્ષી સુંદર ગાન રેલાવી રહ્યું છે. આવું સુંદર ગાન

ગાનાર આ પક્ષી કયું હશે? કેવું હશે? અમે તે બહેનોને જ પૂછ્યું :

''યહ કૌન પંછી ગા રહા હૈ?''

''યહ મૈલી હૈ!''

આવું મધુર ગાનાર પક્ષીનું નામ મૈલી નારાયણ!

પગદંડી મોટા ભાગે માટીમય છે. પથરાળ પગદંડી કરતાં માટીમય પગદંડી પર ચાલવું સરળ બને છે. પથરાળ પગદંડી પર ચાલતી વખતે એડી પર અનુભવાતા આઘાતની અસર સમગ્ર શરીરમાં અનુભવાય છે અને શરીર થાકી જાય છે. માટીમય પગદંડી પર ચાલતી વખતે આવો આઘાત અલ્પપ્રમાણમાં જ લાગે છે અને શરીર આ આઘાતથી મહદંશે બચી જાય છે.

પ્રારંભમાં તો અમે રમણીય અરણ્યમાંથી માટીમય પગદંડી પરથી પસાર થઈ રહ્યા છીએ, પરંતુ જેમજેમ ઊંચાઈ પર આગળ વધીએ છીએ તેમતેમ વૃક્ષોનું પ્રમાણ ઘટી રહ્યું છે.

અનેક પહાડો પાર કરીને આખરે અમે કૌંચપર્વત પર પહોંચ્યા. આ કૌંચપર્વતમાં માટીનું પ્રમાણ અતિ અલ્પ છે. કૌંચપર્વત મહદંશે પથ્થરનો બનેલો છે, તેથી આ પર્વત પર વૃક્ષોનું પ્રમાણ અતિઅલ્પ છે, તેથી ચાલતી વખતે પગ પર અને પગ દ્વારા આખા શરીરે પણ આઘાત લાગે છે.

આખરે અમે કૌંચપર્વતની ટોચ પર પહોંચી ગયા.

પ્રારંભમાં ત્રણ-ચાર નાનાંનાનાં નિવાસસ્થાન છે. એક નાનો યાત્રીનિવાસ પણ છે. એકમાં પૂજારીજી રહે છે. કાષાયવસ્ત્રધારી એક વૃદ્ધ પુરુષ છે. અમે 'ૐ નમો નારાયણાય!' કહીને નમસ્કાર કર્યા. તેમણે પણ કહ્યું : ''નારાયણ!''

સંન્યાસીઓને પ્રણામ કરવાની આ પદ્ધતિ છે. આપણે જ્યારે સંન્યાસીમહારાજને 'ૐ નમો નારાયણાય!' કહીએ છીએ ત્યારે વસ્તુતઃ આમ કહીએ છીએ - 'નારાયણસ્વરૂપ આપને હું વંદન કરું છું' અને સામેથી તેઓ 'નારાયણ' કહે છે ત્યારે તેઓ એમ કહે છે - 'આપ પણ નારાયણ જ છો!'

**ક્રમશ...**

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

**(અનુસંધાન પાના નં. ૫૮ ઉપરથી)**

ટેક્નૉલૉજી- મુંબઈ ખાતે આંતરરાષ્ટ્રીય નામાંકિત એવી TED ટોકમાં 'સ્ટોરી ઓફ બ્લેક હોલ' વિષય પર અદભૂત વ્યાખ્યાન આપ્યું હતું.

દેશની શિક્ષણ વ્યવસ્થા ઉપર તેઓ કહે છે કે હજુ ભારતમાં જોઈએ તેટલું સંશોધન ઉપર કાર્ય થતું નથી. IIT જેવી નામાંકિત સંસ્થાઓનું આ દિશામાં કામ નોંધનીય છે ઉપરાંત અમુક આંગળીના વેઢે ગણી શકાય તેટલી યુનિવર્સિટી પણ કામ કરી રહી છે, પરંતુ આટલું પૂરતું નથી. વિદેશોમાં સંશોધન પાછળ અઢળક ખર્ચ થાય છે, જેમાં વધુ પડતો તેનો ઉપયોગ સંશોધનના નામે સંશોધકો દ્વારા ખાણી–પીણીમાં અને બીજી ભૌતિક સુખ સગવડોમાં ભોગવવામાં થતો હોય છે, જ્યારે તેમના વિદ્યાર્થીઓ સામાન્ય બસમાં સફર કરી તેમનું સંશોધન કાર્ય કરતા હોય છે. તેવું તેમનું કહેવું છે. હાલની વ્યવસ્થા પ્રમાણે વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સુધી ભારતમાં ભણીને પછીનો અભ્યાસ વિદેશોમાં કરવા જતા રહે છે, જેનો અર્થ આપણે દેશમાં તેમના માટે ખૂબ સારી વ્યવસ્થા ઊભી કરી નથી શક્યા એવો થાય છે. દેશમાં બધાને ડૉક્ટર અને એન્જીનિયર જ બનવું છે જેમાં કાંઈ ખોટું નથી પરંતુ જો શિક્ષણ પાયાથી મજબુત હશે તો જ ઉચ્ચ કક્ષાએ ગુણવત્તા મેળવી શકાશે.

પંકજ જોષી નમ્ર અને નિષ્ફીકર માણસ છે. તેમને પોતાના આટલા મોટા સંશોધનની વાત કોઈપણ જાતના અહંકાર વગર રજૂ કરી છે. વાસ્તવમાં ખગોળ-વિજ્ઞાન ક્ષેત્રે નોબેલ પારિતોષિક માટે લેખામાં લેવાય એવું તેમનું આ સંશોધન છે.

## ગુલઝાર અને ચાંદ : સંબંધ કોપીરાઇટનો

ડૉ. જય મહેતા
jaymehtas@gmail.com

---

ગુલઝાર અને ચાંદ : સંબંધ કોપીરાઇટનો

"ચાંદ પર મેરા કૉપીરાઇટ હૈ!"

આ વાક્ય કોઈ વૈજ્ઞાનિક, રાજનેતા કે કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થાના વડાનું નથી. આ વાક્ય છે (કદાચ) ભારતના સૌથી લોકપ્રિય ગીતકારનું – ગુલઝારનું. ઉત્તમ ગીતકાર, ઉમદા કવિ, સંવેદનશીલ ફિલ્મમેકર, સ્ક્રીપ્ટરાઇટર, વાર્તાકાર, નાટ્યલેખક, સંવાદલેખક, બાળસાહિત્યના સર્જક... ટૂંકમાં કહીએ તો વર્સેટાઇલ જિનિયસ.

આ પ્રચંડ પ્રતિભાશાળી કલાકારના એક પરિમાણ – કાવ્યતત્વ વિષે થોડી વાતો કરવી છે. ગુલઝાર સાહેબનાં ફિલ્મી ગીતો અને કવિતાની રેન્જ એટલી વિશાળ છે કે તેના પર અઢળક પુસ્તકો લખાઈ ચૂક્યાં છે. એમની રચનાઓમાં લયની જબ્બર પ્રસ્તુતિ, ધ્વનિનો સુંદર પ્રયોગ (ચલ છૈયાં છૈયાં, ચપ્પા ચપ્પા ચરખા ચલે, છૈ છપ્પા છૈ છપ્પાક છૈ ...) જીવનની ગહનતમ ફિલસૂફીની સરળતમ સમજૂતી (ઝિંદગી તેરે ગમને હમે રિશ્તે નયે સમજાયે, મિલે જો હમે ધૂપ મેં મિલે, છાંવ કે ઠંડે સાયે, આનેવાલા પલ જાનેવાલા હૈ વગેરે), 'દિલ' ની એકદમ હટકે અભિવ્યક્તિ ("દિલ હૈ તો ફીર દર્દ હોગા, દર્દ હૈ તો દિલ ભી હોગા" થી લઈને "દિલ તો બચ્ચા હૈ" જી સુધી), 'આંખ' વિષય પરની વિશિષ્ટ રજૂઆત ("આંખે ભી હોતી હૈં દિલ કી ઝૂબાં; આંખે ભી કમાલ કરતી હૈં, પર્સનલ સે સવાલ કરતી હૈં!).....

અને હા, એમનાં કાવ્યાત્મક કલ્પનો (Imagery) વિષે તો આખો થિસિસ લખી શકાય.

આવા ગુલઝાર બ્રાંડના કલ્પનોનાં કેટલાંક ઉદાહરણો જોઈએઃ-

- દિન ખાલી ખાલી બર્તન હૈ ઔર રાત હૈ જૈસે અંધા કૂંઆ (ઘરોન્દા)
- હમને દેખી હૈ ઉન આંખો કી મહકતી ખુશ્બુ,
  હાથ સે છૂ કે ઈસે રિશ્તો કા ઇલ્ઝામ ન દો.
- એક અકેલી છતરી મે જબ આધે આધે ભીગ રહે થે
  આધે ગિલે આધે સુખે, સૂખા તો મૈં લે આઈ થી!"

અનેક ગીતો એવાં પણ છે કે જે એમણે લખ્યાં હોય એની ખબર તો બહુ મોડી પડી હોય પણ લોકહૈયે અને લોકજીભે બહુ પહેલાં ચડી ગયાં હોય. જેમ કે,

- જંગલ જંગલ બાત ચલી હૈ, પતા ચલા હૈ,
  ચડી પહેન કે ફૂલ ખીલા હૈ, ફૂલ ખીલા હૈ.

આ ઉપરાંત લગભગ દરેક વરઘોડામાં અચૂકપણે વાગતું આ ગીતઃ-

- સપને મેં મિલતી હૈ ઓ કુડી મેરી સપને મે મિલતી હૈ;
  સારા દિન સડકોં પે ખાલી રિક્ષે સા પીછે પીછે ચલતા હૈ!

વાહ! શું ઉપમા આપી છે પ્રેમિકા પાછળ ફરતા પ્રેમી માટે! સંવેદનાસભર અને નજાકતભર્યાં ગીતોના સર્જક ગુલઝાર સાહેબે જ આ ગીત લખ્યું છે એ જાણીને ખૂબ નવાઈ લાગી હતી-

- ગોલી માર ભેજે મેં, ભેજા શોર કરતા હૈ.
  ભેજે કી સુનેગા તો મરેગા કલ્લુમામા!

એમણે પોતે જ એક ઇન્ટરવ્યૂમાં કહેલું છે કે એક ગેંગસ્ટર દારૂ પીને ગીત ગાય તો એ કાંઈ 'દિલ-એ-નાદાન

તુઝે હુઆ ક્યાં હૈ' તો ન જ ગાય ને!

ફિલ્મના ગીતમાં પાત્રના મનોભાવો અને જીવનની સિચ્યુએશનને ધ્યાનમાં રાખીને ગીત લખાતું હોય છે એટલે એ અર્થમાં ફિલ્મનું ગીત કવિતાથી અલગ પડે છે. કવિતામાં કવિ પોતે સ્પષ્ટપણે પોતાની વાત પોતાના શબ્દોમાં મૂકી શકે છે જે ફિલ્મના ગીતમાં બનતું નથી. આમ છતાં, ફિલ્મનાં ગીતોમાં પણ ક્યાંક ઊંડેઊંડે ગીતકારનું વિચારવિશ્વ પડઘાતું જોવા મળે છે અને બારીકાઈથી જોતાં એની સિગ્નેચર સ્ટાઈલ પણ વરતાઈ આવે છે. જેમ કે 'ચાંદ'નું રૂપક આજ સુધીમાં અસંખ્ય ગીતોમાં પ્રયોજાતું આવ્યું છે પરંતુ ગુલઝાર સાહેબની કલમે અવતરેલાં ગીતોમાં અને નઝમોમાં ચંદ્ર પ્રત્યેનો દ્રષ્ટિકોણ સવિશેષ નોંધનીય રહ્યો છે.

'મેરા કુછ સામાન' પુસ્તકમાં એમનાં દોઢસોથી વધારે ગીતો સમાવાયાં છે અને એની પ્રસ્તાવનામાં એમણે પોતાના સૌપ્રથમ ગીતની સર્જનપ્રક્રિયા સુંદર રીતે વર્ણવી છે અને એ ગીત છેઃ "મોરા ગોરા અંગ લઈ લે, મોહે શ્યામ રંગ દઈ દે." બિમલ રોયની ફિલ્મ 'બંદિની' માં કલ્યાણી (નુતન) પોતાના પ્રિયપાત્રને મળવા જવા ઈચ્છે છે પણ મર્યાદા એને રોકે છે. આ કશમકશમાં ચંદ્ર વધારો કરે છે, જાણે કે વાદળમાંથી ડોકિયું કરીને ખંધું હસતાં એ કહેતો હોયઃ- "કેવી રીતે જઈશ? હું ચાંદની ફેલાવી દઈશ તો સૌ તને જોઈ જશે." કલ્યાણી ચિડાઈને કહે છેઃ-

"બદરી હટા કે ચંદા, ચુપકે સે ઝાંકે ચંદા, તોહે રાહુ લાગે બૈરી, મુસ્કાએ હૈ જી જલાઈકે

મોરા ગોરા અંગ લઈ લે, મોહે શ્યામ રંગ દઈ દે, છૂપ જાઉંગી રાત હી મેં, મોહે પી કા સંગ દઈ દે."

કાશ! હું આટલી ગોરી ન હોત તો અંધારામાં છૂપાઈને મારા પ્રિયતમને મળી આવત!

ગુલઝાર એક જગ્યાએ લખે છે : કવિતા વિષે એવું કહેવાય છે કે ANYTHING UNDER THE SKY CAN BE A SUBJECT OF POETRY પરંતુ જેમ જેમ લખતો ગયો એમ સમજાતું ગયું કે આસમાન તળે જ નહીં, આસમાનને પેલે પાર પણ અનેક તત્વો છે કે જે કવિતાનું કેન્દ્ર બની શકે છે. બસ આ જ કારણ છે કે એમનાં ફિલ્મી ગીતો કે અન્ય રચનાઓમાં સૂર્ય-ચંદ્ર, રાત, આકાશ, ગેલેક્સી, સિતારાઓ વગેરે વારંવાર આવે છે. 'મેરે અપને' નું આ ગીત જુઓઃ-

"રોઝ અકેલી આયે, રોઝ અકેલી જાયે, ચાંદ કટોરા લિયે ભિખારન રાત!"

અગાઉ કહ્યું એમ ચંદ્ર પ્રત્યેનો ગુલઝારનો દ્રષ્ટિકોણ કઈંક અલગ છે અને એ દરેક ગીતમાં અલગ રીતે પડઘાય છે. એટલું જ નહીં, હિન્દી સિનેમાના બદલાતાં પવન પ્રમાણે પોતાના શબ્દોનો શઢ ફેરવનાર આ કવિએ ઈ.સ. ૧૯૬૩માં ફિલ્મ 'બંદિની' માટે ચંદ્રને જે શબ્દોમાં અભિવ્યક્ત કર્યો હતો એ જ ચંદ્રને ઈ.સ. ૨૦૦૨માં ફિલ્મ 'સાથિયા'માં કઈંક અલગ જ સ્ટાઈલમાં વ્યક્ત કરે છે.

"ઓ સાથિયા શામ કો ખીડકી સે ચોરી ચોરી નંગે પાંવ ચાંદ આયેગા,

ગલિયોં સે આયેગા, સિટી બજાએગા, નીમ કે પેડ સે, પાસ બુલાએગા."

બેફિકરી અને મસ્તીમાં જીવતો અમીર બાપનો દીકરો મોંઘી બાઈક પર હેડફોનથી સંગીત સાંભળતો જતો હોય ત્યારે આ જ કલ્પન યોગ્ય લાગે ને!

કાવ્ય આખરે શું છે? માનવમનમાં થતી ઉથલપાથલનું પ્રગટ સ્વરૂપ, બસ! જેમ ચહેરાના બદલાતા હાવભાવ અરિસામાં અદ્દલ ઝીલાય એવું જ કઈંક. 'ઘરોંદા' ફિલ્મના 'આબ-ઓ-દાના' ગીતની બાબતમાં પણ કઈંક એવું જ છે ને! આ ગીતનાં પણ બે વર્ઝન છે : ડ્યુએટ સ્વરૂપમાં શબ્દો છે 'દો દીવાને શહેર મેં'. એક યુગલ મહાનગરમાં ઘર ખરીદવાના સપનાં જુએ છે ત્યારના શબ્દોઃ-

"જબ તારે જમીન પર ચલતે હૈં, આકાશ જમીન હો જાતા હૈ.

ઉસ રાત નહીં ફીર ઘર જાતા, વો ચાંદ યહીં સો જાતા હૈ."

'ઘર'ના વિષયને ચાંદ પર પણ કેવું અજબ લાગુ પાડી શક્યા છે ગીતકાર! આ જ ગીતનું થોડું ગમગીન વર્ઝન — ભુપીન્દરના સ્વરમાં ગવાયેલું છે અને એના શબ્દોમાં 'રાત'

ને ઉપરના શબ્દો સાથે સરખાવી જોજોઃ-

"દિન ખાલી ખાલી બરતન હૈ ઔર રાત હૈ જૈસે અંધા કુંઆ

ઇન સુની અંધેરી આંખો મેં આંસુ કી જગહ આતા હૈ ધુંઆ!"

ફિલ્મ 'પરિચય' ના ગીત 'બીતી ના બીતાઈ રૈના'માં રાત અને ચાંદનો સંબંધ કઇંક આ રીતે મુકાયો છે-

"ચાંદ કી બિંદીવાલી, બિંદિવાલી રતિયા"

કોઈ સ્ત્રીના મુખ પર મોટો, ગોળ ચાંદલો એ ચહેરાની શોભામાં અભિવૃદ્ધિ કરે એમ જ...

ગુલઝારિયતની ચર્ચા થાય અને 'આંધી'નો ઉલ્લેખ ન થાય એ તો કેમ ચાલે? એક સમયના જીવનસાથીઓ અલગ થયાના એકાદ દાયકા પછી મળે છે અને રાતના સમયે ફરવા નીકળે છે. ફિલ્મના રાજકીય સંદર્ભને બાજુએ રાખીએ તો પણ એ મિલન-વિરહ-મિલનના સિલસિલાને ચાંદના માધ્યમથી બખૂબી વ્યક્ત કરાયો છે એ નોંધવું જ પડે. અહમદ ફરાઝ યાદ આવેઃ

"અબ કે હમ બીછડે તો કભી ખ્વાબોં મે મિલે, જૈસે સુખે હુએ ફૂલ કિતાબોં મેં મિલે!"

હિન્દી ફિલ્મ ઇતિહાસનાં ક્લાસિક કહી શકાય એવાં ગીતોમાનું એક 'તેરે બીના ઝિંદગી સે કોઈ શિકવા તો નહિ' નાં શબ્દોઃ-

તુમ જો કેહ દો તો આજ કી રાત ચાંદ ડૂબેગા નહીં
'રાત કી બાત હૈ ઔર ઝિંદગી બાકી તો નહીં'.

રાજનેતા તરીકે સફળ કારકિર્દી બનાવી ચૂકેલી આરતીદેવી દિવસે તો જે.કે.ને મળી શકે એમ નહોતી જ એટલે સંબંધનો ધબકાર રાત્રે જ ઝીલવાનો હતો.

ફિલ્મ 'લેકિન' માટે લખાયેલ એક ગીતની પંક્તિ જોઈએઃ-

"મૈં એક સદી સે બૈઠી હું, ઇસ રાહ સે કોઈ ગુઝરા નહિઁ

કુછ ચાંદ કે રથ તો ગુઝરે થે, પર ચાંદ સે કોઈ ઉતરા નહિઁ."

આ વાંચતાં અમેરિકન કવિ એમીલી ડિકીન્સનની રચના 'Because I Could Not Stop for Death' યાદ આવે જ્યાં મૃત્યુ રથ લઈને આવે છે અને કાવ્યનાયકને આરામથી, હાથ પકડીને રથમાં બેસાડીને અનંતની યાત્રાએ લઈ જાય છે .

એમની અત્યારની ફિલ્મોની વાત કરીએ તો 'ચાચી ૪૨૦' ના એક ગીતમાં એ ચાંદને ખીંટી પર ટાંગવાની વાત કરે છે તો 'ઓમકારા'માં 'મેં ચાંદ નિગલ ગઈ દઇયાં રે, અંગ પે ઐસે છાલે પડે' એવું પણ લખે છે. ફિલ્મ 'કમીને'નું આ ગીત કેમ ભુલાય?

"કભી ઝિંદગી સે માંગા પિંજરે મે ચાંદ લા દો, કભી લાલટેન લે કે કહા આસમાં પે ટાંગો!"

માણસની ઇચ્છાઓની સૃષ્ટિ કેવી અજીબોગરીબ હોય છે અને કવિ કેવી સુંદર રીતે એને અભિવ્યક્ત કરી શકે છે. એક જ ચંદ્રના આટઆટલાં મેઘધનુષી રંગો આપણી સમક્ષ પ્રસ્તુત કરનાર કવિ, ગીતકાર ગુલઝારને એટલે જ આશા ભોંસલે હળવાશથી કહેલુંઃ- "તમારું કોઈ ગીત ચાંદ વિના પૂરું જ નથી થતું ને!"

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ચમકદમકભરી, માયાવી, આભાસી અને લપસણી દુનિયામાં રહીને પણ દાયકાઓ સુધી સુંદર સાહિત્યસર્જન કરતાં રહેવું એ કોઈ નાની ઉપલબ્ધિ નથી. આ પુસ્તકમાંથી પસાર થતાં 'ચાંદ' વિશેનાં જેટલાં નિરીક્ષણો ધ્યાને આવ્યાં એ અહી ચર્ચ્યાં છે બાકી ગુલઝારનાં ગીતોને અન્ય કોઈ વિચાર, વિષય કે કલપનના પ્રિઝમથી જોઈએ તો ચોક્કસ નવી અર્થછાયાઓ મળી આવશે જ. એમણે વિકસાવેલ કાવ્યપ્રકાર 'ત્રિવેણી'ના એક ઉદાહરણથી ચર્ચાને વિરામ આપવાનું યોગ્ય રહેશેઃ-

"મા ને જિસ ચાંદ સી દુલ્હન કી દુઆ દી થી,
કલ રાત ફૂટપાથ સે દેખા મૈંને
રાતભર રોટી નઝર આયા હૈ મુજે વો ચાંદ."

## હોમવર્કમાં ડુંગર-વર્ક કરીને 'વાઈલ્ડ' કામ કરતાં કૃતાર્થને ઓળખો છો ?

ભૌતિક લીંબાણી
bhautiklimbani@gmail.com

---

પ્રાથમિક શાળાના ઓરડામાં સામાન્ય રીતે આપણે પ્રાણીઓ, પશુ-પક્ષીઓ અને અન્ય જીવ-જંતુઓના ફોટા જોઈએ છીએ. પરંતુ માત્ર ત્રણ વર્ષનું બાળક, મિત્રો સાથે વર્ગમાં રમતાં-રમતાં, પોતાના ખિસ્સામાંથી 'સાપ' ઓરડામાં રમતો મૂકે, ત્યારે જીવ તાળવે ચોટી જાય, હેં ને ?! કૃતાર્થનું પ્રકૃતિ પ્રત્યેના અનુબંધનું આ પહેલું કરતૂત. સતીશભાઈ પટેલ, એટલે કે કૃતાર્થના પિતાજી, લોકભારતીમાં કૃષિ વિભાગના વડા હતા અને હોર્ટીકલ્ચર વિષયના અધ્યાપક હતા. એ નર્સરીમાં કૃતાર્થને ફરવા લઈ જતા અને તેને વિવિધ પ્રકારનાં જીવ-જંતુઓ બતાવતાં. કૃતાર્થના બાળ સહજ પ્રશ્નોના જવાબ પણ આપતા. આવું નિયમિત થવાથી કૃતાર્થને પ્રકૃતિ સાથે સમય વિતાવવામાં ખૂબ મજા પાડવા લાગી અને ધીમે ધીમે લોકભારતી પાસે આવેલા ડુંગરોમાં ફરવા લાગ્યો. અને ત્યાં એકવાર સાપ જોયો અને તેને પકડીને ખિસ્સામાં મૂકી દીધો. શિક્ષકે બધાનું હોમવર્ક જોવા માગ્યું ત્યારે કૃતાર્થે પોતાનું ડુંગર-વર્ક રજૂ કર્યું ! અને શિક્ષકનો માર પણ ખાધો. પાછો એણે સાપને શાળાના ઓરડામાંથી પકડીને દફતરમાં મૂકી દીધો અને ચુપચાપ ઘરે ગયો. ઘરે પણ કોઈને કીધું નહિ અને દફતર ખૂણામાં મૂકી અને રમવા નીકળી ગયો. સાંજે ઘરે આવ્યો ત્યારે દફતર તપાસ્યું ત્યારે ખબર પડી કે સાપ પણ દફતરમાંથી ઘરમાં ફરવા નીકળ્યો છે ત્યારે ભાઈએ પોતાના પિતાને જણાવ્યું કે ઘરમાં સાપ ફરે છે જે તેના દફતરમાંથી નાસ્યો છે. છએક મહિના પછી એ સાપ રસોડામાંથી મળ્યો. તપાસ કરી ત્યારે ખબર પડી કે સાપ ઝેરી હતો !

એક બાળક, એક ઝેરી સાપને રમકડું માની અને ખિસ્સામાં મૂકી દે અને બંને એકબીજા સાથે ૧૦-૧૨ કલાક ફરે છતાં એકબીજાને નુકસાન ન પહોંચાડે, આ કેવો સંબંધ છે ? કૃતાર્થ જયારે ૧૦-૧૨ વર્ષનો થયો પછી તો પોતાનો મોટાભાગનો સમય ડુંગરોમાં જ વિતાવતો. લોકભારતીનું વાતાવરણ પણ નૈસર્ગિક એટલે પુષ્કળ પ્રકારનાં પક્ષીઓ ત્યાં રહેઠાણ બનાવે. કૃતાર્થને આ બધાના અભ્યાસમાં રસ પડ્યો. વૃક્ષો નીચે બેસીને પક્ષીઓના માળા જોવા, તેમના અવાજો સંભાળવા, સમજવા, તેમની ઉડવાની રીતો, એક બીજાને સંદેશા આપ-લે કરવાની રીતો, તેમનામાં નર-માદાની ઓળખ, તેમને પ્રતિકૂળ-અનુકૂળ વાતાવરણ, તેમનો ખોરાક વગેરે જોયાં અને જાણ્યાં. ડુંગરમાં જઈ પત્થરો ઊંચા કરી અને તેણે ૨૦ જેટલા વીંછીઓ એક બરણીમાં ભેગા કરેલા. એ વીંછી પકડીને કરતો શું એ જાણવાની ખૂબ મજા પડે એવું છે. દરેક વીંછીનું કલાકો સુધી અવલોકન કરતો. તેના કલર, અંગો, ડંખો, આંખ, વગેરેનો અભ્યાસ કરી અને જાણતો કે કેવી પરિસ્થિતિમાં વીંછીઓ ડંખ મારે. ડુંગરમાં વીંછીઓની ક્યાં અને કેટલી કોલોની છે, તેની ખબર માત્ર કૃતાર્થને જ હોય ! કાનખજૂરાને પકડી અને તેના પગ ગણવા એ તેનો ખૂબ રસનો વિષય છે. આવા કેટલાય પ્રકારના જીવોને પકડી-પકડી અને તેના અભ્યાસો કાર્ય છે. ૧૫ વર્ષના કૃતાર્થના સંશોધન પ્રમાણે ઓસ્ટ્રેલિયાના પશ્ચિમી રણમાં થતા અતિ ઝેરીલા રેડબેક સ્પાઈડરની એક પ્રજાતિ સણોસરાના ડુંગરોમાં છે. સમગ્ર ગુજરાતમાં આ સ્પાઈડર માત્ર ૪ જગ્યાઓ પર જ જોવા મળે છે. રેડબેક સ્પાઈડરનો ઝેરી ડંખ જીવલેણ હોય છે. આવાં પ્રકારનાં સંશોધન માત્ર કૃતાર્થનાં ધીરજ ભર્યા અવલોકન અને સ્વ-શિક્ષણની નિષ્પત્તિ છે.

૧લી એપ્રિલ, ૨૦૧૪માં કૃતાર્થ વિદ્યાનગરમાં નેચરક્લબમાં જોડાયો. આમ થવાથી તેને જે ગમતું હતું તેનો ગુલાલ કરવા મળ્યો. ક્યારેક બર્ડ વોચિંગ, તો ક્યારેક

ક્રોકોડાયલ કાઉન્ટિંગમાં તે વ્યસ્ત રહેતો. આજુબાજુના વિસ્તારના તમામ બર્ડ સેન્ચ્યુરીઝ કૃતાર્થની લાયબ્રેરી બની ગઈ. સમગ્ર ગુજરાતમાંથી તેને પક્ષીઓની કુલ ૨૬૬ જાતિ-પ્રજાતિઓ ઓળખી છે, જેમાંથી ૧૧૨ તો માત્ર સણોસરા ગામમાં જ જોવા મળે છે. વિદ્યાનગર નેચર ક્લબે કૃતાર્થને કુદરતના ખજાનાથી વાકેફ કર્યો અને પછી તો કૃતાર્થ ગુજરાતના તમામ જંગલો અને કચ્છના રણને પણ ખુંદી વળ્યો છે. કયા દેશનાં પક્ષીઓ ક્યાં આવે છે? તેમનો પાછા ફરવાનો સમય, તેમની મુસાફરીનો રસ્તો, કયા પક્ષીનું કુદરતમાં કેટલું મહત્ત્વ છે ? આ બધું તેણે જાણ્યું છે. તેને પુસ્તકોમાં આવતાં પક્ષીઓના ફોટા જોઈ અને તેને જંગલમાં શોધવા કરતા જંગલમાં જોવા મળતા પક્ષીઓને પુસ્તકમાં શોધવાનું વધારે ઉચિત લાગે છે. એણે ક્યારેય કોઈ પક્ષીવિદનું પુસ્તકને વાંચ્યું નથી. હા, જોયેલાં પક્ષીઓનો અભ્યાસ કરીને તારણો કાઢ્યાં છે, જે પુસ્તકોમાં જોવા મળ્યાં છે. તેને પ્રકૃતિ વિષે વાંચવા કરતા પ્રકૃતિને વાંચવાનું વધારે યોગ્ય લાગ્યું છે.

વર્ષ ૨૦૧૪ના એપ્રિલ મહિનામાં એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ દ્વારા અગાવ લીધેલ Post Graduate Common Entrance Test(PGCET) પરીક્ષાનું પરિણામ જાહેર થયું. આ પરીક્ષામાં મેળવેલ માર્ક્સના આધારે એક મેરિટ લિસ્ટ બહાર પડ્યું. ગુજરાત રાજયના મેરિટ લિસ્ટ પ્રમાણે આ પરીક્ષામાં કૃતાર્થ સતીશભાઈ પટેલનું નામ લિસ્ટમાં પ્રથમ હતું. કૃતાર્થે બિરલા વિશ્વકર્મા વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર, જેવી ઉત્તમ સંસ્થામાંથી સિવિલ એન્જીનિયરિંગમાં માસ્ટર્સ કર્યું. હાલ કૃતાર્થ ઉકાતરસાડિયા યુનિવર્સિટી, બારડોલીના સિવિલ એન્જીનિયરિંગ વિભાગમાં અધ્યાપન કાર્ય કરે છે.

૨૦૧૫માં કૃતાર્થે ડીજીટલ કેમેરો ખરીદ્યો, ત્યાં સુધી અમારામાંથી(તેના મિત્રવર્તુળમાંથી) કોઈપણને જાણ ન હતી કે કૃતાર્થ એક ઉત્કૃષ્ટ 'વાઈલ્ડ લાઇફ ફોટોગ્રાફર' છે. જંગલમાં ફરવા જાય ત્યારે તે અચૂક પોતાનો કેમેરા સાથે લઈને જાય. જે જુવે એના ફોટા પાડે અને મળીએ ત્યારે અમને બતાવે. તેના પ્રકૃતિ પ્રેમનું દસ્તાવેજીકરણ તેને ફોટાઓના માધ્યમથી કર્યું. તેણે કોલેજકાળ દરમિયાન ઘણીબધી વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફીની સ્પર્ધાઓમાં ભાગ લીધો અને તમામ સ્પર્ધાઓમાં પ્રથમ જ આવ્યો છે(ન આવે તો જ નવાઈ !). ફોટોગ્રાફી અને વાઇલ્ડ લાઇફ : આ વસ્તુઓએ તેને જાણે જીવનનો અર્થ આપ્યો છે.

ગીર, વાંસદા, પૂર્ણા, શુળપાણેશ્વર, વેળાવદર અને કચ્છ જેવા પ્રદેશોના જંગલો અને અભયારણ્યોમાં રખડપટ્ટી કરી અને તેને પતંગિયાની ૧૫૨ જેટલી જાતિ-પ્રજાતિ ઓળખી અને તેના ફોટા પાડેલા છે. આ તમામ પ્રજાતિના પતંગિયા વિષે તેણે નખશીખ અભ્યાસ પણ કરેલો છે. એકદમ ચંચળ લાગતા પતંગિયાઓ વિષે કૃતાર્થ પાસે અઢળક ફોટોઝ છે. તદુપરાંત ઇયળો અને અન્ય પ્રજાતિના જીવજંતુઓના ફોટોઝ અને તેમના વિશેની તમામ માહિતી તેની પાસેથી મળે.

વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી અને સિવિલ એન્જીનિયરિંગ વચ્ચે અપાકર્ષણ હોય છે !! એક પેશન તો બીજું પ્રોફેશન છે. માસ્ટર્સની પ્રવેશ પરીક્ષામાં, સમગ્ર ગુજરાતમાં પ્રથમ આવેલ પુત્ર જંગલમાં "ચકલા"ના ફોટા પાડતો જંગલી રવાડે ચડી જાય એ કોઈ માં-બાપ સાંખે નહિ એ સ્વાભાવિક છે. પરંતુ આવા પ્રેમ-પ્રકરણમાં પાછળથી માં-બાપ માની જાય એય વાસ્તવિકતા જ છે. આજે તેની પાસે પોતાના ૬૦ જેટલા કેમેરા છે. પોતાના પેશનને પોતાનો પ્રોફેશન બનાવવા આજે કૃતાર્થે સુરતમાં પોતાની એક ટીમ બનાવી અને પ્રોફેશનલ ફોટોગ્રાફીમાં પણ પહેલ કરી છે. સાથે સાથે એક અધ્યાપક તરીકેની ફરજ પણ નિષ્ઠાપૂર્વક નિભાવે છે. તેનો વિચાર ભવિષ્યમાં માત્ર વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર તરીકે ઉભરી અને પ્રકૃતિને ભણવાનો છે. હાલમાં પણ, જયારે સમય મળે ત્યારે(સમય કાઢીનેય) સુરત અને તેની આજુબાજુના જંગલોનાં પક્ષીઓના મોડેલિંગ માટે તે અચૂક પહોંચી જાય છે.

તમને ક્યારેય જંગલમાં ફરવા જવાનું મન થાય, ત્યારે કૃતાર્થને સાથે લઈ જવાનું વિચારી શકાય... તમારો અનુભવ મસ્ત મસ્ત રહેશે એવી મારી ગેરેંટી છે !

## ૦૯. સંભારણા...

**અજવાળીબા : પાતિવ્રત્ય ચડે કે માતૃત્વ ?**
**ભરત ના. ભટ્ટ**

---

(નોંધ : પ્રવીણ પ્રકાશન – રાજકોટ દ્વારા એક પુસ્તક પ્રકાશિત થવાનું છે, જેમાં જાણીતી વ્યક્તિઓએ પોતાનાં માતા વિશે લખ્યું છે. એ પુસ્તક માટે આ લેખ લખાયો છે. / લેખક.)

'બાબુની બા, તને શું લાગે છે ? હું સંસ્થા છોડી એ નોકરી સ્વીકારું તો તને ગમશેને ?'

જાણીતા કેળવણીકાર અને સાહિત્યકાર નાનાભાઈ ભટ્ટે ૧૯૧૩માં શામળદાસ કોલેજ (ભાવનગર)ની લક્ષ્મીદાતા અને મોભાદાર પ્રોફેસરી છોડી અને ૧૯૧૦માં પોતે સ્થાપેલી 'દ.મૂ.વિ.ભ.' નામની નાની સંસ્થાના પૂર્ણ સમયના કાર્યકર બન્યા. આ પછી થોડા ગાળામાં જ સંસ્થા આર્થિક ભીંસમાં સપડાઈ. આ બાજુ સારું ભણેલા અને પ્રતિભાવાન – પ્રતિષ્ઠાવાન નાનાભાઈને વડોદરા, ભાવનગર જેવાં રાજ્યો (રજવાડાં)માંથી સારી નોકરી માટે દરખાસ્તો આવી. આ સંધાને નાનાભાઈએ પોતાનાં પત્નીને ઉપર પ્રમાણે પૂછયું એટલે તેમનાં પત્ની (આ લખનારનાં માતા) અજવાળીબહેને વિના વિલંબે કહ્યું, 'આપણાથી દક્ષિણામૂર્તિ સંસ્થા તો કેમ છોડાય ?'

આ જવાબ જાણ્યા પછી કોઈ પણને થાય કે અજવાળીબહેન પણ પતિની માફક અસામાન્ય હશે. પરંતુ વાસ્તવમાં એવું નહોતું. અહીં આપણે જોઈશું કે તેમની જીવનયાત્રા એટલે અતિસામાન્યમાંથી અસામાન્ય બનવા સુધીની યાત્રા.

હા, તેમાં તેમના પતિનો ઘણો ફાળો એ કબૂલ, પરંતુ જેમ રામચન્દ્રજીના ચરણસ્પર્શથી કેવળ એક શિલા જ અહલ્યા બની. બીજી ઘણી શિલાઓ આવા સ્પર્શ પછી પણ શિલા જ રહી કારણ કે એક શિલા જ અહલ્યા બનવા સમર્થ હતી. આ જ પ્રમાણે અજવાળીબા ઊંચે જવા સમર્થ હતાં માટે ઊંચે ગયાં.

અહીં એ નોંધવું જોઈએ કે નાનાભાઈ – અજવાળીબહેનનાં અમે છ સંતાનો પિતા નાનાભાઈને કાયમ નાનાભાઈ કહેતાં અને માતા અજવાળીબહેનને કાયમ બા કહેતાં. અહીં મહદઅંશે તેઓ એ પ્રમાણે ઉલ્લેખાશે.

---

૧. - અજવાળીબાનું પાતિવ્રત્ય..

આ લેખના શીર્ષકમાં અજવાળીબાનાં મુખ્ય બે પાસાં વચ્ચે જાણે સ્પર્ધા હોય તેવો સંકેત છે. વાસ્તવમાં તેમના સંસ્કાર અને વ્યવહારમાં એવું લેશ પણ નહોતું. શીર્ષકમાં તો તે બંને પાસાંઓ વચ્ચેની તંદુરસ્ત સ્પર્ધા અંગે મારી મધુર કલ્પના જ છે. તેમને માટે તો અત્યંત સહજપણે પાતિવ્રત્ય એ ધર્મ હતો અને માતૃત્વ એ પ્રકૃતિ હતી. તેમણે જીવનભર બંનેને પરસ્પર ગૂંથવાનો અને ચરમસીમાએ લઈ જવાનો પુરુષાર્થ કર્યો.

વિસંવાદિતા – સંવાદિતાઃ- અજવાળીબાનાં નાનાભાઈ સાથે લગ્ન એટલે કલ્પી લ્યો કે જાણે એક નાની, સ્વયંપ્રકાશિત જ્યોતનાં સૂર્ય સાથે નિકાહ. અજવાળીબા (૧૯૦૧ – ૧૯૯૬) માત્ર ૧૩ વર્ષની વયે પરણીને સાસરે આવ્યાં ત્યારે તેમના આ નવપ્રસ્થાનમાં, તેમની પણ જાણ બહાર, હોંશ કરતાં પડકારો વધુ હતા. કારણ એ કે પતિ-પત્ની વચ્ચે ઠીક ઠીક વિસંવાદિતા હતી.

૧. અમારાં બા તેમના પતિ નાનાભાઈ (૧૮૮૨-૧૯૬૧) થી લગભગ ૧૯ વર્ષ નાના હતાં.

૨. અજવાળીબાનાં આ પ્રથમ લગ્ન હતા પરંતુ આ લેખકના પિતા નાનાભાઈનાં આ ત્રીજાં લગ્ન હતાં. તેમનાં બે પૂર્વ પત્નીઓ ૧. શિવલક્ષ્મી (અવ. ૧૯૦૩) અને ૨. અરવિન્દા (અ.વ. ૧૯૧૨)નાં અવસાન થયાં હતાં.

૩. નાનાભાઈ ૧૯૦૬માં મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ. એ. થયેલા. જ્ઞાતિમાં અને ભાવનગર રજવાડામાં આ તેમની વિરલ લાયકાત હતી. આ બાજુ અમારાં અજવાળીબાએ ગુજરાતી ચાર ચોપડી પણ પાસ નહીં કરેલી. પ્રા.શાળામાં તેમનો મુખ્ય કોર્સ શિક્ષકનાં ઘરકામોરૂપે હતો.

૪. નાનાભાઈ વિદ્વાન તો હતા જ. છેલ્લાં પાંચ-છ વર્ષમાં તેમની વિવિધ પ્રતિભાઓ પણ વિકસી હતી, પ્રગટ થઈ હતી. આ બાજુ અજવાળીબાને દવાનાં પડીકાં વાળતાં, દેદો કૂટતાં અને (કેવળ) ખીચડી રાંધતાં આવડતું હતું.

૫. નાનાભાઈને સાવકાં બા હતાં. અર્થાત્ હજી ષોડ્ષી પણ ન કહેવાય તેવાં અજવાળીબાનો સાવકાં સાસુ સાથે પનારો પડયો હતો.

૬. નાનાભાઈએ આ લગ્ન પૂર્વે ચારેક વર્ષ પહેલાં — ૧૯૧૦માં — પોતાની શિક્ષણ સંસ્થા ખોલીને સરસ્વતીની ઉપાસના આરંભેલી. અતઃ નવોઢાને સંસ્થારૂપી એક અદ્રષ્ટ સાસુ પણ હતાં. વાસ્તવમાં નાનાભાઈનો સરદાર-ગાંધી શૈલીનો જબરો કર્મપથારો હતો. અમારાં બા- તેમના જ શબ્દોમાં કહું તો — 'ઘરની ઘૂસ' હતાં. (ઘૂસ એટલે માણસોના ઘરમાં જ રહેતો એક પ્રકારનો ઉંદર)

૭. નાનાભાઈ ધર્મ, સમાજ અને શિક્ષણમાં જરૂરી પરિવર્તનનો ઝંડો લેનારા. આ બાજુ તેમનાં પત્ની છૂતાછૂત, મરજાદીપણું, પવિત્રતાના જડ ખ્યાલો વગેરેમાં ગળાડૂબ.

૮. નાનાભાઈ લક્ષ્મીપૂજાથી જોજનો દૂર ! સર્વ સંપત્તિ પ્રભુની છે તેમ માનનારા. અમારાં અજવાળીબા પૂરાં વ્યવહારુ ગૃહિણી. રાત પડતાં નાની ચમચી ન જડે તો તે અંગેની અટકળોમાં રાતપાળી કરનારાં.

આ રીતે નાનાભાઈ-અજવાળીબહેનનાં લગ્ન બાબતે કોઈ પણને એક વ્યાપક વિસંવાદ લાગે. પરંતુ આ વિસંવાદિતામાંથી, આ પડકારો સામે ટક્કર ઝીલીને પૂ. અજવાળીબાએ જે સંવાદિતા સાધી, જે સાફલ્ય સિદ્ધ કર્યું તેને આજે માતૃવંદના નિમિત્તે મારી આ ભાવાંજલિ છે.

પૂ. અજવાળીબાના લગભગ ૧૧૮મા જન્મદિવસે અને તેમની પુણ્યતિથિના લગભગ ૨૬ વર્ષ પછી મારી આ ભાવાંજલિ, શબ્દાંજલિ બા — નાનાભાઈનાં ચરણોમાં અર્પણ છે.

---

ઉપર જોયા તે વિસંવાદો બંનેએ દ્રષ્ટિપૂર્વક ગાળી નાખ્યા. પતિ નાનાભાઈએ પત્નીને કદી નાની કે કાચીવયની ન ગણી. તેમનામાં ધણીપણું તો હતું જ નહીં. ઉપરાંત મહત્વના મુદ્દે પત્ની સાથે રોજ સંવાદ કરી તેમણે સખ્યભાવ વિકસાવવા પ્રયત્ન કર્યો.

આ બાજુ અજવાળીબા પણ વયનિરપેક્ષ, પીઢ અને પરિપક્વ બની ગયાં. 'માનવીની ભવાઈ' નવલકથાની નાયિકા રાજુની માફક તેમણે પિયરથી સાસરે આવતાં કૈશોર્ય, બાલીશતા, અપરિપક્વતા વગેરે બધું રસ્તામાં વેરી દીધું. આપણે સાવ આરંભમાં નોંધ્યો છે તે સંવાદની વેળા અજવાળીબા સોળેક વર્ષનાં માંડ હશે. હજી તો પરણીને આવ્યાંને બે વર્ષ થયાં હશે ત્યાં તેમની માનસિક વયમાં જાણે ૨૫ વર્ષ ઉમેરાઈ ગયાં.

પૂ. બાની મનોવય વધારવામાં કેટલાંક પરિબળોએ વિધેયક ભૂમિકા ભજવી, જેમ કે તેઓ પિતૃપરિવારમાં છ ભાંડુઓમાં સૌથી મોટાં હતાં. આ બાજુ તેમના પતિ નાનાભાઈ પરિવારમાં, જ્ઞાતિમાં, ભાવનગરના બૌદ્ધિકો તથા રાજકીય મોવડીઓમાં અને શર્માજીના શિષ્યવર્ગમાં પૂછવા ઠેકાણું હતા. આ બંને બાબતોનું સહજ પરિણામ એ આવ્યું કે પૂ. બાના વ્યક્તિત્વે પણ મોટપ ધારણ કરી. પતિની છાયામાં તેઓ વયની સરખામણીમાં વધુ સમજદાર અને વધુ જવાબદાર બની ગયાં.

નાનાભાઈનાં સાવકાં બાને ન પોતાના સગા પુત્ર સાથે ફાવે, ન સૌથી મોટા સાવકા પુત્ર સાથે ફાવે. આથી નાનાભાઈ તેમને પોતાને ત્યાં લાવ્યા અને પૂ.બાને નાની વયે પીઢતા દાખવવાનો પ્રસંગ આવ્યો. અજવાળીબાએ આ જવાબદારી બરાબર નિભાવી અને સાવકાં સાસુ સાથે સંતોષપ્રદ રીતે ગોઠવાઈ પતિને તે અંગેની ચિંતા-સમસ્યા બાબતે મુક્ત રાખ્યા. ભાવનગર નરેશના શિકારીઓ જ્યારે કૂતરી લેવા આવ્યા ત્યારે શિકારીઓ — વિદ્યાર્થીઓ વચ્ચેનો સંઘર્ષ જે બે મહિલાઓ બારીમાંથી નિહાળી રહયાં હતાં તે આ સાસુ-વહુ જ હતાં.

નાનાભાઈ સંસ્થા સંભાળતા સંભાળતા પરિવાર

પ્રત્યેની જવાબદારી પણ ઉપાડે. તેમનાં મામાનાં દીકરી બહેનને સાસરે ભારે હેરાનગતિ. નાનાભાઈ તેમને પિયર લઈ આવ્યા અને તેમના સગાભાઈ પ્રભાશંકર ભટ્ટને ત્યાં અને પોતાને ત્યાં છ-છ માસ રાખવાની ગોઠવણ કરી. પૂ.અજવાળીબા આ નણંદ સાથે એવાં ભળી ગયાં કે વયમાં નાનાં ભાભી સાથે નણંદને વધુ આત્મીયતા બંધાઈ.

નાનાભાઈને પોતાનાં ભાભી (મોટાભાઈ દેવશંકરનાં પત્ની) ગોદાવરીબહેન સાથે બહુ બને. પૂ.બાએ સાસરે આવી તેમને મોટાં બહેન તરીકે અપનાવ્યાં. આજીવન ટકેલા દેરાણી-જેઠાણીના મધુર સંબંધોનો સાક્ષી હું પણ ખરો. આ ગોદાવારીબહેનની પુત્રી કાંતા સાસરે પતિના ત્રાસથી ગાંડી થઈ ગઈ ! નાનાભાઈ તેને પણ લઇ આવ્યા. થયું એવું કે ગોદાવારીબહેન પુત્રીની અવદશા જોઈ ન શકે. હવે શું કરવું ? નાનાભાઈએ આ ગાંડી ભત્રીજીની જવાબદારી પોતાની પત્નીને સોંપી. પૂ.અજવાળીબાએ આ ભત્રીજીનું ગાંડપણ, મુશ્કેલી સર્જનારાં તોફાનો વગેરે સહન કરી, કોઈ ફરિયાદ વગર તેને સાચવી.

બા સાસરે આવ્યાં ત્યારે દેરાણી-(માનશંકર કા. ભટ્ટનાં પત્ની) શાંતાબહેનથી નાનાં, બે ભત્રીજાઓથી પણ નાનાં, પાગલ ભત્રીજી સાથે વયનો ખાસ ભેદ નહીં ! આમ છતાં તેમણે બહુ સહજ રીતે મોટપ કેળવી અને પતિની પ્રતિષ્ઠા અને મોભાને સાચવવા સજ્જ થયાં.

નાનાભાઈએ આસ્તે આસ્તે સંસ્થાઓરૂપે એક કુલ પ્રસ્થાપિત કરેલું. પહેલા તેમાં તેઓ કુલપતિ બન્યા અને પછી કુલપિતા બન્યા. આ બાજુ પૂ.બાએ બહુ સહજ રીતે કુલ માતાની ભૂમિકા નિભાવી. પહેલા દ. મૂ. (ભાવનગર)માં અને પછી ગ્રા. દ. મૂ. (આંબલા) તથા લોકભારતી (સણોસરા)માં એમ બૃહદ સંસ્થા પરિવારમાં માન-આદરને પાત્ર બન્યાં. પતિને સંસ્થાના કામો માટે મુક્ત રાખવાની પરિપક્વ દ્રષ્ટિ વડે કુલમાતા બની રહયાં. પતિના અવસાન પછી ૩૫ વર્ષ કુલમાતા તરીકે બૃહદ સંસ્થા પરિવારને વાત્સલ્ય આપ્યું.

વચ્ચે અનિવાર્ય સંજોગોને કારણે અજવાળીબાએ લોકદક્ષિણામૂર્તિ પરિવાર (તેમાં મુખ્યત્વે લોકભારતી અને ગ્રામદક્ષિણામૂર્તિ એ બે સંસ્થાનો બૃહદ પરિવાર) સાથેનો પોતાનો નાતો મર્યાદિત કર્યો અને ભાવનગર રહયાં. પરંતુ જિન્દગીનાં છેલ્લાં ૧૨-૧૩ વર્ષ એ નાતો સજીવન કરી સમગ્ર પરિવારને એવું વાત્સલ્ય આપ્યું કે તેમનામાં સૌને કુલપિતાનાં પણ દર્શન થયાં. આ લેખના લેખક તો પિતાના અવસાન પછી ૧૯૬૨ થી છેક વયનિવૃત્તિ – ઈ.સ. ૨૦૦૦ – સુધી લોકભારતીમાં અધ્યાપક હતા. એટલે આ છેલ્લા ગાળામાં વર્ષમાં બે-ત્રણ વાર અમારે ત્યાં આવે, દોઢ-બે માસ નિરાંતે રહે અને સંસ્થાનો માહોલ બદલી નાખે. લો.ભા., ગ્રા. દ. મૂ. ના કાર્યકર પરિવારો, લો. ભા. ના વિદ્યાર્થીઓ, સંસ્થાની મુલાકાત લેનારાં ભૂતપૂર્વો સૌ પૂ.બાને મળવા, પ્રણામ કરવા આવ્યા કરે. પૂ.બા સૌને ઓળખી જાય એટલું જ નહીં, તેઓના પરિવાર-સંતાનોના સમાચાર પૂછે અને નામો વગેરે યાદ રાખી દરવેળા તેનું સંધાન સાચવી લે.

વય એટલી કે કાંઈ કામ તો ન કરી શકે. આથી પોતાના ખંડમાં ખાટલા પર કે બહાર પરસાળમાં સોફા પર બેસે. કોઈ પણ મળવા આવે એટલે નિરાંતે વાતો કરે, હસાવે અને સૌના ક્ષેમ-કુશળ જાણી લે. અહીં કે અન્ય કયાંય પણ કોઈ પુરુષ પગે લાગે એટલે 'દીર્ઘાયુ' જ કહે. મહિલા પગે લાગે એટલે કુમારિકા હોય તો 'દીર્ઘાયુ' કહી પૂછે-'હવે ક્યારે વહાણેથી ઉતરવાનો છે?' પરિણીતા હોય તો 'અખંડ સૌભાગ્યવતી' જ બોલે. આવાં પ્રસંગે વધુ સંખ્યા હોય તો પણ જરાય ઘાંઘાં ન થાય. પૂ. બાના આ વ્યવહારમાં અમને અને સૌને તેમનું સર્વ માટેનું વાત્સલ્ય અને હિત-ચિંતન પ્રગટતું અનુભવાય. તેમના સર્વ વ્યવહારમાં એક સહજ પરિપક્વતા અને નિજી આત્મવિશ્વાસનાં દર્શન થાય. પરિચિત મહિલાઓમાં કોણ કુમારિકા છે, કોણ પરિણીતા છે અને કોણ વિધવા છે તે યાદ જ હોય. આશીર્વાદ દેવામાં ભૂલ થાય તો તે બા નહીં ! નાનાભાઈની સંસ્થાવહીવટની ચોક્કસાઈ સાથે બાની ગૃહવ્યવહારની ચોક્કસાઈ બરાબર કદમ મિલાવે.

**ક્રમશ...**

## પાર્કિન્સન્સ – કંપવાની બીમારી સામે એક વ્યાપક પહેલ
## (એકમેકના સંગે, આપણે આગળ વધીએ...)

"હું ભલે ને પાર્કિન્સન્સના રોગથી છૂટકારો ન મેળવી શકતો હોઉં, પણ એ રોગની પ્રગતિ ધીમી જરૂર કરી શકું છું." આવા સકારાત્મક હેતુ સાથે મુંબઈ ખાતે સાલ ૨૦૦૧માં પાર્કિન્સન્સ ડિસીઝ એન્ડ મૂવમેન્ટ ડિસોર્ડર સોસાયટીનો પ્રારંભ થયો હતો. વિખ્યાત ન્યૂરોફિઝિશિયન ડૉ. બી. એસ. સિંઘલ એના સંસ્થાપક છે. દેશનાં વિભિન્ન શહેરોમાં પાર્કિન્સન્સ સપોર્ટ સેન્ટર્સ(સહાય–કેન્દ્રો) દ્વારા પાર્કિન્સન્સના દર્દીઓને નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવી રહી છે.

પાર્કિન્સન્સના દર્દીઓની ઉંમર મોટા ભાગે ૫૦થી વધારે હોય છે. આ સમસ્યાને કારણે દર્દી તેમ જ તેમના સહાયકો(કેર–ગીવર)નું જીવન પડકારરૂપ બની જાય છે. હાલ તુરંત તો આ બીમારીની કોઈ દવા ઉપલબ્ધ થઈ શકી નથી. શારીરિક તકલીફો જેમ કે ધ્રુજારી, સ્નાયુઓ જકડાઈ જવા અને શરીરનું અસંતુલન વગેરે છે. તેમ જ માનસિક તકલીફોમાં જેમ કે અનિદ્રા, ચિંતા, બોલવામાં તકલીફ અને તરેહ તરેહની ભ્રાન્તિઓ દર્દીને મુશ્કેલીમાં મૂકી શકે છે.

પાર્કિન્સન્સના કારણે દર્દીઓ કુટુંબ તેમ જ સમાજથી અંતર અનુભવતા થાય છે. જેના કારણે એમની માનસિક યંત્રણા વધી પડે છે. સમાજમાં પણ આ બીમારીને લઈને સમજણ નહીંવત જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં પીડીએમડીએસ દ્વારા એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેનો હતુ દર્દીને માનસિક રાહત આપવાનો રહ્યો છે.

પીડીએમડીએસ(પાર્કિન્સન્સ ડિસીઝ એન્ડ મૂવમેન્ટ ડિસોર્ડર સોસાયટી)એ પાર્કિન્સન્સના દર્દીઓ અને એમના કેર–ગીવરને તેમ જ ફિઝીયોથેરાપિસ્ટ, સાયકોલોજિસ્ટ, ન્યૂરોલોજિસ્ટને સાથે રાખીને એક વ્યાપક વિવિધલક્ષી મૉડેલ તૈયાર કર્યું છે. આ મૉડેલનો વધુમાં વધુ લોકો લાભ લઈ શકે માટે સોશ્યલ મીડિયાની મદદથી ૧૩ રાજ્યોનાં ૬૦ સહાય–કેન્દ્રો આ અભિયાનમાં અગ્રસર છે. એનો આશય પાર્કિન્સન્સના દર્દીઓ, એમના કેર–ગીવર અને કુટુંબને સાચી સમજણ અને માર્ગદર્શન પૂરું પાડવાનો છે. પરિણામે પરસ્પર દૂરતા ઘટાડવાનો અને સમાજમાં સામંજસ્ય વધારવાનો છે.

કોરોનાની ભીષણ મહામારી વખતે દર્દીઓને ઓનલાઈન માર્ગદર્શન તેમ જ એક્ટીવીટી કરાવવામાં આવે છે. સચિત્ર માર્ગદર્શન દ્વારા દર્દીઓને કસરતો કરાવવામાં આવે છે અને આ બીમારીના અલગ અલગ પાસાંઓ વિશે સમજુતી આપવામાં આવે છે. સહાય–કેન્દ્રો હાલ પૂરતાં બંધ હોવાથી આ ઓનલાઈન સેશન્સનો લાભ દર્દીઓ લઈ શકે છે.

તદુપરાંત પાર્કિન્સન્સને લગતી માહિતી તેમ જ સમાચારપત્રો, પુસ્તકો, સમાયિકો પણ ઓનલાઈન મૂકવામાં આવ્યાં છે. પાર્કિન્સન્સ ડિસીઝ એન્ડ મૂવમેન્ટ ડિસોર્ડર સોસાયટી વિશે વધુ માહિતી મેળવવા માટે આપ નીચે દર્શાવેલ કોઈ પણ સરનામે સંપર્ક કરી શકો છો.

Mobile No. 99 87 216 057
Email: pdmds.india@gmail.com
Website: www.parkinsonssocietyindia.com
Facebook: parkinsonsociety.india
Youtube: parkinsonsNGO, India
Instagram: parkinsonssocietyindia
Twitter: parkinsonsindia

## હસ્તીનો સળવળાટ

**શીલા વ્યાસ**

---

દુનિયામાં ઘાતક મહામારી તરીકે કોરોના રોગ ઘોષિત થયો, તેના પ્રત્યાઘાત સ્વરૂપે મનાવે લોકડાઉનની જેલમાં પોતાની જાતને બનાવી દીધી. જાણે કે કોશેટોમાં પૂરાઈને પાંખ ફફડાવતું કીટક! એણે અત્યાર સુધી જે નથી કર્યું તે કામ હવે કરવાની સમજ પડતી હોય તો તે છે – 'જાતને જાણવી'.

હકીકતમાં આ વાત કહેવી-સાંભળવી જેટલી સહેલી છે, તેટલી જ અમલમાં મૂકવી અઘરી છે. જાતને એટલે 'સ્વ', અંતર આત્મા, માંહ્યલો, કે પછી Real I એ કોણ? હું, મૈ, હમ કે અહમ એ એનાં બાહ્ય સ્વરૂપ ગણીએ, પણ નેતિ, નેતિ – ઉપનિષદ સંદર્ભે જાણવું, સમજવું, સ્વીકારવું, ઓળખવું, શોધવું કે પામવું એવા તત્વોને સાદા અર્થઘટન તરફ પ્રયાણ કરીએ તો પ્રત્યેકની અંતરયાત્રા નોખી-નોખી હોવાની. જગતને કાયમ જોવા-માણવા ટેવાયેલા આપણે કદી ખુદમાં ડોકિયું કરી શકીએ ખરા? ઉત્તર અપેક્ષિત ન હોવા છતાં કેટલાક મહાનુભાવોની આત્મ સફરને જાણવાની ચેષ્ટા કરીએ.

સુફી સંત પરંપરામાં, ઉમર ખય્યામ ખૂબ જ જાણીતું નામ છે. એમને માનવ-અસ્તિત્વ વિશે સુંદર રૂપક આપેલું કે, આ દુનિયા વીંટી રૂપે અકરિત છે. માત્ર તેના બાહ્ય વર્તુળાકારની સાદી વાત નથી. પરંતુ તેના આરંભ અને અંતિમ બિંદુના અભિન્ન જોડાણનો કલ્પના છે. જગતની ઉત્પત્તિ સાથે જોડાયેલું સજીવના જન્મ-મૃત્યુનું ચક્ર સતત ચાલ્યા કરે છે. ક્યાંથી તેનો આરંભ ગણવો લે ક્યાં અંત આવશે તે કહેવું મૂશ્કેલ છે. એ બંને છેડા એકમેકમાં એટલા સુક્ષ્મ રીતે ગૂંથાયેલા છે કે તેને અલગ પાડી બતાવવા લગભગ અશક્ય છે. ઓશો રજનીશની ઉક્તિ ટાંકીને જોઈએ તો –

"મેરે પ્રિય પ્રેમ, ન જન્મ હૈ ન મૃત્યુ
નહીં તો જન્મ કે બાદ મરતા કૌન?
ઔર મૃત્યુ કે બાદ જન્મતા કૌન?
ઉસ દોનો કે બીચ,
ઘટી હુઈ ઘટના કા નામ હૈ જીવન"

આમ કુદરતી જલચક્રની જેમ સર્જન-વિસર્જનની ઘટમાળથી રચાતી આકૃતિ સ્વરૂપે જવાની આવન-જાવન અવિરત કે અખંડિત ગોળાકાર જેવી છે. છતાં તે બે બિંદુઓ વચ્ચે અનુભવાતો ખાલીપો અવકાશ જ અસ્તિત્વ નિર્માણની ક્ષણ બને છે. 'હસ્તી' એટલે ખુદનું હોવાપણું. વાસ્તવિક 'હું' બહારથી આવી પડેલી જથ્થાબંધ છાપની નીચે દબાઈ ગયો છે. તો પછી, 'અહમ બ્રહ્માસ્મિ'નો અનુભવ કેવી રીતે થાય? રાગ-દ્વેષ, ગમા-અણગમા, હર્ષ-શોક, સુખ-દુઃખ જેવા અનેક વિરોધી ભાવ-તત્વોથી ઘેરાયેલું ચિત્ત (ધ્યાન) વાસ્તવના 'સ્વ' તરફ ક્યાંથી વળે? પ્રાંતિ જયારે અસલ હસ્તી સળવળી ઊઠે, સંપૂર્ણ કાર્યરત થાય, અનેકવિધ રચનાત્મક કર્મ સંભાવનાઓ અને ઊર્જા પ્રગટે ત્યારે આપણા તન-મન-ચેતન-જીવન પર અનોખું તેજ પથરાઈ જાય.

માનવ અસ્મિતા અંગે સૂફી ચિંતક જલાલુદ્દીન રૂમી સાદું સરળ કથાન કરી ગયા કે, માનવતાના ગુણ-તત્વો સહીત હોવું તે સત્વ. જેમાં સાત્વિક વિચાર-વાણી-વર્તન-વૃત્તિ-વ્યવહાર કેળવાયેલા હોય. આ પાંચ ધર્મોને પરસ્પર સંકલિત-સંયમિત રાખીને સંતુલિત જીવન જીવતા ચોક્કસ ધ્યેયની દિશામાં ગતિ કરવી. તે માટે બાહ્ય જગતમાં દ્રષ્ટિ વિસ્તારવાને બદલે આંતર જગતમાં આવલોકન કરતા રહેવું.

ભારતીય સંતોના માટે Becomingમાંથી Being માટે અન્તર્યાત્રા કરવાની તો જ Real I ની પરખ થઇ શકે. એક રીતે વિચાર શૂન્યતાની અવસ્થામાં અસ્તિત્વને ઓગળી દેવાની વાત થઇ. બાબા ફરીદખાઁ આવા યથાર્થનું દર્શન પામેલા મહાન સંત ગણાયા. તન-મન-ચિત્તના સ્તરે અખિલાઈ અર્થાત્ Totality સાથેનું આવું સંયોજન કેવીર ઈએત સાધી શકાય તેનું વારસાગત જ્ઞાન પ્રબુદ્ધ ગુરુઓ સાધના માર્ગે પ્રયાણ કરતા શિષ્યોને આપી ગયા. એવી જ્ઞાન પરંપરામાં પોતાના અનુભવનો નીચોડ ઉમેરતા અનેક

**(અનુસંધાન પાના નં. ૮૧ ઉપર)**

## ૧૧. વારસો રીઈન્સ્ટોલ્ડ...

### ભાવિમાં ટકી રહેવા માટે
### આર્નોલ્ડ ટૉયન્બી - અનુ. તપ્નસિંહ પરમાર

માણસે શા માટે જીવવું ?- યુવાનો માટેનો અતિ તીવ્ર પ્રશ્ન છે; તેમ પ્રત્યેક વ્યકિતના જીવનના પ્રત્યેક તબક્કે તે મૂંઝવણ ઊભી કરે છે.

હું એમ કહું કે માણસે સ્નેહ, સમજણ અને સર્જન માટે જીવવું. હું માનું છું કે માનવે પોતાનાં સમગ્ર શક્તિ અને બળથી આ ત્રણ હેતુઓનું અનુસરણ કરવું જોઈએ. જરૂર પડે તો તેમની પ્રાપ્તિ માટે આત્મ-બલિદાન આપવું જોઈએ. પ્રત્યેક મૂલ્યવાન ચીજ આત્મ-બલિદાન માગે. તમને આ ત્રણ તત્ત્વ મૂલ્યવાન લાગતાં હોય તો ભોગ આપવા તત્પર રહો.

હું માનું છું કે સ્નેહને-પ્રેમને પોતાનું વિશિષ્ટ મૂલ્ય છે. એ મૂલ્ય જ માનવજીવનને મૂલ્યવાન બનાવે છે. એ મૂલ્ય જ કેટલાંક સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓના જીવનને જીવવા જેવું બનાવે છે. આપણા ઉપરાંત કેટલાંક સસ્તન પ્રાણીઓ અને પક્ષીઓ સ્નેહ માટે જીવે છે તેમ હું માનું છું. હું એમ પણ માનું છું- અલબત્ત, એ પ્રત્યક્ષ રીતે દર્શાવી શકાય નહિ- કે આ પૃથ્વી પરનાં જીવંત પ્રાણીઓના પ્રત્યક્ષ પરિચયથી આપણે જાણી શકીએ છીએ તેમ, તેમનામાં પરસ્પર સ્નેહ પ્રવર્તે છે, તેવી જ રીતે વિશ્વની પાછળ આધ્યાત્મિક સ્વરૂપે સ્નેહનું તત્ત્વ પ્રવર્તે છે. પ્રેમનો પ્રતિભાવ પ્રેમ જ હોઈ શકે તેનો અનુભવ આપણે ક્યારેક કરીએ છીએ. આવો પ્રતિભાવ સાંપડે છે ત્યારે પ્રેમનું વિસ્તરણ થાય છે, પ્રસ્તરણ (પ્રસરણ) થાય છે. પણ પ્રેમનો પ્રતિભાવ કવચિત્ વિરોધરૂપે-વૈરરૂપે પણ વ્યક્ત થાય. આમ બને ત્યારે આત્મ-બલિદાનની જરૂર પડે. ક્યારેક એ બલિદાન નિષ્ફળ જતું પણ લાગે. છતાં સ્નેહ ખરેખર ઉત્કટ હોય, ત્યાગમૂલક હોય તો આ આત્મ-સમર્પણના પરિણામે, દ્વેષનું પ્રેમમાં રૂપાંતર થાય એવી સંભાવના ન હોય તો પણ આપણને એ સમર્પણ કરવા પ્રેરે. સ્નેહ એક જ રીતે વિજય પ્રાપ્ત કરી શકે અને તે બીજી વ્યક્તિના ભાવ કે તેના મનની પરિસ્થિતિમાં પરિવર્તન સાધી, દ્વેષ-વૈરભાવમાંથી પ્રેમનો પડઘો જગાવીને. મારી માન્યતા છે કે પરિણામની પરવા કર્યા વિના પ્રેમના માર્ગે ચાલો. (અલબત્ત, આ માન્યતાનુસાર જીવન જીવવાનું પ્રત્યેક વ્યકિત માટે લગભગ મુશ્કેલ છે.) જીવનમાં ડગલેપગલે સ્વાર્થવૃત્તિનો અવરોધ અનુભવાય છે. તેને અભિભૂત કરનાર એકમાત્ર દૈવી શક્તિ પ્રેમ છે. પ્રેમ જ જીવનને શક્ય બનાવે અથવા ખરેખરી રીતે સહ્ય બનાવે છે.

હું આગળ કાંઈ કહું તે પહેલાં 'પ્રેમ' શબ્દ દ્વારા હું શું સમજું છું તે માટે સ્પષ્ટ કરવું જોઈએ. મારી દૃષ્ટિએ આ ખૂબ અગત્યનું છે. કારણ કે કમસેકમ અંગ્રેજી ભાષામાં આ Love'પ્રેમ 'શબ્દ અસ્પષ્ટ છે. 'મને વહીસ્કી ગમે છે; ' કે 'મને લૈંગિક સંબંધો ગમે છે' કે 'મને ચોકલેટ ગમે છે' એમ હું કહી શકું. અહીં 'ગમવું'ના અર્થમાં Love 'પ્રેમ' શબ્દ પ્રયોજાયો છે. હું આ શબ્દ તે અર્થમાં યોજતો નથી. હું એમ પણ કહી શકું : 'હું મારા પત્નીને ચાહું છું,' કે 'મારા બાળકોને ચાહું છું' કે 'મારા માનવબંધુઓને ચાહું છું,' કે 'ઈશ્વરને ચાહું છું' અહીં 'પ્રેમ'નો -'ચાહવા'નો તદ્દન જુદો અર્થ થાય છે. કેટલીક ભાષાઓમાં આ બધા પ્રકારના 'પ્રેમ'-'સ્નેહ' માટે ભિન્ન ભિન્ન શબ્દો પ્રયોજાય છે. બોદ્ધ ધર્મગ્રંથો જેમાં લખાયા છે તે સિંહાલીમાં એક શબ્દ છે : 'તન્હા' તેનો અર્થ થાય છે તલસાટ, ઝંખના, (ગ્રહણ કરવું તે) આકલન.

સ્નેહમાત્ર અભિલાષામૂલક છે. આ અભિલાષા બે પ્રકારની છે. વ્યકિત પોતાના ચૈતન્યને, પોતાની બહાર કાઢી, અન્ય લોકોને, જગતને, આ વિશ્વની પાર વિલસતા આધ્યાત્મિક તત્ત્વને તે સમર્પે-તે એક પ્રકારની અભિલાષા છે. બીજા પ્રકારની અભિલાષાવાદી વ્યકિત વિશ્વનો કસ કાઢવા માગે છે, તેને પોતાની જાતમાં સ્થાપવા માંગે છે, તેનો ઉપયોગ પોતાની જાત માટે કરવા માગે છે. આ માટે બંને અભિલાષાઓ છે. બન્ને એકબીજાની વિરોધી છે. બંનેને વ્યકત કરવા માટે ભિન્ન ભિન્ન શબ્દોની આવશ્યકતા છે. હું જે 'પ્રેમ'ની વાત કરુ ંછું. તેનો સમાવેશ પ્રથમ પ્રકારની

અભિલાષામાં થાય છે. માનવે આ પ્રકારની અભિલાષા માટે જીવવું જોઈએ.

પ્રેમ ઉપભોગવૃત્તિમાં રાચે ને વૈરવૃત્તિમાં પણ પરિણમે એ સાચું છે. આ પરસ્પરવિરોધી ભાવનું કારણ, જે લાગણીને આપણે 'પ્રેમ' શબ્દથી ઓળખીએ છીએ તેમાં રહેલ પરસ્પરવિરોધી ભાવની સહસ્થિતિ છે. પ્રેમના ભિન્ન ભિન્ન પ્રકાર છે. આ સંકુલસંબંધમાં વિરોધ અને સંઘર્ષ સંભવી શકે. પ્રેમના પદાર્થોમાં રહેલ ભિન્નતાના આધારે હું પ્રેમનું વર્ગીકરણ કરવા માગતો નથી. પણ લાગણીતંત્રની વિભિન્નતાના આધારે વર્ગીકરણ કરવા ઈચ્છું છું.

લોકો માટે ભોગ આપી, સ્વવૃત્તિની પાર જઈ સ્વાર્થકેન્દ્રી વૃત્તિથી પર રહી પ્રવર્તે તે સાચો પ્રેમ-સાચો સ્નેહ. તે સ્વમાંથી વિશ્વ તરફ અને વિશ્વની પેલે પાર રહેલ અંતિમ પરમ સત્ય તરફ ગતિ કરતી, સ્વમાંથી બહાર નિકળતી આધ્યાત્મિક પ્રવૃત્તિ છે.

અહીં વિરોધાભાસ છે, મહાન ઐતિહાસિક ધર્મોના સંસ્થાપકોએ નિર્દેશ કર્યો છે તેમ પ્રેમ પોતાના નિષેધ દ્વારા પોતાને પામે છે. એ સ્વત્વની પ્રાપ્તિ એટલા માટે છે કે સ્વમાંથી બહાર ગતિ કરતો આ સ્નેહ આત્મા-પરમ આધ્યત્મિક તત્ત્વ, તેનો આ 'હું' એક તણખો માત્ર છે, અને જેનાથી જુદો પડ્યો છે તેની- સાથે એકરૂપતા સાધે છે. આત્મા પોતાની જાતને સભર કરવા ઈચ્છે છે અને વિશ્વને જાણી, આંધળુકિયાં કરી પોતાની જાતને વ્યક્ત કરવા મથે છે. પણ વિશ્વની પાછળ રહેલા પરમ સત્ય સાથે એકરૂપતા પ્રાપ્ત કરીને જ એ પોતાની જાતને પામી શકે. એટલે કે આ બહિર્મુખ પ્રેમ, બીજા લોકો સાથે, વિશ્વની પાર રહેલ પરમ સત્ય સાથેના પુનઃયોગનું સ્વરૂપ છે, એ જ પૂર્ણતાનું સાચું સ્વરૂપ છે.

(ડૉ. મહેન્દ્રસિંહ પરમારના આભાર સાથે, વંદનિયશ્રી તપ્તસિંહ પરમારની પૂણ્યતિથિએ એમનું પ્રેરક સ્મરણ.)

**(અનુસંધાન પાના નં. ૭૯ ઉપરથી)**

સંતો-સાધકોએ મર્મવચનો ઉચ્ચાર્યા. તેને ગ્રહણ કરવા ઈચ્છુકે જાતને જાણવી જરૂરી બને છે. તો ચાલો પ્રયાસ કરીએ કેટલાક બોધાત્મક સાર સૂત્રોને સમજવાનો...

- આપણે સૌ આદિમાનવના શુભ-અશુભ પ્રયત્નોનું વ્યક્ત ફળ છીએ.
- દેહનો આધાર ધરા, ચિત્તનો આધાર ચૈતન્ય જાત નષ્ટ થશે પણ વિચારો નહીં.
- બુદ્ધી આત્મદર્શનનું મહાદ્વાર છે, વિચાર પ્રવાહને ગ્રહણ કરવાનું માધ્યમ છે.
- સદવિચાર પર બુદ્ધિ સ્થિર કરવી એનું નામ શ્રદ્ધા જે સામર્થ્ય આપે, જીવન ઘડે, સતત પ્રેરણા આપે, જે અંતઃકરણનું સ્વપ્ન બને.
- બુદ્ધિ અને બળ નૈસર્ગિક છે, સંપત્તિ અને સત્તા કૃત્રિમ છે.
- શ્રદ્ધા અને શક્તિની સહાયથી પ્રજ્ઞાને જીવનનું જે દર્શન મળે તેનું નામ સત્ય. તે સર્વ ગુણોનો માપદંડ છે. અધ્યાત્મિક પૂર્ણાંક છે.
- આત્મદર્શન જીવનનું કાવ્ય છે. તેના શબ્દોને ભાવરૂપી માળામાં પોઢવા દો.
- ભાવ વ્યક્ત કરવા શબ્દો સદાય અધૂરાં પડે. સમજાયા ન હોય એવા વાક્યોનો અર્થ પામવા કાળને જ બોલવા દો. પછી સ્વજીવન થકી એ શબ્દોમાં નવો જ અર્થ ભરો.
- જીવનમાં વધુ ઝડપથી પરિવર્તન આણવાની શક્તિ પ્રેમમાં અર્થાત અહિંસામાં છે. તે જ હ્રદયની નિષ્ઠા છે.
- એક ધર્મ બીજા ધર્મ સાથે ન ઝઘડે પણ બધાં ધર્મો એકઠા થઇ અધર્મ સામે લડે તે શ્રદ્ધા, એજ માનવનું અંતિમસ્થાન.
- જીવન એટલે અખંડ શિક્ષણ, શિક્ષણ એટલે સત સંગતિ...
- શિક્ષણ બાળકોને કશું આપતું નથી. પણ તેના અંતરંગમાં વસતા પ્રભુના પ્રકાશમાં અંતરાય ઊભો કરનાર વસ્તુને દૂર કરી શકે.
- વિવેક એટલે બુદ્ધિ, ભાવના અને કૃતિનો સૂમેળ!
- આત્મજ્ઞાન અને વિજ્ઞાન બંને પાંખોથી જીવન આકાશમાં વિહાર કરવો જોઈએ.
- અવનવી દવાઓની શોધ કે ઉપલબ્ધિ એ કંઈ સાચું વિજ્ઞાન નથી. પરંતુ એની માનવને જરૂરત ન પડે એવું વર્તન સાચું વિજ્ઞાન છે.

# ૧૨. મરક- મરક...

**ઉપર બેસો કે નીચે બેસો શું ફેર પડે ?**
**મુકેશ પંડિત**



આપણે ત્યાં ઋષિ મુનિઓ અને સાધકો એક આસાન બેસી 'આસાન-સિદ્ધિ' મેળવતા હતા. આથી પોતાની ઉપાસનાનો હેતુ સિદ્ધ કરી લેતા... પરંતુ એ થઈ સતયુગ કે કળિયુગ સિવાયના યુગોની વાત. આ વાત સાચી કે ખોટી એવા તર્કો પણ થાય. પરંતુ એ વાત સાચી જ હશે. બોલો !! આજના સમય-કાળમાં પણ હવે આસનના સ્થાને બેઠક વ્યવસ્થા ખુરશીની થઈ છે. આપણા બધાને આજકાલ આવી 'ખુરશી સિદ્ધિ' માટે વલખા મારતાં આપણે જોઈએ છીએ. અહીં જાય, તહીં જાય પણ ખુરશી મુકવાની નહીં... ખુરશી માટે પોતાના પક્ષનો ત્યાગ કરી 'સમાજ સેવાની ઉદાત્ત ભાવના' રાખનારા સાધકો પણ હોય છે. મતદાર એવા સંસારીઓને આ કઠોર સાધના અને તેના ફળની ક્યાંથી ખબર હોય?! ખુરશીની ઉપર કે નીચે.. ગમે તેમ મળવી જોઈએ... મળવી જોઈએ...

## ૧૩. સંસ્થા સમાચાર...

- સંકલન : પ્રશાંત મહેતા

**લોકભારતી સમાચાર**

- લોકભારતી પરિવાર માટે આનંદોત્સવનો તહેવાર રક્ષાબંધન તા.૦૩ના રોજ આ વખતે સૌએ પોત-પોતાના પરિવાર સાથે ઉજવ્યો.
- તા.૦૪ અને ૨૬ના રોજ શ્રી ગિરીશભાઈ દવે અને શ્રી જીવણભાઈ જોગરાણા સંસ્થાગત કામ સબબ ભાવનગર જિલ્લા પંચાયત તેમજ ડી.એલ.આર. કચેરીએ જઈ આવ્યા.
- શ્રી નિગમભાઈ શુકલએ તા. ૦૪ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા આયોજિત ઓનલાઈન રિવ્યૂ મિટિંગમાં અને તા. ૨૪ના રોજ જિલ્લા પંચાયત ભાવનગર દ્વારા આયોજિત મિટિંગમાં ભાગ લીધો.
- તા.૦૫ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરના અધ્યાપકો શ્રી ભાવનાબહેન પાઠક, શ્રી રમેશભાઈ ખેર, શ્રી જગદીશભાઈ ગોસાઈ તથા શ્રી કવિતાબહેન વ્યાસ પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી- ગાંધીનગર પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની યાદી એપ્રૂવ કરાવવા માટે જઈ આવ્યાં. એ મુજબ પ્રથમ વર્ષમાં ૫૮ બહેનો અને ૩૩ ભાઈઓએ પ્રવેશ મેળવ્યો છે.
- આઈ.આઈ.ટી. ખડગપુરના સ્નાતક અને કેન્દ્ર સરકારના સ્કીલ ઈન્ડિયા યોજનાના અધિકારી શ્રી ગૌરવ ગુપ્તા તાલીમી કાર્યક્રમોનું આયોજન કરવા લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૦૬ના રોજ આત્મા-ભાવનગર દ્વારા આયોજિત મહિલા કૃષિ દિવસ કાર્યક્રમ અંતર્ગત વેબીનારમાં શ્રી શીલાબહેન બોરીચાએ ભાગ લીધો.
- તા.૦૭ના રોજ એસ.એસ.આઈ.પી. સેલ-ગાંધીનગર દ્વારા સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ ઓનલાઈન મિટિંગમાં શ્રી કાંતિભાઈ ગોઠીએ ભાગીદારી કરી.
- તા.૦૮ના રોજ વહેલી સવારે લોકભારતી ખેતી વિભાગનો એક બળદ લગભગ તેરેક વર્ષ સેવાઓ આપી ઉંમરને કારણે અવસાન પામ્યો. તેની દફનવિધિ પૂજન-અર્ચન સાથે સંસ્થાના કાર્યકરોની રૂબરૂમાં કરવામાં આવી.
- લોકભારતી અધ્યાપન મંદિરમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણ ગુણવત્તાસભર રીતે શરુ કરવામાં આવ્યું છે. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને માઈક્રો ટીચિંગનો મુદ્દો શ્રી જગદીશભાઈ ગોસાઈએ શૈક્ષણિક વીડિઓ ક્લિપ્સ તૈયાર કરી શીખવવામાં આવ્યો. જેનો રાજ્યની અન્ય ડી.એલ.એડ. કોલેજોમાં સારો પ્રતિસાદ મળ્યો. તાલીમાર્થીઓએ પણ માઈક્રો ટીચિંગના વીડિયો બનાવીને પાઠ આપ્યા. અન્ય કાર્યકરોએ પણ પોતાના વિષયનું ઓનલાઈન શિક્ષણ કાર્ય નોંધનીય કહી શકાય તે રીતે ચાલુ કર્યું છે. અધ્યાપકો દ્વારા ૧૫૦ જેટલા વીડિયો ક્લિપ્સ તૈયાર કરવામાં આવી છે, જે યુટ્યુબ પર તાલીમાર્થીઓ પોતાના અનુકૂળ સમયે જોઈને શીખી શકે છે.
- તા.૧૧થી ૧૫ દરમિયાન મૈત્રી ટ્રસ્ટ-સુરત દ્વારા આયોજિત ક્વિઝ સ્પર્ધામાં શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી વિશાલભાઈ જોશી ભાગીદાર થયા.
- તા.૧૨ના રોજ જન્માષ્ટમી નિમિત્તે સારસ્વત ભવનમાં લોકભારતી પરિવારજનોની હાજરીમાં કૃષ્ણ જન્મોત્સવની ઊજવણી કરવામાં આવી.
- કોવિડ-૧૯ની કારણે વિદ્યાર્થીઓની અનુપસ્થિતિમાં સ્વાતંત્ર્ય દિન ઊજવણી સ્થાનિક રીતે કરવામાં આવી. શ્રી અરુણભાઈ દવેના

હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું અને ત્યાર બાદ તેઓએ ટૂંકું પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.

- તા.૧૬થી ૨૯ દરમિયાનના સમયગાળામાં સરકારશ્રીના આદેશ અન્વયે કોવીડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ લોકસેવા મહાવિદ્યાલયના ટી.વાય.બી.આર.એસ. અને એમ.આર.એસ.-૧ અને ૨ની સેમેસ્ટર એન્ડ પરીક્ષાઓ સંપન્ન કરવામાં આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૧૯ના રોજ લાખાવાડ મુકામે મગફળીના પાકમાં, તા. ૨૨ના રોજ પરવડી મુકામે તલના પાકમાં તેમજ તા. ૨૬ના રોજ ટીમાણા મુકામે એરંડાના પાકમાં અગ્ર હરોળ નિદર્શન ખેડૂતોના ખેતર પર આપવામાં આવ્યા.
- લોકભારતી કાર્યકરોની કો-ઓપરેટીવ સોસાયટીની સામાન્ય સભા તા.૨૦ના રોજ શ્રી ધીરુભાઈ રાઠોડના પ્રમુખસ્થાને સ્મૃતિભવનમાં યોજાઈ ગઈ, જેમાં મંત્રી શ્રી પિનાકિનભાઈ પંડ્યાએ હિસાબો અને અહેવાલ રજૂ કર્યા.
- તા.૨૦ના રોજ શ્રી વિક્રમભાઈ દેસાઈએ છતીસગઢ કામધેનુ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત ‘દૂધાળા પશુઓની ઉત્પાદન ક્ષમતા વધારવી’ વિષય પર વેબિનારમાં ભાગ લીધો.
- માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા પીએમ કિસાન યોજના અંતર્ગત લાઈવ ટેલિકાસ્ટનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પર કરવામાં આવ્યું.
- તા.૨૫ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામે આવેલા કૃષિ કેન્દ્રના વિકાસ પ્રોજેક્ટ અન્વયે રૂબરૂ સ્થળ મુલાકાતે શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમેશભાઈ ખેર અને શ્રી ડાહ્યાભાઈ સેંધવ જઈ આવ્યા. મહુવાથી શ્રી અજિતભાઈ જાદવ અને મણારથી ડૉ. વીરેન્દ્રસિંહજી તથા તેની ટીમ પણ માર્ગદર્શન અર્થે આ સ્થળમુલાકાતમાં આવ્યા. આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ડીન તરીકે સેવાઓ આપી નિવૃત્ત થયેલા ડૉ. બોરડ સાહેબ પણ એક શુભેચ્છક તરીકે સાથે જોડાયા.
- તા.૨૬ના રોજ એસ.એસ.આઈ.પી. સેલ-ગાંધીનગર દ્વારા આયોજિત હેન્ડ હોલ્ડિંગ સેશન ઓન એસ.એસ.આઈ.પી. ગ્રાંટ વિશેની મિટિંગમાં શ્રી યોગેશભાઈ ત્રિવેદી ભાગીદાર થયા.
- તા.૨૯ના રોજ માઈક્રોસોફ્ટ ટીમ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી-ગાંધીનગર દ્વારા આયોજિત વેબિનારમાં શ્રી કુમારભાઈ પુરોહિત, શ્રી શ્રીધરભાઈ ગજ્જર અને શ્રી કાંતિભાઈ ગોઠી ભાગીદાર થયા.
- તા.૨૯ના રોજ રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી અને લોકભારતીના શુભેચ્છક મા. શ્રી વિભાવરીબહેન દવે અને ભાવનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી બરનવાલજી તથા આત્મા પ્રોજેક્ટના અધિકારીઓશ્રીઓની ટીમ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગઈ.
- કોવિડ-૧૯ની કારણે વિદ્યાર્થીઓની અનુપસ્થિતિ હોવાને કારણે તેમ જ કોઈ સામાજિક-શૈક્ષણિક કાર્યો યોજવા પર પ્રતિબંધ હોવાને કારણે તા.૨૯મીના પૂ. મનુભાઈ પંચોળી ‘દર્શક’ વ્યાખ્યાનમાળા અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ ચાલુ સાલ ન યોજાઈ શકાયો. પરંતુ આ દિવસે સાયં પ્રાર્થનાના અનુસંધાને દર્શકની પ્રસિદ્ધ સાહિત્યિક કૃતિ ‘દીપનિર્વાણ’માંથી એક પ્રસંગ અને દર્શક દ્વારા લોકભારતીના સ્થાપના કાળે લખાયેલ એક કાવ્યનું વાચન કરવામાં આવ્યું અને એ રીતે દર્શકનું પુણ્ય સ્મરણ કરવામાં આવ્યું.
- તા.૩૦ના રોજ લોકભારતી વ્યવસ્થાપક મંડળની એક બેઠક મળી જેમાં વ્યવસ્થાકીય બાબતો ચર્ચવામાં આવી અને યોગ્ય વહીવટી નિર્ણયો કરવામાં આવ્યા.
- ગુજરાત અને દેશના પ્રમાણમાં લોકભારતીની આજુબાજુના થોડા વિસ્તારમાં વરસાદ વરસવાની પદ્ધતિ ગત વર્ષની જેમ જ આ વર્ષે પણ એવી રહી છે કે સીંદરી નદીમાં હજી પૂર આવ્યું નથી.

પણ ધીમી ધારના સતત વરસાદને લીધે ધરતી ધરાઈ ગઈ છે અને ડુંગરાઓમાંથી પાણી નીતરવા લાગ્યું છે. ઑગસ્ટના છેલ્લા દિવસોમાં આપણાં તળાવડાંઓમાં ધીમી ધીમી પાણીની આવક શરૂ થઈ છે. ગત સાલની જેમ જ સાતેય તળાવડાંઓ ભરાઈ ગયાં છે.

- લોકભારતી ગોશાળા ખાતે શ્રી નિગમભાઈ શુકલના માર્ગદર્શન હેઠળ શ્રી વિક્રમભાઈ દેસાઈ તથા શ્રી જગદીશભાઈ કંટારીયાની જવાબદારી નીચે સાયલેજ બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી. જેમાં અંદાજે ૨૭૦૦ મણ લીલી જુવાર સાયલો પીટમાં ભરવામાં આવી. તેમજ હજુ ૧૩૦૦થી ૧૫૦૦ મણ લીલી જુવાર ભરવામાં આવશે. આ કામમાં લોકભારતીના કાર્યકરો તથા પરિવારજનોના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ટેલિફોનિક હેલ્પલાઈનની મદદથી ૩૫૪ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું.
- શ્રી અરુણભાઈ દવે આંબલા-માઈધાર ચાલી રહેલાં બાંધકામો જોવા- સમજવા જઈ આવ્યા. તા. ૫મીએ પ્રાર્થનાના અનુસંધાને બ્રહ્માંડના ગવર્નિંગ ફોર્સ- આ ચૈતન્યસભર સૃષ્ટિના રચિયતા સંદર્ભે રસપ્રદ વાતો કરી. તા. ૧૬મીએ નવી શિક્ષણ નીતિ સંદર્ભે ડૉ. વિશાલ ભાદાણી સાથે વેબીનારમાં સંબોધન કર્યું. પરંપરાગત ઉજવાતા આ માસના ઘણા ઉત્સવો ઉજવી શકાયા નહીં. ગાંધીભારતી કેન્દ્રના અને તલાવડાં અને તેની નવી કેનાલના કામોમાં અતિ વ્યસ્ત રહેલા શ્રી અરુણભાઈ દવે તલાવડાં ભરાઈ જવાથી ઘણી રાહત અનુભવી રહ્યા છે !

### આંબલા સમાચાર

- તા.૦૨ના રોજ શ્રી અરુણભાઈ દવે તથા શ્રી કાંતિભાઈ ગોઠી સંસ્થામાં ચાલતા બાંધકામનું નિરીક્ષણ કરવા માટે આવી ગયા.
- એસ.એસ.સી. તથા એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાના સારાં પરિણામ બદલ શ્રી અરુણભાઈ દવેએ કાર્યકરોને અભિનંદન પાઠવ્યા.
- તા.૦૩ના રોજ આ. શ્રી લાલજીભાઈ નાકરાણીના હસ્તે સંસ્થા પરિવારની ઉપસ્થિતિમાં નવા કાર્યાલયનું દીપ પ્રાગટ્ય કરી શાંતિપાઠ કરી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- તા.૦૪ના રોજ શ્રી પિનાકિનભાઈ મકવાણાના આર્થિક સહયોગથી વિદ્યાર્થીઓને ૫૦ ટકાના રાહત દરે બે જોડી ખાદીનું કાપડ આપવામાં આવ્યું. સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે.
- તા.૩૧ના રોજ વ્યવસ્થાપક મંડળની બેઠક આંબલા મુકામે શ્રી સુરસંગભાઈ ચૌહાણની અધ્યક્ષતામાં મળી ગઈ.
- સેકન્ડરી તથા હાયર સેકન્ડરી કેમ્પસ પર સ્ટાફ ક્વાર્ટરનું કામ તેમજ બ્લોક નાખવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.
-

### મણાર સમાચાર

- 'ગુજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ' નિમિત્તે યોજાયેલ કોવિડ-૧૯(વૈશ્વિક મહામારી)માં 'વ્યક્તિગત- સામુદાયિક સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી' વિષય ઉપર યોજાયેલ ઓનલાઈન કાર્યશાળામાં એન.એસ.એસ. ઓફિસર કંચનબહેને ભાગ લીધો અને સર્ટિફિકેટ મેળવ્યું.
- જુલાઈ-૨૦માં ધો.૯થી ૧૨ની ઓનલાઈન પ્રથમ માસિક કસોટી યોજાઈ ગઈ, તેનું પરિણામ ઓનલાઈન જે તે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને આપવામાં આવ્યું.
- પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા આ વરસે કોવિડ-૧૯ને કારણે બંધ કરવામાં આવી. પરંતુ સ્વ. મૃદુલાબહેન પી. મહેતાની સ્મૃતિમાં સ્થાનિક કક્ષાએ સામાજિક દૂરીની કાળજી રાખીને સામૂહિક પ્રાર્થના આ. શ્રી પ્રવીણભાઈ મહેતા અને

નિયામકશ્રીના ટૂંકા વક્તવ્ય સાથે યોજવામાં આવી.

- જન્માષ્ટમીપર્વ નિમિત્તે આચાર્યશ્રી ડાયાભાઈને ઘેર 'કૃષ્ણ-જન્મોત્સવ' ઊજવવામાં આવ્યો. હીંડોળા દર્શન, કૃષ્ણ જન્મોત્સવને લગતાં ગીતો, ભજનો, ધૂન દ્વારા મણાર લોકશાળા પરિવાર રાધા-કૃષ્ણમય બન્યો.
- ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કોવિડ-૧૯ના નિયમોને ધ્યાનમાં રાખી ઊજવવામાં આવી. આ વરસનું ધ્વજવંદન શ્રી સુરસંગભાઈના વરદ હસ્તે યોજવામાં આવ્યું. રાષ્ટ્રભક્તિના સુરીલા ગીતો વચ્ચે ધીમી ધારે વરસતો વરસાદ અને સવારના સુરમય વાતાવરણે સૌના હૃદયમાં રાષ્ટ્રપ્રેમ ભરી દીધો.
- તા.૨૭ અને ૨૮ના રોજ ધો.૯થી ધો.૧૨ની ઓનલાઈન કસોટી યોજવામાં આવી.
- તા.૨૯ના રોજ પૂ. મનુભાઈ પંચોળી(દર્શકદાદા)ની પુણ્યતિથિ સ્થાનિક કાર્યકરો અને પરિવારજનોની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવી. શ્રી પ્રવીણભાઈ મહેતા અને સુરસંગભાઈ દ્વારા પૂ. દર્શકદાદાના સંભારણાં તાજાં કરવામાં આવ્યાં.
- ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા મુકામે તા.૩૦ના રોજ વ્યવસ્થાપકોની મિટિંગ યોજાઈ ગઈ. તેમાં રોજ-બ-રોજના નાના-મોટા પ્રશ્નો ઉકેલવામાં આવ્યા તથા આગામી કાર્યક્રમો વિશે વિચારણા કરવામાં આવી.

## શ્રદ્ધાંજલિ

- લોકભારતીના ટૂંકાગાળાના અધ્યાપક, વિચાર વલોણાના સ્થાપક-સંચાલક-પ્રકાશક, અનેક વિદ્યાર્થીઓના વત્સલવાલી, હરતી-ફરતી પુસ્તકોની પરબ અને ગ્રામ ટેક્નૉલૉજીના નિષ્ણાંત એવા શ્રી સુરેશભાઈ પરીખનું વલ્લભવિદ્યાનગર ખાતે તા. ૨૮-૦૭-૨૦૨૦ના રોજ ૮૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે.
- લોકભારતીના ૧૯૫૭ના સ્નાતક અને ગાંધીવિચારના અભ્યાસુ, શિક્ષક, લેખક, અનુવાદક તથા બહોળો ચાહકવર્ગ ધરાવતા શ્રી મોહનભાઈ દાંડીકરનું તેમના વતન દાંડી ખાતે ૮૮ વર્ષની વયે તા. ૨૧-૦૮-૨૦૨૦ના રોજ દુઃખદ અવસાન થએલ છે.
- લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને ઘરે ઘરે તથા શાળાએ શાળાએ પુસ્તકાલયો પોતાના ખર્ચે વસાવી આપનાર તેવા માતૃભાષાના પ્રખર પ્રચારક શ્રી પ્રતાપભાઈ પંડ્યાનું તા. ૨૫-૦૮-૨૦૨૦ના રોજ તેમના વડોદરા નિવાસે ૮૨ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી અને શિક્ષક તરીકે જીવનભર કાર્યરત શ્રી કિશોરભાઈ નાનજીભાઈ ત્રિવેદીનું ૮૪ વર્ષની વયે તા. ૨૫-૦૮-૨૦૨૦ના રોજ કોરોનાની ટૂંકી બીમારીમાં ભાવનગરની હોસ્પિટલ ખાતે અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.